કુમાર


સંસ્થાપક · રવિશંકર રાવળ

૪૫૩
સપ્ટેમ્બર '૬૧

તંત્રી · બચુભાઈ રાવત



આશ્રય
જગનામી ફ્રેન્ચ શિલ્પી
રોદાંની કૃતિ ઉપરથી



માનવતી

બહાર આકાશમાં સળવળતી વીજળી વિફરેલી વર્ષાનો મિજાજ દાખવે છે; અંદર એવું જ વસમું રૂસણું જાગ્યું છે; ઘરની છેક અંદરનો ભાગ પણ દેખાય એવી રીતનું બગીચા વચ્ચે ઝૂલતી અગાશીનું આલેખન; એમાં બેઠક પર ત્રણે જુદીજુદી રીતે બેઠેલાં પાત્રો; અને નીચે પડેલાં (પણ) પાત્રો; ને એ જ ઘરની ઉપલી અગાશીમાં જુદા જ મનોભાવે વર્ષાને માણતી સખીઓ... આ સર્વનું સમ્યક્ સંયોજન, અને એમાં લાલ લીલા ને આસમાની રંગોની સમભાર વહેંચણી. પ્રાચીન ભારતીય કલાકારની સંયોજના-સૂઝ દાખવતો આ એક નમૂનો છે. (લેડી ચિનુભાઈના સંગ્રહમાંથી—'અંગના'ના સૌજન્યથી)



કુમાર સપ્ટેમ્બર ૧૯૬૧ · અંક ૪૫૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્યઘડતર પ્રેરતું આજનું માસિક

વાચકો લખે છે.

જાણવાજોગ બધી જ બાબતોમાં 'કુમાર'-ની પહેલ હોય છે. થોડા જ વખત પર શતરંજની સામગ્રી આણી પણ એ રમત અંગેના નિયમોની જાણ નહોતી. ગયા અંકમાં એના વિષેનો લેખ વાંચી ખૂબ આનંદ થયો.

'કુમાર'માં નવા વિભાગો શરૂ થતા જાણ્યા છે. હું એક સૂચવું? 'સાચાં શમણાં' નામક વિભાગમાં,આવેલાં સ્વપ્નો ખરાં પડયાં હોય એવાં વાચકોનાં લખાણ મંગાવી છાપો તો એ રસપ્રદ થઇ પડશે. આ બુદ્ધિવાદના જમાનામાં યે રહસ્યલોકમાં એક યા બીજી રીતે માનનારા ઘણા છે. સ્વપ્નોનું તો મનોવૈજ્ઞાનિક મહત્ત્વ પણ સ્વીકૃત છે. વિચારશો. 'ઍલિબાઇ' વાર્તાનો સસ્પેન્સ જોરદાર નીવડયો. બીજા અંકની રાહ જોઉં છું. આ તો ભારે સજા કહેવાય! 'Crime' જેવાંમાંથી આવી વાર્તાના અનુવાદો અપાય તો યે સરસ.હિન્દી ને બંગાળીમાં આવી વાર્તાઓ ખૂબ લખાય છે.

(બીલીમોરા) —હેમન્ત દેસાઇ

મચ્છી અને દૂધ સાથે લેવાથી રક્તપિત્ત અને કોઢ થતો હોઇ વહોરાઓમાં પરાપૂર્વથી તેનો નિષેધ છે. ઘણી વખતે હોસ્પિટલોમાં મચ્છી-દૂધ સાથે અપાતાં જોઇ આવી માન્યતા માટે ખોટા વહેમનો ભ્રમ થએલો. 'કુમાર'થી માન્યતાને સમર્થન મળ્યું છે.

'હિતચર્યા'ને લગતો એક પ્રશ્ન છે: તાંબાના વાસણનું વાસી પાણી વહેલી સવારે નાક વડે પીવાની આરોગ્યપ્રદ સલાહ ઘણે ઠેકાણે વાંચી છે. વાસણ કલાઇવાળું ચાલે? પાણી એક જ શ્વાસે પીવું કે ટુકડેટુકડે?

(મુંબાઇ) —શબ્બીર હિલેર

[*કલાઇવાળું હોય તો તાંબાનો ગુણ મળે?]

અંક ૩૭૭ના પાન નં. ૧૯૬માં હીંચ તાલ તથા ખેમટા તાલોની ચર્ચા શાંતિબેન બરફીવાળા કૃત સંગ્રહ 'રાસકુંજ'ની ૩જી આવૃત્તિમાં થઇ છે. તેમ હું તબલા શિખાઉને માટે હીંચ તથા ખેમટાના બોલ આપું છું અને વિવેચકો મારા મોકલેલા આ તાલોની વિવેચના પણ કરશે એમ માગું છું. (૧) હિંચ તાલ—

ધીં નગી ના | તીં નક તા : માત્રા ૬ ભાગ ૨
×　　　　　　o

અને (૨) ખેમટા તાલ

ધાગ્ ધીન્, ગીન　ધાગ્ તીન કીન
×૧　૨　૩　　૪　૫　૬

(મુંબાઇ) . —ગોપાલ બારોટ

૩૦૭ ('કુમાર' અંક ૪૫૩)

જુલાઈ અંકમાં ૧૯૦૯ની સાલની સાહિત્ય પરિષદની સમૂહ-છબી પ્રગટ કરી છે તેમાં આપે બાવન વર્ષ પૂર્વેનો ઇતિહાસ દષ્ટિ સમક્ષ લાવવા પ્રયાસ કરેલો છે, જે બદલ હું આપશ્રીને ધન્યવાદ પાઠવું છું. તે છબીમાં મારા સ્વ. પિતાશ્રી શ્રી જયસુખરાય પુ. જોષીપુરાનો ૧૨ નંબરનો ફોટોગ્રાફ છે.તેમાં તેમના નામ પાછળ '?' મૂકેલો છે. તો તે મારા પિતાશ્રી જયસુખરાય જોષીપુરા, એમ.એ., અને વડોદરાના એક સમયના વિદ્યાધિકારી હતા તે જ છે. આપની શંકા આ પત્રથી દૂર કરું છું. તેઓએ લગભગ ૩૫ થી ૪૦ પુસ્તકો લખેલાં છે, જે વડોદરા લાયબ્રેરીમાં મોજૂદ છે. તેમનું છેલ્લું પુસ્તક ૧૯૫૧–૫૨માં 'રાયજી સાહેબ' કરીને બહાર પડયું છે અને અત્યારે પણ 'મધુધારા' નામનો અપ્રગટ કાવ્યસંગ્રહ તૈયાર છે. તેઓશ્રીએ 'સ્મરણાંજલિ', 'નવમાલિકા' વગેરે કાવ્યસંગ્રહો બહાર પાડેલા છે. તેમના એક જ્યેષ્ઠ પુત્ર શ્રી બકુલ જોષીપુરા અમદાવાદમાં જ છે ને તેમણે થોડા કાવ્યસંગ્રહો બહાર પાડેલા છે.

(પોરબંદર) —પ્રદ્યુમ્ન જોષીપુરા

'કુમાર'માં આવતી કવિતાઓ ખરેખર ઘણી જ સરસ ને ભાવવાહી હોય છે. ફેબ્રુઆરીના અંકમાં આવેલી સાકિન કેશવાણીની 'જીવ છે' નામની ગઝલમાંની

'ઝંખી રહ્યું છે તુજને ઉજડતું કોઇ ચમન;
સરિતા! તને અમસ્તો આ દરિયામાં જીવ છે.'

એ પંક્તિ મે અંકમાં 'મોમીન'નામે જોવા મળી. તો શું 'મોમીન' અને 'સાકિન કેશવાણી' એક જ છે, કે ક્યાંક કંઈ ભૂલ થઈ ગઇ છે?*

આપ ઉર્દૂ શાયરો (દા. ત. શકીલ બદાયૂની સાહિરલુધિયાનવી)ની ગઝલો ન છાપી શકો? તો વાચકો ઉર્દૂ ભાષાની મીઠાશ માણી શકે.

(અમદાવાદ) —નવીન મહાદેવિયા

[*અમારી જ ભૂલ થઈ છે. ભાઇ 'મોમીને' અમને લખેલા એક અંગત પત્ર નીચે પોતાને ગમેલી પંક્તિ તરીકે તે અવતરિત કરેલી, તે અમે જ ગફલતથી તેમની પંક્તિ તરીકે છાપી હતી. એ બાબત ભાઈ કેશવાણી તથા 'મોમીન' બંને તરફથી અમને ક્ષમા મળી ગઇ છે. ઉર્દૂની ફાળ હજી અમારા ગજા બહારની છે.]

ફોટોગ્રાફીને લગતી જે લેખમાળા શ્રી ગોવિન્દ મેવાડા લખતા હતા તે જો આપ પુસ્તકાકારે પ્રસિદ્ધ કરો તો ઘણા ફોટોગ્રાફરો, જે એ વિષયને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન જાણવા માગે છે તેઓને સારી રીતે ઉપયોગી થઈ શકે.

(ભુજ) —રમણિક શાહ

૪૪૪મા અંકમાં 'પાનની સુગંધી ગોળીઓની જે ફૉર્મ્યુલા છપાઈ છે તે 'ગૃહમાધુરી' માર્ચ ૧૯૫૫માં અક્ષરશ: આવી ગઈ છે. આવા જાણવાલાયક ઉતારા છપાય તો તે લાભ 'કુમાર'ના વાચકોને મળે. તે જ રીતે ગૃહઉદ્યોગો જેમાં રોજિંદી ચીજો વગર મશીને એકાદ-બે માણસોથી પણ ઉત્પાદન કરી શકાય તેવો વિભાગ 'કુમાર'માં રાખવામાં આવે તો તેનો લાભ ઓછી મૂડીમાં રોજી મેળવી શકવામાં થોડું શીખેલા માણસોને પણ મળે.

(મુંબાઇ) —કાન્તિલાલ શેઠ

ડિસેમ્બર અંકના 'કંકાવટી' વિભાગમાં આપેલી 'પાનની સુગંધી ગોળીઓ'માં જણાવેલું જાવંત્રીનું પ્રમાણ વધુ લખાયું લાગે છે.

(કલકત્તા) —રમણિક મેઘાણી

અંક ૪૫૨માં 'ઍલિબાઈ' વાર્તામાં ૧૨મા પ્રકરણની શરૂમાં 'તા. ૬ મે' લખી છે; જ્યારે કૉલેજો માર્ચના છેલ્લા અઠવાડિયામાં બંધ થાય છે.

(મુંબાઈ ૨૮) —નિતીન શાહ

ઑગસ્ટના 'કુમાર'માં શંકરદેવ વિદ્યાલંકારનું 'નૈવેદ્ય' વાંચ્યું ત્યારે ટાગોર શતાબ્દી દરમ્યાન એક વ્યાખ્યાનમાં સાંભળેલું યાદ આવ્યું:

કવિવર ટાગોરના પુસ્તક 'નૈવેદ્ય'ના જે શબ્દો અંધ વૃદ્ધની પુત્રી ઉપર જાદુની અસર કરી ગએલા ને જે શબ્દો દ્વારા એ વિધવાએ સાંત્વન મેળવેલું તે શબ્દોનો ભાવાર્થ કંઈક આવો હતો : 'હે ઈશ્વર, તું મને આઘાત પહોંચાડે તો પણ એ બહાને થએલો તારો સ્પર્શ મને કબૂલ છે. હું એ રીતે પણ તારો સ્પર્શ મેળવી ખુશી થઈશ.'

સૂરદાસ આ વાત કવિવરને કહી રહ્યો હતો ત્યારે કવિવરની આંખમાંથી આંસુ ટપકતાં હતાં.

(મુંબાઇ) —લીલાધર માણેક

હમણાં જૂની ફાઇલો વાંચતાં એક અંકમાં આપણા ભૂતકાળના ટેસ્ટ ક્રિકેટર માંકડ ને મરચંટ વિષે વાંચ્યું. એક 'કુમાર'માં આપણા હૉકી કૅપ્ટન ધ્યાનચંદ વિષે વાંચ્યું. મને લાગે છે કે એક રમતગમતનો વિભાગ જ આપશો તો 'કુમાર' વધુ લોકપ્રિય બનશે.

(મહુવા) —વસંત ભૂ. જોશી

[* સાધિકાર લખનારને માટે અમારાં પાનાં ખુલ્લાં છે—બલ્કે અમારું આમંત્રણ છે.]



શિવપાર્વતી (અગિયારમી સદીનું શિલ્પ)

માનવદેહનું આબેહૂબ નિરૂપણ કરનારા ગ્રીક-રોમન શિલ્પ કરતાં પ્રાચીન ભારતીય શિલ્પની વિશેષતા છે તેના લલિત તત્ત્વની. અજંતાની સ્ત્રીઓની આંગળીઓ એ લાલિત્યનિરૂપણ કાજે જ વધુ પડતી વાળેલી હોય છે. ઘસાઈ ગએલા આ શિલ્પમાં ભલે એની વિગતો નહિ મળે, પણ શિવ-પાર્વતી બંનેના દેહવિન્યાસની રેખાઓમાં લાલિત્યનો પ્રવાહ તો વહેતો સ્પષ્ટ જણાય છે. માટે તો અહીં ખજૂરાહોનાં ખંડેરોમાં એક કાળે રખડતો એ ટુકડો આજ ફિલાડેલ્ફિયાના કલા-સંગ્રહસ્થાનને શોભાવી રહ્યો છે.



ધોળાં ગુલાબ
*
ચિત્રકાર વાન ગૉઘ
*
ઘેરી લીલી પશ્ચાદ્ભૂમાંથી ઊડી આવતા પુષ્પરાશિની ચોટદાર છાપ ઉપાડતા આ ચિત્રની મૂળ રંગભભક દિલને જકડી લે એવી છે.

જગતભરમાં જેમની નામના છે, અને જેમનાં ચિત્રો લાખો રૂપિયાની કિંમતે વેચાય છે એ પશ્ચિમના પાંચ અગ્રણી કલાકારોની, એક ખાનગી કલાસંગ્રહમાંની ચુનંદી કૃતિઓ પૈકીની એક આ ઉપર આપી છે. (જુઓ 'કલાવાર્તા') બાકીની પિકાસો, ગૉગીં તથા દુરેનની કૃતિઓ આ અંકના છેવાડાની આર્ટ પ્લેટ ઉપર આપી છે.

સાવન વરસ્યે જાય

· ગાન ·

આ સાવન વરસ્યે જાય.
જોવનનાં રૂપ લિયે લહરિયાં ઝલમલ ઝલમલ થાય.

દૂર મોરલો ટૌકે, ઊઠે રોમરોમ તુજ રણકો,
ગાલ તણી ગુલપાંખડીઓમાં અનિલ શો રહે ફરકયો!
પાલવ આડે ઘટમાં જાણે રૂપ છલક છલકાય.

તારી આંખો સાથે જોને આસમાન ટકરાતું,
વીજળીઓ કૈં ખરતી શું ને તેજ બધે ઊભરાતું!
પાંપણના પલકારે પલ પલ રૂપ થકી રંગાય.

તું વળતી ને આભે જાણે રંગધનુષ પણ વળતાં!
ઝરમર કરતાં વાદળ તારી ચોગમ જાણે તરતાં!
પગલે પગલે રૂપ ભરે? કે ઢોળે?—ના સમજાય:
આ સાવન વરસ્યે જાય.

ચન્દ્રકાન્ત શેઠ

આરત

· શિખરિણી ·

હું જાણું: બે શબ્દો મધુમય ઉપાલંભથી ભર્યા
વદું, વા રિસાઇ ઘડીક કંઇ કાર્યે લીન થવા
મથું, ને જોઉં ના નયન કરી ઊંચાં પ્રિય! તને;
તું જિતાઇ જવા હસતી નકી આવે મુજ કને.
ન કે એવી તારી ઉરઊલટનો કૈં અણગમો
મને; કિંતુ મારું હૃદય (ગત જન્મે શું ખડક?)
લહીને સંતૃપ્ત શત શત ઝરા રૂપ હરખ
વહેશે, જો તારી પ્રીતની રીત લે આમ પલટો:

મને પૂછ્યાગાછ્યા વિણ (ન મુજ હો સંમતિ પૂરી)
તું ઝંઝા શી ઘેરી મુજ ગગન લે, વારિસભર
છુપ્યા હૈયે તારે ઘન જકડીને ઝીંક વસમી
અરી દે—મારું આ સકલ જઉં અસ્તિત્વ વીસરી!
અપેક્ષા ના તેથી મુજ ઇજનની રાખીશ કદા,
કહું છું આ તે યે તુજ થકી છુપાવીશ હું સદા!

જશવંત લ. દેસાઈ

શ્યામ પધાર્યા

· ગાન ·

સખિરી! શ્યામ પધાર્યા શમણે.
હરખભરી મેં કા'ન કુંવરને પોંખ્યા મલકત નયણે.

પીતાંબર સોહે રઢિયાળું અંગ બકુલ ફૂલમાળા,
શોભત રૂડા મોરપિચ્છથી કેશ કશા લટિયાળા!
સાવ સખી! હું ભાન ભૂલી બે નયનના વશીકરણે.

આસન દેવું યે ભૂલી, ને નવ જલ-તાંબુલ દીધાં,
અધઘેલી થઇ આંખલડીથી મેં અધરામૃત પીધાં;
એમ સખી! બસ વદન નીરખતાં ચંદ્ર ગયો આથમણે.
સખિરી! શ્યામ પધાર્યા શમણે.

'તુષાર'

નિરાકારનું ગીત

· ગાન ·

આજે તો હું કાંઇ નથી, પણ કાલે તારે દ્વાર
નાનો અમથો છોડ થઇને મ્હેકું સાંજસવાર!

હવામહીં ઝૂલે છે આજે મનની છાની માયા,
કાલ સવારે ફોળા ઊડશે કેવી કોમળ કાયા!

આજે તો હું કાંઇ નથી, પણ કાલે તારે દ્વાર
પંખી થઇને આવું ને હું છેડું કંઠ-સિતાર!

આજે તો જે રહ્યું અગોચર એનું કાલે રૂપ
ગાઇ ઊઠશે પછી નિરંતર વાણી મારી ચૂપ.

આજે તો હું કાંઇ નથી, પણ કાલે તારે દ્વાર
આવું ને તું જો કે કેવો કિલ્લોલે સંસાર!

સુરેશ દલાલ

હોય છે

· ગઝલ ·

બન્ને તરફ પ્રણયની એ તાસીર હોય છે,
સ્મિત હોઠ પર ને નેનમહીં નીર હોય છે.
તુજ દિલ નહીં તો તારી કૃપા મેળવી લઇશ,
ખુશ્બૂ કદી ક્યાં ફૂલની જાગીર હોય છે?
યૌવન તણા વિકાસની તુજને ખબર નથી,
પાંગરતી વેલમાં ય અજબ ધાર હોય છે.
વીંધે જિગર તો ન્યાય ન તોળી શકે જગત,
એવાં અદીઠ એની કને તીર હોય છે!
તુજ આંખડીનો દોષ નથી કાઢતું કોઇ,
ને હું સુરા જો પીઉં તો તકસીર હોય છે!
કડવા અનુભવોની મહત્તા ય કમ નથી,
જીવનને કાજ ઝેર પણ અકસીર હોય છે.
તુજ મૌન મારાં ગીતનાં એંધાણ તો નથી?
તોફાન પ્હેલાં સિંધુ યે ગંભીર હોય છે!
રસ્તાની ધૂળ કાં ન ચડાવું હું શીશ પર?
થાકેલ કાફલાની એ તસવીર હોય છે.
ભમતો રહ્યો સિતારો સદા મારી સાથસાથ,
મારે જ પગલે ચાલતું તકદીર હોય છે.
કંટક અને ગુલાબને ચાહું છું ન્યાયસર,
'સાકિન'! હૃદયના ભાવ જહાંગીર હોય છે.

'સાકિન' કેશવાણી

ભેદ

હે ચરણ! વેરાનમાં પાછાં ફરો.
બાગમાં આવ્યા પછી સમજાય છે:
એ જ ડગલાંમાં હૃદય કંપી ઊઠ્યું,
કંટકો વાગે, ફૂલો ચગદાય છે.

મનહર મોદી

સ્મૃતિ

· પરંપરિત હરિગીત ·

સૂર્યને પણ સાવ સંતાડી શકે
એવી અતલ અંધારઘેરી રાત!
ત્યાં આછી બિચારી
બીજનું તે શું ગજું?
તો ય પેલું એક ફિક્કું સ્મિત
જરા ફરકી જતાં
રોમાંચથી કેવી હજી યે
આ હવા ડંખ્યા કરે!
કેવી તિમિરમાં યે હજી
એની તરલ છાયા તરે!

વિનોદ અધ્વર્યુ

વિદાય

· મિશ્ર ·

વસંતના વ્યાકુલ વાયુહૈયે
સુગંધભીની ઋજુ અંગુલિથી
'હું જાઉં છું' શબ્દ વિદાયના લખી
ખરી ગયું વૃંતથી એક ફૂલ.

નલિન રાવળ

મોજડી

· પરંપરિત હરિગીત ·

સાંજને ટાણે
નિહાળી ઘર નજીકમાં
સૂર્ય પણ છોડી રમત દોડી ગયો;
ઘેલો કશો!
વાદળ પરે આ લાલરંગી મોજડી
રસ્તામહીં ભૂલી ગયો!
લેવા હવે એ તો પ્રભાતે આવશે;
પણ શું થશે
ત્યાં રાતનો અંધાર
(કાળો ચોર)
એને લઇ જશે તો?

ગીતા પરીખ

મનોગતિ

· મિશ્ર ·

આષાઢનાં આ ઘનઘોર વાદળો
રચી રહ્યાં આકૃતિ અંગભાવન;
ગ્હેકી ઊઠ્યા શા સ્મૃતિમોરલાઓ
કેકારવે દર્દભરેલ, સાવન!
ને આભથી ઝરમર જાય છે ઝરી,
ફોરંત શી ગંધ વસુંધરાની!
ભીંજાય રે ભીતર: થાય આર્દ્ર.
શાં વાદળો–વર્ષણ–ગંધ–અંતર
અભિન્ન સૌ; ભિન્ન કરી મનોગતિ!

'શશીશિવમ્'

આજથી ત્રીસેક વર્ષ પહેલાં ભારતની સ્વાતંત્ર્ય-લડતમાં કાર્ય કરનાર એ અંગ્રેજ છેલ્લા ત્રણ યુગના એક પ્રખર નૃવંશ-શાસ્ત્રી ગણાય છે ને એક મર્મજ્ઞ અભ્યાસી, કવિ ને આદિવાસીઓના

ઈ. ૧૯૨૭ના ઉનાળામાં પચ્ચીસ વર્ષના યુવાન વેરીઅર એલ્વિન જ્યારે ભારત આવ્યા ત્યારે દુનિયા એમનાં ચરણોમાં ઝૂકતી હતી એમ કહીએ તો ચાલે. પાદરી તરીકેની ભવિષ્યની સોનેરી તક, ઝળહળતી કારકિર્દી, ઇંગ્લંડની ત્રણ જુદીજુદી કૉલેજોમાં ફેલોશિપ, અને ચર્ચ ઑવ ઇંગ્લંડના પરીક્ષક ચૅપ્લેઇન તરીકેની નિમણૂક—એ બધાંનો મોહ ત્યજી, અંતરના નાદને માન આપી એ ભારત આવવા નીકળી પડયા, અને થોડાં વરસો બાદ આદિવાસીઓ વચ્ચે જંગલોમાં જઇ એકજીવ થઇને રહ્યા. જો એ ઇંગ્લંડમાં જ રહ્યા હોત તો આજે પ્રિન્સ ઑવ ચર્ચનો હોદ્દો ભોગવતા હોત અને ડરહામ અથવા વિન્ચેસ્ટરના મહેલમાં માંનમરતબો ભોગવતા એક આદરણીય પુરુષ તરીકે પંકાતા-પૂજાતા હોત. પરંતુ આવી ફતેહમંદ સ્પૃહણીય કારકિર્દી ત્યજીને દેશ છોડી નીકળી પડવાની પાછળ માત્ર ત્યાગની જ ભાવના નહોતી. સાહસનો ય ભાવ ખરો. એમના પિતા આફ્રિકાના જંગલમાં મૃત્યુ પામેલા, અને એમની માતાને તો મનુષ્યભક્ષી લોકોએ હણી નાખેલાં! પૈસો પ્રાપ્ત કરવો, રાજકીય સફળતા મેળવવી, લગ્ન કરવાં, એમાં જ એમણે જીવનનું ઇતિકર્તવ્ય માન્યું નહિ. આત્મા ને બુદ્ધિ બંનેએ કબૂલ કરેલા ધ્યેયને પરિણામે જન્મતા સેવાકાર્યના આનંદને એમણે પ્રમુખ ગણેલો.

ઇંગ્લંડના કેન્ટ પરગણામાં ડોવર ખાતે ઈ. ૧૯૦૨ની ૨૯મી ઑગસ્ટે એમનો જન્મ. (જુઓ 'કુમાર' અંક ૯૧ માધુકરી વિભાગમાં 'ફાધર એલ્વિન') માતા મિની હોલમૅન ભારતમાં મરી મુકામે જન્મેલાં. પિતાએ પશ્ચિમ આફ્રિકામાં મિશનરી તરીકે જીવન વિતાવેલું, ને આડત્રીસ વર્ષની વયે જ 'યલો ફિવર'ની બીમારીથી મૃત્યુ પામેલા. વેરીઅર પબ્લિક સ્કૂલમાં ભણેલા જ નહિ. માતાનો દૃઢ મત, કે જાહેર શાળામાં દીકરો ભણે નહિ, પણ બાપની ઇચ્છા વેસ્ટમિન્સ્ટરમાં જઇ પાદરી થાય તેવી હતી, તો ઇવેન્જેલિકલ રીલીજીઅનને અનુસરતી ડીન કૉલેજમાં ભણે. વેરીઅરનું ત્યારનું ભણવાનું બધું ઢંગધડા વિનાનું હતું. પણ પ્રિન્સિપલે સલાહ આપેલી એટલે લાયબ્રેરીમાં જઇને વર્ડ્ઝવર્થ, શેક્સ્પીઅર ને બ્લેઇક વાંચતા. શાળામાં આગળ જતાં તો ખાસ્સાં ઇનામો ય મેળવેલાં. પછી ઑક્સફર્ડમાં ભણવા ગયા અને ત્યાં એમની પ્રતિભા ઝળકી ઊઠી. તે વેળાના ૧૯૨૧-૨૬ના સૌને મોહ પમાડે તેવા ઑક્સફર્ડના રોમાંચક વાતાવરણની તે શી વાત કરવી? ત્યાં એ ઝળકયા. અંગ્રેજી સાહિત્યના વધુ અભ્યાસ માટે તે યુનિવર્સિટીની સર્વશ્રેષ્ઠ 'ચાર્લ્સ ઓલ્ડહામ સ્કૉલરશિપ' મેળવેલી, ને ૧૯૨૪માં ફાઈનલ ઑનર્સમાં તો પ્રથમ આવેલા. એમના પિતાની મિસાલ એ પાદરી થવા જ સરજાયા હતા. પણ હૃદય કવિનું, એટલે સાહિત્યના ઊંડા અભ્યાસી. 'પોએટ્રી ઑવ રેવોલ્યુશન'ના મહાનિબંધ માટે તો 'મૅથ્યુ આર્નોલ્ડ' મેડલ મળેલો અને 'ઑક્સફર્ડ બુક ઑવ એઇટીન્થ સેન્ચરી વર્સ' કાવ્યસંગ્રહના મદદકર્તા સંપાદકકવિ તરીકે એમની વરણી થએલી. પછી વાઇક્લિફ હૉલના વાઈસ પ્રિન્સિપલ અને મર્ટન કૉલેજમાં અધ્યાપક થયા. ઑક્સફર્ડની આવી ઝળહળતી કારકિર્દી ઉપરાંત ત્યાંની બધી ધર્મવિષયક પ્રવૃત્તિઓના પણ પ્રમુખ હતા.

વેરીઅરે બાળપણ ભારતમાં જ (હિંદુસ્તાની ગાળો ખાઈખાઇને) વિતાવેલું. વળી પોતાના કુટુંબને ય ભારત જોડે ઝાઝો સંબંધ હતો. પિતા આફ્રિકા ખાતે મિશનરી હતા તે ખરું, પણ મા તો ભારતમાં જન્મેલાં, એટલે લોહીના કણેકણમાં હિંદનું ભારે ખેંચાણ; મહાત્માજીના અહિંસાવાદી આદર્શો અને ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા ટાગોરનો પણ ભારે પ્રભાવ; એટલે બ્રિટિશરોના અન્યાયનું કંઇક સાટું વાળવાની ઇચ્છા ખરી. બુદ્ધિ ઑક્સફર્ડ ભણી તાણે અને હૈયું ભારત ભણી. એમાં વિજય તો અંતરના અવાજનો જ થયો. એટલે પૂનામાં 'ક્રાઈસ્ટ સેવાસંઘ' નામે ચાલતી પ્રયોગશીલ એન્જેલિકન કમ્યુનિટીમાં જોડાવાનું એમણે ઠરાવ્યું. તે વખતે ફાધર જૅક વિન્સ્લો એ સંસ્થા ચલાવતા. પૌર્વાત્ય સંસ્કાર મંડિત ખ્રિસ્તી ધર્મ વિષે પણ એલ્વિનને ઘેલું લાગેલું અને પોતે ધ્યાન-યોગ વગેરે વિષે વાંચેલું પણ ખરું. પછી તો હિંદુ-ફિલસૂફીનો રીતસરનો અભ્યાસ શરૂ કર્યો. સને ૧૯૨૭ના સપ્ટેંબરમાં હિંદમાં આવી ખ્રિસ્ત સેવાસંઘમાં જોડાયા. અને ૧૯૨૯માં ફાધર વિન્સ્લો જતાં સંઘના વડા તરીકે નિયુક્ત થયા.

ત્યારે કૉંગ્રેસ ચળવળ પૂર જોશમાં ચાલતી, અને સંઘનો એ ચળવળને પૂરો ટેકો. એલ્વિન પણ તેમાં ભળ્યા. આને પરિણામે બ્રિટિશ શાસન વિફર્યું અને એલ્વિનની પ્રવૃત્તિ પર ચાંપતો ડોળો રાખવા માંડયો. ૧૯૩૦માં સરદાર પટેલે એમને ગુજરાતમાં 'ના-કર લડત' પ્રકરણ વેળાએ બોલાવી અગત્યની કામગીરી સોંપી. ત્યારે ય વેરીઅર હતા તો ખ્રિસ્તી ધર્મગુરુ જ; પરંતુ પછી નિર્ણય પર આવ્યા કે ખ્રિસ્ત સેવાસંઘ છોડી ગામડાંમાં જઈ ગરીબોની સેવા કરવી. એ અરસામાં જ શેઠ જમનાલાલ બજાજ પાસે એમણે પ્રથમ વાર 'ગૉન્ડ' શબ્દ સાંભળ્યો, અને એ જાદુઇ શબ્દે પાછળથી એમની સમગ્ર કારકિર્દી અને જીવન-વહેણ પલટી નાખ્યાં. મધ્યપ્રદેશમાં આવેલાં એ આદિવાસીઓનાં ગામડાંઓમાં જવાનો અનુરોધ થયો અને એમાં શામરાવ હિવાળેનો સાથ મળતાં ગૉન્ડ લોકો વચ્ચે જઈ આશ્રમ ખોલવાનું નક્કી કર્યું. સાથે એ પણ નક્કી કર્યું કે મિશનરી પ્રવૃત્તિ તો ન જ કરવી.

પરંતુ એ પગલું અંધારામાં ભુસ્કો મારવા સમાન હતું. પૈસા મળે નહિ, કામ કેમ શરૂ કરવું એની કશી સૂઝ નહિ કે નહિ કશી કલ્પના. હતી માત્ર એ કામ વિષેની શ્રદ્ધા. શ્રી જમનાલાલ બજાજે એમને બેટુલ ગામે જવાની સલાહ આપી. સાતપુડા ટેકરીઓમાં આવેલું એ ગામ. તેમાં કોરકુ અને ગૉન્ડ જાતિઓ વસે. બેટુલમાં ત્યારે આદિવાસીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થએલી. એલ્વિન એ પરિસ્થિતિથી વાકેફ થવા ગયા, પણ સાથી શામરાવ અભ્યાસ પૂરો કરવા એક વર્ષ ઇંગ્લંડ ગયા એટલે એ દરમિયાન તે આચાર્ય કૃપાલાણી જોડે મીરતમાં રહ્યા અને ખાદીપ્રચારનું કામ જોરશોરથી આરંભ્યું. પોતે ખાદીની મદ્રાસી ધોતી અને લાંબુ ખમીસ પહેરે. ગાંધીટોપી પણ પહેરતા ને ફરતા ઉઘાડે પગે! શ્રી જમનાલાલ બજાજને જેલમાં વેઠવાં પડતાં કષ્ટ જોઈ આત્મા કકળી ઊઠતાં એવું પણ લીધેલું. એક પાદરી થઇને આવા ધંધા કરે તે નાગપુરના બિશપથી ખમ્યું જાય નહિ. એ બિશપની લાગવગ ભારે. એણે ખૂબ ખટપટ કરી. અંતે એલ્વિને એ કામ પડતું મૂકયું ને ગાંધીજીને મળી એમના આશીર્વાદ લઈ મંડલા ડિસ્ટ્રિક્ટમાં કરંજીઆ ગામે અને ગૉન્ડ જાતિના બેટુલ ગામમાં જઈ રહ્યા. પાછળથી પાટણગઢ ખાતે સ્થાયી થયા. આ દરમિયાન જ એમણે પોતાનું બહુ જાણીતું થએલું પુસ્તક 'લીવ્ઝ ફ્રૉમ ધ જંગલ' લખ્યું.

વચ્ચે થોડો સમય લંડન જઈ આવ્યા. ત્યાં પણ ભારતવાસીઓ પ્રત્યે લોકોની સહાનુભૂતિ જગાવવા પ્રવચનો વગેરે કરતા. આ બધું કાંઇ ઇંગ્લંડની સરકાર સાંખે? એટલે ભારત પાછા ફરવા માટે પાસપૉર્ટ

દાયકાથી આદિવાસીઓની વચ્ચે જ વસી રહેલા સાંપ્રત હિતના જબરા પુરસ્કર્તા ને સંરક્ષક માનવતાવાદી મનાય છે.

જ ન આપ્યો; અને સર સૅમ્યુઅલ હોરની ભલામણથી જ્યારે એ મળ્યો ત્યારે ત્રણ શરતો મૂકવામાં આવી : એમણે ગૉન્ડ જાતિ અંગે જ કામ-કાજ કરવું, રાજકારણમાં ભાગ ન લેવો અને રાજકીય ચળવળ સંબંધી તેમજ સરકાર વિરુદ્ધ કશું લખવું નહિ. દીનબંધુ ઍન્ડ્રુઝે તો આવા શરત-પત્રક પર સહી કરવાની જ ના કહી. પરંતુ એલ્વિને એ મંજૂર રાખી, કેમ કે આદિવાસીઓના સમુદ્ધારના કામનો પ્રારંભ થઇ ચૂક્યો હતો. આમ, એમની સક્રિય રાજકીય કારકિર્દીનો અંત આવ્યો. એ માટે સર સૅમ્યુઅલ હોરનો આભાર માનતાં 'ફ્રાન્સિસ યંગ હસબંડે' લખેલું : 'સામ હોરનો હું એક ઘટના માટે સદાય આભારી રહીશ, કે એલ્વિનને એમણે પૉલિટિક્સમાંથી પોએટ્રી તરફ ધકેલ્યા.'

પણ સ્વાતંત્ર્યની તમન્નાથી ધમધમતા ભારતમાં રહીને આ ત્રણે શરતો પાળવી પડે એ તે કેવી યાતના! એક પ્રકારની આ કેદ જ ને? એલ્વિન લખે તે પ્રત્યેક પત્ર ટપાલમાં ફૂટે ને વંચાય; સી. આઈ. ડી. ચાંપતી નજર રાખે. આ બધાં વર્ષો દરમિયાન શ્રીમંત તાતા કુટુંબ તેમજ નવરોજજી કુટુંબ ઉપરાંત પૂનાના પ્રખ્યાત પોચા કુટુંબે અને જમનાલાલજી બજાજે એમને ખૂબ સહાય કરેલી. એલ્વિન હજી ય કહે છે, 'મેં કાંઈ ઓછું ધારેલું કે હું ઍન્થ્રૉપૉલોજિસ્ટ (નૃવંશશાસ્ત્રી) થવાનો છું? હું તો સાહિત્યનો જીવ. ધરતીનાં છોરુઓ વચ્ચે જઇ વસ્યો અને એમનામાં રસ લેતો થયો એટલું જ.' પણ એ ઘટના તો સાંસ્કૃતિક નૃવંશશાસ્ત્ર ને વિદ્યા માટે આશીર્વાદ સમાન નીવડી. ઑક્સફર્ડમાં ગાળેલું વિદ્વત્તાભર્યું જીવન અને ત્યાંના અભ્યાસ, વિદ્યાવ્યાસંગ આદિ અહીં આદિવાસીઓના વહેમ, રીતરિવાજ, માન્યતાઓ, ધાર્મિક ક્રિયાઓ વગેરે માટે તુલનાત્મક અભ્યાસની દષ્ટિએ પણ એમને અત્યંત ઉપકારક નીવડ્યાં. હિંદુ ધર્મના અભ્યાસે આદિવાસીઓના ધર્મની પાર્શ્વભૂમિકા સમજવામાં સહાય કરી.

મૂળે કવિ જીવ, એટલે સૌ પહેલું પુસ્તક પ્રકટ થયું તે 'સૉંગ્ઝ ઑવ ધ ફૉરેસ્ટ'—સમુચિતરીતે જ લોકકાવ્યો વિષે હતું. એ પાટણગઢ રહેતા ત્યારે એક આશ્રમ ચલાવતા અને 'લેપર હોમ' નામે રક્તપિત્તિયાઓનું સારવારગૃહ પણ ચલાવતા; એટલું જ નહિ પણ આદિવાસીઓમાં એવા તો પ્રિય થઇ પડેલા કે એમના અસંખ્ય ઝગડા પણ એમને જ પતાવવા પડતા. આદિવાસીઓ એમને 'બડા ભાઇ'ને નામે સંબોધતા; શામરાવને 'છોટા ભાઇ' કહેતા. સેવાશ્રમની ને સારવારગૃહની એ પ્રવૃત્તિઓને 'લિવ્ઝ ફ્રૉમ ધ જંગલ'માં એવી તો રસળતી અને નર્મમર્મભરી બાનીમાં એમણે આલેખી છે કે એ હાથમાં લીધા પછી હેઠું મૂકવું ન ગમે. એનું પુરોવચન લખતાં રોમાં રોલાંએ લખેલું : 'આ ઑક્સફર્ડનો ભણેલો યુવાન, વિશ્વના ઉત્તમોત્તમ પ્રશિષ્ટ સાહિત્યનો જ્ઞાતા, તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતો નર્મમર્મનો અચ્છો વિવેચક, આત્મસંતોષ ખાતર આ પ્રવૃત્તિઓમાં પડ્યો. આફ્રિકામાં જેમ આલ્બર્ટ સ્વાઈત્ઝર : ફિલસૂફ, તેમ ભારતમાં એલ્વિન : કવિ.'

એલ્વિને ઘણું લખ્યું છે અને તેમાં વિવિધતાનો પાર નથી. ૧૯૩૪-થી તેમણે બૈગા જાતિનો અત્યંત ઝીણવટપૂર્વક અભ્યાસ કરેલો. તેના ફલસ્વરૂપ એમની કારકિર્દીનું શ્રેષ્ઠતમ અભ્યાસ-પુસ્તક તે 'ધ બૈગા' ૧૯૩૯માં બહાર પડ્યું. ભારતની કોઈ પણ આદિવાસી જાતિ વિષે લખાએલાં પુસ્તકોમાં નિ:સંશય એ ઉત્તમ પુસ્તક છે. અને નૃવંશશાસ્ત્ર-વિષયક પુસ્તકોમાં આગવી ભાત પાડતા અભ્યસનીય એ ગ્રંથની



એમને વિષે રોમાં રોલાંએ લખ્યું છે :

ઑક્સફર્ડમાં ભણેલો આ યુવાન
વિશ્વના ઉત્તમોત્તમ પ્રશિષ્ટ સાહિત્યનો જ્ઞાતા
અને તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતો
નર્મ-મર્મનો અચ્છો વિવેચક
માત્ર આત્મસંતોષ ખાતર
આ (આદિવાસીઓની) પ્રવૃત્તિઓમાં પડ્યો.

આફ્રિકામાં જેમ આલ્બર્ટ સ્વાઇટ્ઝર : ફિલસૂફ
તેમ ભારતમાં કવિ

વેરીઅર એલ્વિન

સ્તુતિ એટલા તો વિશાળ ધોરણે થઈ છે કે સ્થળસંકોચને કારણે એ વિષે વિશેષ લખવું અશક્ય છે.

આદિવાસીઓ જોડે તેઓમાંના એક થઇને રહેવાની એમની ઝંખનાના પરિણામ રૂપ ૧૯૪૦ના એપ્રિલમાં, રાજગૉન્ડ જાતિની કન્યા કોશી સાથે એમણે તે જાતિની રીતરસમ મુજબ લગ્ન કર્યાં. આ પગલાની દૂરગામી અસરો પડી. ઘણા મિત્રોએ મોં ફેરવ્યાં ને નાકનાં ટીચકાં ચડાવ્યાં. એલ્વિને આ બધાંનો હિંમતપૂર્વક સામનો કર્યો. લગ્ન પછી જ્યારેજ્યારે તેઓ મુંબાઈ આવતા અથવા કોઇ શહેરોમાં જતા ને મિત્રોને મળતા ત્યારે જો કોશી પ્રત્યે કોઇને ય સમાન ભાવે વર્તતા ન જોતા તો પોતે એ સંબંધ ટકાવવાની દરકાર રાખતા નહિ. ૧૯૪૧માં એમને પ્રથમ બાળકની પ્રાપ્તિ થઈ. ત્યારના લોકલાડીલા નેતા જવાહરલાલના નામ પરથી એનું નામ જવાહર પાડ્યું. બીજા પુત્રનો જન્મ થયો ૧૯૪૬માં.

લગ્ન પછી તરત જ એ બસ્તર પ્રદેશના માનાર્હ વસતિગણતરી અધિકારી (એથનોગ્રાફર ને સેન્સસ ઑફિસર) નિમાયા. અને આમ પાટણગઢ છોડી કોશી સાથે એલ્વિન જગદલપુર ગયા. બસ્તર પ્રદેશમાં ત્રણ વર્ષ એ ભમ્યા અને ત્યાંના રમણીય પાર્વતીય પ્રદેશના લાડલાઓ વચ્ચે એમને આજ લગી નહિ સાંપડેલી શાંતિ અને આરામ લાધ્યાં. ચિત્રકોટના ધોધ પાસે સરસ મઝાની કુટિરમાં તે રહેતા. ત્યાં એમણે ઉત્તમ કામગીરી બજાવી. ક્વચિત્ એ વિશાળ રાજ્યમાં અબુઝમારનાં



જંગલોમાં હાથી પર ઘૂમતા, તો વળી ક્યારેક દાંતીવાડાના ટેકરાઓમાં પગપાળા પ્રવાસ કરતા. અહીં મુરિયા જાતિઓના પ્રદેશને પગ તળે કાઢી તેઓના જીવન વિષે ઊંડો અભ્યાસ કર્યો, જેનું એમણે 'માડિયા મર્ડર અને સ્યુઇસાઈડ' પુસ્તકમાં સુંદર રીતે આલેખન કર્યું છે. એક બાહોશ, વિચક્ષણ વહીવટકર્તા તરીકે પણ એલ્વિન કદી એ છા ઊતર્યા નથી. પાછળથી નિઝામના રેવન્યુ અધિકારી બનેલા ડબ્લ્યુ.વી. ગ્રિગસ-

મથાળે :
આદિવાસીઓ વચ્ચે
વસેલા એલ્વિન
ઈ. ૧૯૪૧માં.
નીચે–સામેના છેડે :
એલ્વિનનાં
આદિવાસી પત્ની-કોશી
જમણી બાજુ :
એલ્વિનનાં ત્રણ બાળકો
ઉપર–
સુરેશ અને જવાહર
નીચે–રામુલા

*

એલ્વિને કરેલા આદિ-
વાસીઓના અભ્યાસ
અને સેવાકાર્યની
કદરશનાસીમાં
ભારત સરકારે એમને
'પદ્મભૂષણ'ના
ઈલ્કાબથી નવાજ્યા છે.



ને એ પ્રદેશોમાં અગાઉ ઍડમિનિસ્ટ્રેટર તરીકે કામ કરેલું. એ આ પુસ્તક વાંચી હરખાયા : 'એલ્વિનનાં સંશોધનો માત્ર સામાજિક કાર્ય કરનાર સેવકો માટે જ નહિ, પણ આદિવાસી વિસ્તારમાં વહીવટ કરનાર અધિકારીઓ માટે પણ એટલાં જ ઉપયોગી છે.'

૧૯૪૨માં એલ્વિન ઓરિસ્સાના પ્રવાસે ગયા ત્યારે તો અક્ષરશઃ તેઓ ઓરિસ્સાના પ્રેમમાં જ પડ્યા. બૂયા, જુઆન્ગ, કુટ્ટીઆ, કૉન્ડ વગેરે જાતિઓના પ્રદેશોમાં એમણે સતતપરિભ્રમણ કર્યાં અને ૧૯૪૫માં એ પ્રાંતના ઍન્થ્રૉપૉલૉજિસ્ટ નિમાયા. અહીં એમણે 'બૉન્ડો હાઈ-લૅન્ડર' પુસ્તક લખ્યું. આ ઉપરાંત જાણીતા કલાવિદ્ અને હાલ બ્રિટિશ મ્યૂઝિયમના હિંદી વિભાગના ક્યૂરેટર ડબ્લ્યુ. જી. આર્ચર સાથે સંથાલ પરગણાના પ્રવાસો પણ કર્યા. દરમિયાન સાઓરા જાતિઓની ધાર્મિક ભૂમિકાનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને 'રીલીજીઅન ઑવ હિન્દુ ટ્રાઇબ' લખ્યું. 'ટ્રાઈબલ લીજેન્ડ્ઝ ઑવ ઓરિસ્સા', 'મહાકોશલની લોકકથાઓ', 'મૈકાલ ટેકરીઓના વાસીઓનાં લોકગીતો', 'છત્રિસગઢનાં લોકગીતો' વગેરે એમના સંગ્રહો આ દરમિયાન જ રચાયા. ચીનના કવિતા-પ્રકારને સમૃદ્ધ કરનાર આર્થર વૅલીના જેવી જ એલ્વિનની પ્રતિભા ભારતીય લોકકાવ્ય-પ્રકારને સાંપડી; કારણકે અહીંના તળપદા સ્વયંભૂ રૂપમાં પ્રકટેલી ભારતીય સંવેદનશક્તિને આ ભાષાંતરોએ એક ચેતનવંતા ને વિદ્વાન કવિની સંવેદનશીલતા દ્વારા જન્માવી છે. પરિણામે સાંપ્રત અંગ્રેજી કાવ્યપ્રકારને પણ એમાંથી નવતર પ્રદાન સાંપડ્યું છે.

તે વર્ષોમાં એલ્વિન કૅમેરા દ્વારા વિવિધ જાતિઓનાં જીવન, રહેણી-કરણી, રીતરિવાજ, નૃત્યો, પોષાકો, આભૂષણો આદિની દસ્તાવેજી નોંધ કરતા. એ બહુમૂલા ફોટોસંગ્રહને આર્ચર દંપતીએ દીઠો અને એલ્વિનને એક સુંદરતમ કલાત્મક પુસ્તક લખવા પ્રેર્યા, જે 'મધ્યપ્રદેશ-ની આદિવાસી જાતિઓની કલા' નામથી તુલનાત્મક અભ્યાસના એક અત્યંત રસિક પુસ્તક રૂપે એમણે પ્રગટ કર્યું. (અનુસંધાન પૃ. ૩૪૮મે)



એલિબાઈ*

ગયા અંકને અનુસંધાને પૂરી થતી **ગુનાશોધનની વાર્તા**

આ વાર્તાનું વસ્તુ, સ્થળ, પાત્રો, સંસ્થા, ટેલીફોન નંબરો બધું જ કલ્પિત છે. એમાં કોઈ પણ જીવંત યા મૃત માનવી સાથે મળતાપણું જણાય તો તે અકસ્માત ગણવો.

....**પુષ્કરભાઈ ગોકાણી**



'ત્યારે તો, નિશાદેવી, જગજીવનનું ખૂન તમે જ કર્યું હશે!'

રૂમમાં વકીલ સાહેબ ટેબલ પાસે પડેલી ખુરશીમાં બેઠા હતા. ત્યાં અનિલને હવાલદાર લઈ આવ્યો. અનિલ કાંઈ બોલે તે પહેલાં વકીલે તેને ઇશારાથી ન બોલવા સમજાવ્યું અને જરા બાજુએ લઇ જઈ ધીમેથી કહ્યું: 'પેલા ટેબલમાં કદાચ માઈક હશે. આ લોકો બીજી રૂમમાં આપણી વાત સાંભળવા ઇંતેજાર બેઠા હશે; માટે તમે બહુ જ ધીમે મારા કાન પાસે આવીને વાત કરો. ચાલો શરૂ કરો આપણે છૂટા પડ્યા ત્યાંથી...'

અનિલ હવે સ્વસ્થ થઈ ગયો હતો. તેણે કહેવા માંડ્યું: 'રાત્રે હું મળવા જવાનો હતો તે તમે જાણો છો. અરુણા 'કોહીનૂર'ની ટિકિટ લાવી હોઇ અમે ચિત્રમાં ગયા એટલે હું ત્યાં મળવા જઇ શક્યો નહિ. સાંજે અરુણાને હું ઘરે મળવા ગયો ત્યાં નીચે જ એ મને મળી ગઈ. તેણે ચિત્રની વાત કરી એટલે પછી જગજીવનની ચિંતા મૂકી હું તેની સાથે...'

'ઓત્તારીની, આ ભાઇએ પાઠ પાકો કરી લીધો લાગે છે' વકીલ વિચારવા લાગ્યા. ત્યાં તેણે આગળ ચલાવ્યું: 'ચિત્રમાંથી રાત્રે ૧૨-૩૫ની ટ્રેનમાં હું વાંદરા આવ્યો. સવારે તેઓ અચાનક મને પકડી ગયા. ત્યાં હસમુખલાલ શેઠને પણ લાવ્યા. શેઠ મને જોઈ બધું પૂછવા લાગ્યા તેમાંથી પોલીસને અરુણાની વાત મળી, એટલે તેઓ અરુણાને પણ પકડી લાવ્યા. જો મેં જ અરુણાનું નામ ન લીધું હોત તો સારું થાત.'

'પોલીસ ઈન્સ્પેકટરે મને પૂછ્યું કે હું જગજીવનને ઓળખતો હતો? હું ક્યારે મળ્યો વગેરે?... મેં ઉપર મુજબ વાત કરી. ડાયરીમાં મારી એપૉઈન્ટમેન્ટ લખેલી હતી. ખાસ કામ ન હોય તો તે લખેલી ન હોય જ, માટે હું ત્યાં ગયો જ હતો તેમ તેઓ વારંવાર મારા પર ઠસાવવા લાગ્યા. પણ મેં તેમને એક જ વાત કહ્યા કરી એટલે તેમણે બધું ટાઇપ કરાવી મને સહી માટે આપવા ટાઇપિસ્ટને જણાવ્યું.

'એટલામાં તેઓ નિશાને પણ પકડી લાવ્યા. મેં એને ઘણા વખતે જોઈ. કલકત્તામાં તેને ત્યાં અમે રહેતા હતા. પોલીસ તેને બીજા ઓરડામાં લઇ ગઇ. થોડી વારમાં તેઓ અરુણા માટે બીજાં સૅન્ડલ લઇ આવ્યા. અરુણાનાં સૅન્ડલ તેઓએ પહેલેથી કબજે લઇ લીધાં હતાં. ત્યાં મને ખબર પડી કે અરુણાનાં સૅન્ડલ ઉપર લોહીના ડાઘ હતા.

'અરુણાએ પણ મારી જ વાતને ટેકો આપ્યો. અમારી કેફિયત ટાઈપ થાય એટલે અમારે સહી કરી આપવી તેમ કહી પોલીસે ઘાટી તથા ભૈયા સાથે પોતે કરેલી વાતચીતમાં અમારી સહી કરાવી. ત્યાં તમે આવ્યા, એટલે પછી અમે તેઓ ટાઈપ કરી લાવ્યા તે કેફિયતમાં સહી કરવા ના પાડી. સહી ન કરવાથી અમે ફસાઈ જઈશું, અમારી ઉપર શક જોરદાર બનશે, એમ તેઓએ વારંવાર કહ્યું, પણ અમે નમતું ન જોખ્યું. એટલે તેઓ અરુણાને બીજા રૂમમાં લઈ ગયા. રાત્રે મેં આવતાં આવતાં અરુણા જેવું કોઈ જોયું હતું...'

'—તમે ચશ્મા પહેરો છો? વકીલે પૂછ્યું: 'અને આછા અંધારામાં તમે એ અરુણા છે કે બીજું કોઈ તે કેવી રીતે જાણી શક્યા?' ઠીક, જવા દો! તમારે કાંઈ બોલવું નહિ એટલું જ ગોખી રાખજો. હવે સાફસાફ કહો, તમે પાંચ હજાર જગજીવનને આપવાના હતા કે નહિ?'

'હા, આપવાનો હતો!'

'શા માટે?'

'એ ન કહી શકાય.'

'ભલા માણસ, સુયાણી પાસે પેટ છુપાવવાથી શો ફાયદો? તમે એમ માનો છો મને ખબર નથી?' વકીલે મક્કમરીતે કહ્યું: 'તમે કેશવનું ખૂન કર્યું છે એની જગજીવનને જાણ હતી ખરું?' અનિલ તાજ્જુબ બની જોઈ રહ્યો. તેના ચહેરા ઉપરનું નૂર ઉડી ગયું.

'—અને એ વાતની જગજીવને ખોટી સાક્ષી આપી કે તમે અને તે પત્તાં રમતા હતા. એ વાત પર તેણે તમને દબાવી પાંચ હજાર માગ્યા, ને ન આપો તો એ પોલીસને કહેવાની ધમકી આપતો હતો. એટલે જ તમે શરૂઆતમાં પોલીસની મદદની ના પાડતા હતા, ખરું?'

'પણ તમને આ ખબર...પડે જ કેમ?'

'તમે નિશાને ચાહતા હતા?'

'ના, ના;' અનિલ ઉતાવળે બોલવા લાગ્યો 'નહિ, વકીલ સાહેબ, નિશાને મારી પ્રત્યે લાગણી જરૂર હતી, પણ તે ખરેખર કેશવને ચાહતી હતી. તેઓ ક્યારનાં યે પરણી ગયાં હોત, જો કેશવ જમીનદારનો પુત્ર અને નિશા રસોયણની પુત્રી ન હોત તો. હવે કેશવ પોતાના પિતાને અવગણીને પરણવાનું વિચારતો હતો, ત્યાં કોઇએ તેનું ખૂન કરી નાખ્યું. તેની રૂમમાં મારાં આંગળાંનાં નિશાન હતાં એટલે ગભરાઇને મેં જગજીવનને મારી ઍલિબાઈ આપવા કહ્યું હતું. કેશવને તેના પિતા તરફથી મર્યાદિત પૈસા જ મળતા હતા, એટલે તેણે દેવું કરેલું. તેની ડાયરીમાં તેનાં બિલ નીકળ્યાં એટલે લાગે છે કોઈ પઠાણ પાસેથી ઉછીના

*Alibi (ગુનાને સ્થાને પોતે ગેરહાજર હોવાનો પુરાવો)નો ઉચ્ચાર આપણે 'ઍલિબી' કરીએ છીએ તે ઑક્સફર્ડ ડિક્ષનરીમાં ઉપર મુજબ છે.

લેતો હશે અને તે પઠાણે જ તેને મારી નાખ્યો હશે. પઠાણનું નામ ન મળી શક્યું, નહિ તો આજ મને ચિંતા ન હોત. વળી જગજીવન મારો ખાસ મિત્ર હતો. જુઓને, તેણે મને વીમો આપ્યો. તે વીમો ઑફિસમાં નોંધાવીને જ હું તમારી પાસે આવેલો. મને સ્વપ્ને પણ ખયાલ નહિ કે જગજીવન આમ મારી પાસે પૈસા માગશે. તેને મારા પ્રત્યે બહુ જ લાગણી હતી. પણ ભીડ પડયે કોઈ શું કરે?'

'જગજીવનને નિશા સાથે કંઈ સંબંધ હતો?' વકીલ ધ્યાનથી સાંભળતા હતા. એણે અનુમાન કર્યું: 'તમે એ બાબત જાણતા હશો.'

'આમ તો નિશા પોતાને સાચવી લે તેવી છે, પણ જગજીવનને નિશા સાથે પરણવાનું મન ખરું. કેશવ આવ્યો તે પહેલાં નિશાને જગજીવન સાથે ગાઢી મિત્રાચારી પણ હતી.'

'ઠીક, હવે વધુ કશું બોલશો નહિ.' કહીને વકીલ સાહેબ અરુણાને મળવા ચાલ્યા.

૧૪

અરુણાને મળવાથી ખાસ વધારે વાત ન મળી. તે કહેતી હતી: પાંચ હજાર રૂપિયા તે એક કવરમાં લાવી હતી. ખૂન થએલું જોઈ તે કવર ગભરાટમાં તેના હાથમાંથી પડી ગયું. તેને લીધે તો હસમુખલાલ શેઠ પકડાયા, કારણ કે તે કવર ઉપર તેમનું નામ હતું. પર્સ તેના હાથમાં જ હતું. તે જરૂરથી ભૂલી નહોતી જ.

'તમે ત્યાં ક્યારે ગયાં હતાં?'

'નવ વાગ્યે.' અરુણાએ કહ્યું.

'તમે ભૂલ કરો છો, અનિલે દસ વાગ્યે તમને જોયાં હતાં.'

'હું માનું નહિ, શો નવ વાગ્યે શરૂ થાય છે ત્યાંથી ટેકસીમાં હું લિબર્ટી સિનેમા ઉપર પહોંચી ત્યારે હજી ન્યુસ જ પૂરા થયા હતા.

વકીલ સાહેબ વિચારમાં પડી ગયા. 'ત્યારે ખૂન નવ વાગ્યા પહેલાં થયું હશે? તો અનિલ નિર્દોષ છે. પણ તેથી અરુણા ઉપર શક જાય છે! વળી અનિલે કોને જોઈ હશે?'

'ઠીક ક્યાંયે કશો જવાબ આપશો નહિ' કહી વકીલ સાહેબ અરુણાથી છૂટા પડ્યા.

૧૫

બીજે દિવસે સવારે વર્તમાનપત્રોમાં બહુ જ થોડા વધારાના સમાચાર હતા. આગલી સાંજના પત્ર 'ભારત'માં લગભગ મોટા ભાગના સમાચાર આવી ગયા હતા, તોપણ આજે કેટલીક મહત્ત્વની વાતો હતી:

'ખૂન જમ્યાબાદ દોઢથી બે કલાકે થયું હતું. કેકીશેઠ તથા જગજીવન આઠ વાગ્યે સાથે જમ્યા હતા. ખોરાકનો ડબ્બો ખાલી હતો એટલે તેઓએ જે ખોરાક લીધો હતો તે લક્ષ્યમાં રાખી ડૉક્ટરે પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં જણાવ્યું હતું કે ખૂન રાત્રે સાડાનવ અને દસ વાગ્યાની વચ્ચે થયું હતું. ખૂન માટે અનિલને જ જવાબદાર ગણ્યો હતો. અરુણાને ખૂનના કામમાં સાથ આપનાર ગણી કામ ચાલવાનું હતું. પ્રાથમિક તપાસ આજે જ હતી. જો કોર્ટમાં સાબિત થાય કે ખૂન થયું છે ને અનિલ કે અરુણા તે માટે શકદાર છે તો પછી કેસ સેશન્સ કમિટ થાય, અને સેશન્સનો ચુકાદો ન આવે ત્યાં સુધી બન્ને અટકમાં રહે.

વકીલ સાહેબ વિચારમાં પડી ગયા. 'ખૂન સાડાનવ પછી થયું હોય તો અરુણા નવ વાગ્યે પહોંચી ત્યારે ખૂન થઈ ગએલું હતું એ વાત અરુણાએ ઉપજાવી કાઢી હોય તેમ પણ બને. વળી અનિલે અરુણાને જગજીવનના ઘરમાંથી બહાર નીકળતી જોઈ હતી. એટલે આ વાદળ અનિલ પરથી ઊતરી અરુણા પર આવતું હતું.

'પણ બીજી એક વાત ભુલાવી ન જોઇએ. જગજીવનને રાત્રે ઘણા જણ મળવા આવવાના હતા. પહેલાં કેકીશેઠ, બીજો ભૈયો, ત્રીજો અનિલ, ચોથી અરુણા ને પાંચમી નિશા; ને છઠ્ઠો કદાચ ઘાટી જ રાત્રે આવી કોઇના કહેવાથી—કોઇનો ભાડૂતી બની, જગજીવનનું ખૂન કરી, પછી સવારે સાવ અજાણ બનવાનો ડોળ કરતો હોય! આમ, શકનો લાભ મેળવવા માટે બીજા ચાર શકદારો હતા.'

૧૬

કોર્ટ ભરચક હતી. સરકાર તરફથી પોલીસ પ્રોસીક્યુટર મસલાએ કેસનો દોર હાથમાં લીધો હતો. મસલા પણ અનિલની ઉમરના જણાતા હતા. પોતાના કેઈસ બાબત તેમના મોં ઉપર શ્રદ્ધા સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

શરૂઆતમાં તેમણે પોતાનું ઓપનિંગ સ્ટેટમેન્ટ આપ્યું: 'અનિલ અને અરુણા સામેના અમારા કેસમાં અમે સાબિત કરીશું કે જગજીવન ઉત્તમચંદ ડોડિયા નામના શેરદલાલનું ખૂન થયું છે. તે સમયે આરોપી નં. ૧ અનિલકુમાર પરીખ તથા આરોપી નં. ૨ અરુણા શેઠ ત્યાં ગયાં હતાં. અમે એમ પણ સાબિત કરીશું કે આરોપી નં. ૧ મરનાર જગજીવન ડોડિયાને મોટી રકમ આપવાનો હતો. તે મોટી રકમ મળી ન શકવાથી આરોપીએ જગજીવનનું ખૂન કર્યું, કારણ કે તે રકમ અનિલ ન આપી શકે તો અનિલની આબરૂ તથા નોકરી ભયમાં મુકાતાં હતાં. આમ, મરનારના મૃત્યુથી ફક્ત અનિલને જ લાભ હતો. તેને સાથ આપવા તેની મહોરદાર અરુણા શેઠે પણ મોટો ભાગ ભજવ્યો છે. અમે સાબિત કરીશું કે ફક્ત નીચ બુદ્ધિ ને સ્વાર્થમાં આવી જઈ, અનિલ તથા અરુણાએ જાણી જોઇને આ ખૂન કર્યું છે. અમે કોર્ટને વિનંતી કરીશું કે આપ સેશન્સને ભલામણ કરશો કે આવા નીચ કૃત્ય માટે તેમને સખત નશ્યત આપે.

વકીલ ગણાત્રાએ પોતાનું શરૂઆતનું સંભાષણ મોકૂફ રાખ્યું.

પ્રથમ લક્ષ્મણ ઘાટીની સાક્ષી આવી: 'તે ઈરાની હોટલમાં ભાણાં લઈ જવા-લાવવાનું કામ કરતો હતો. સાંજે કેકી શેઠના ઑર્ડરથી બે ભાણાંનું ટિફિન-બૉક્સ લઇને તે વ્રજકાન્ત મૅન્શનમાં આપી આવ્યો હતો. ભોજન આમિષ ભોજન હતું. બરોબર પોણાઆઠ વાગ્યે તેઓ ઈરાની હોટલમાંથી નીકળ્યા હતા, કારણ કે તેને રાત્રે નવ વાગ્યે ટ્રેન ઉપર કોઇને મળવા જવાનું હોઈ કેકી શેઠને ટાઈમ પૂછ્યો હતો. તેથી જ રાત્રે ખાલી ટિફિન-બૉક્સ લેવા ગએલો નહિ. વળી કેકી શેઠે કહેલું કે રાત્રે તેણે ખાલી ટિફિન લેવા આવવાની જરૂર નથી; સવારે લઈ જાય તો હરકત નથી. સવારે જ્યારે ટિફિન લેવા ગયો ત્યારે તેણે જગજીવનને મરેલો જોયો હતો. તેથી બૂમાબૂમ કરતાં કોઇએ પોલીસને ખબર આપી હતી. પોલીસે આવી ડબ્બો કબજે લીધો હતો.'

ઊલટ તપાસમાં ગણાત્રાએ પૂછ્યું:

'ભોજનમાં શું હતું?'

'તળેલી મરઘી, રોટી તથા સૂપ.'

'સવારે ડબ્બામાં કાંઈ વધેલું જણાયું હતું?'

'નહિ સાહેબ, ડબ્બો તદ્દન ખાલી હતો.'

બીજી જુબાની ડૉક્ટરની આવી:

'તેણે ઈન્સ્પેક્ટર રાઠોડની વિનંતીથી લાશ કબજામાં લીધી હતી ને બપોરે તેનું પોસ્ટમોર્ટમ કર્યું હતું. તેના કહેવા મુજબ ખૂન રાતના સાડાનવથી સાડાદસ વચ્ચે થયું હતું.'

વકીલ ગણાત્રાએ પૂછ્યું: 'તમે કેવી રીતે કહી શકો કે ખૂન અમુક સમયે જ થયું હશે?'

'મરનારની હોજરી તથા આંતરડાં જોતાં ખોરાક આંતરડાંમાં ક્યાં પહોંચ્યો છે તેના ઉપરથી કહી શકાય કે ખોરાક કેટલા વખત ઉપર લેવાયો હશે. મજકુર ઈસમની બાબતમાં તેનાં આંતરડાં કામ કરતાં અટકી ગયાં પહેલાં તે દોઢથી બે કલાક અગાઉ જમ્યો હશે. મને જણાવવામાં આવ્યું કે તેણે લગભગ આઠ વાગ્યે ભોજન લીધું હતું, એટલે મારા રીપોર્ટમાં મેં જણાવ્યું કે આઠ વાગ્યે જમ્યા પછી દોઢથી બે કલાકે એટલે કે સાડાનવથી દસ વચ્ચે તેનું ખૂન થયું હોવું જોઇએ. પણ ખૂની હુમલા પછી મરનાર કદાચ થોડું જીવ્યો હોય તો તેમ ગણી ખૂનનો સમય સાડાનવથી સાડાદસ વચ્ચે આપ્યો છે.' ડૉક્ટરે લંબાણથી સમજાવ્યું.

'માનો કે દસ વાગ્યે જગ્યો હોત તો ?'

'તો ખૂન સાડા અગિયારથી સાડા બાર વચ્ચે થયું કહી શકાય. પણ અહીં તે ક્યારે જગ્યો હતો તે સમય ચોક્કસ છે.' એ પછી પોલીસ ઇન્સ્પેકટર રાઠોડની જુબાની આવી :

'તા. ૬ઠ્ઠીની સવારે સાડા સાત વાગ્યે તેને ફોન મળતાં, ખૂન થયાની જગ્યાએ આવી તેણે લાશનો કબજો લીધો હતો. કેટલાક ફોટાઓ લેવડાવી ફિંગરપ્રિન્ટ એક્સપર્ટને આવવા દઇ પછી તેણે લાશ ડૉકટરને સોંપી હતી. મરનારના જામી ગએલા લોહીમાં કોઈ સ્ત્રીનાં સૅન્ડલની એક છાપ દેખાતી હતી. મરનારની ચીજવસ્તુઓ તપાસતાં એક ડાયરી મળી આવી હતી જેમાં પાંચમી તારીખના પાના ઉપર આરોપી નં. ૧ અનિલ પરીખનું નામ તથા સરનામું લખ્યું હતું તથા તેની સામે રાત્રે દસ વાગ્યે એમ લખ્યું હતું. ડાયરીમાં આ ઉપરથી તેણે અનિલ પરીખની ધરપકડ કરી હતી. તેનાં આંગળાંની છાપ પણ તેણે લેવડાવી હતી. તેની વાતચીતમાંથી તથા ત્યાંથી મળી આવેલ ખાલી રજિસ્ટર કવર ઉપરના સરનામા પરથી તેણે શ્રી હસમુખલાલ શેઠને પણ બોલાવ્યા હતા. બંને સાથેની વાતો પરથી તેણે અરુણાને પકડી હતી. અરુણાનાં સૅન્ડલ ઉપર પણ લોહીના ડાઘ હતા, તેમજ તે સૅન્ડલ લોહીમાં પડેલી પેલી છાપ સાથે પણ બરોબર બંધબેસતું આવતું હતું. વળી, સૅન્ડલ ઉપરના લોહીના ડાઘ તથા મરનારના લોહીની લૅબોરેટરીમાં તપાસ કરાવતાં માલૂમ પડયું હતું કે બંને લોહી એક જ છે. તેથી જણાયું કે તેના પિતાના કવરમાં તે કાંઈક પૈસા લાવી હશે. તેટલાથી મરનાર માન્યો નહિ હોય એટલે આરોપી નં. પહેલાએ તેને મારી નાખ્યો હશે. કદાચ આરોપીએ આપેલી કોઈ ધમકીને કારણે મરનારે કોઇને ફોન કરવા પ્રયત્ન કર્યો હતો તેમ લટકતા ફોન ઉપરથી જણાતું હતું.'

વકીલ ગણાત્રાએ ઊલટમાં કાંઈ પૂછ્યું નહિ.

ભૈયાની સાક્ષી આવી :

'હા, તેણે આરોપી નં. ૧ તથા નં. ૨ને રાત્રે આશરે સાડા નવથી સાડા દસ વચ્ચે વ્રજકાંત મૅન્શનમાં આવતાં તથા જતાં જોયાં હતાં.'

ગણાત્રાએ પૂછ્યું : 'રાત્રે આઠ વાગ્યે શેઠ આવ્યા પછી તે ક્યારે પાછા ગયા તેનો ખયાલ છે ?'

'હા સાહેબ, તેઓ સાડા આઠ વાગે પાછા ગયા. નીચે ઊતરતી વખતે તે મને મળ્યા હતા. તેને કલબમાં જવાનું હોઈ મેં તેને માટે ટૅક્સી બોલાવી આપી હતી.'

'કેકી શેઠ ગયા પછી અને રાત્રે સાડા દસ વાગ્યા સુધીમાં ફક્ત અનિલ અને અરુણા જ માળામાં આવ્યાં હતાં ?'

'એમ તો ઘણા આવ્યા હતા. તે બધા માળામાં રહેતા હતા. પણ અજાણ્યા લોકોમાં તો તે બે જ હતાં એટલે મને યાદ રહી ગયાં.'

'તે ઉપરાંત બીજું કોઈ ?'

'મને યાદ નથી.'

'વિચાર કરો.' ગણાત્રાએ કહ્યું : 'હજુ કોઈ એકાદ બીજી બાઈ પણ આવી હોય !'

'કદાચ આવી હોય.'

'તમે જગજીવનને ઓળખો છો ?' 'હા.'

'પાંચમી તારીખે સવારે તમે તેને સાડા દસ વાગ્યે મળ્યા હતા ?' 'હા.'

'તે વખતે તમે તેની પાસે ભાડાની તથા તમારા પૈસાની ઉઘરાણી કરી હતી ?'

'નામદાર !' વકીલ મસલા બોલી ઊઠયા : 'આ પ્રશ્ન સામે મારો વાંધો છે. ખૂન તારીખ પાંચમીની રાત્રે થયું છે તેથી આ પ્રશ્ન તેથી અસંગત, બિનઉપયોગી અને અસંબદ્ધ છે.'

'નામદાર, પ્રશ્ન તદ્દન સંબંધકર્તા છે: હું હમણાં જ તે પુરવાર કરીશ.' ગણાત્રાએ કહ્યું.

'તો પ્રશ્ન પૂછવાનો શો હેતુ છે ? સરકારી વકીલનો વાંધો યોગ્ય છે.' જજ સાહેબે કહ્યું.

'ભૈયાજી, તમારે અને જગજીવનને તારીખ પાંચમીના ઝગડો થએલો અને તમે તેનું ખૂન કરવા ધમકી આપેલી ?'

'નામદાર, મારો ફરી વાંધો છે. પ્રશ્ન પૂછવામાં જ જવાબની છાંટ છે. આવા ખોટે માર્ગે દોરનારા પ્રશ્ન ન પૂછી શકાય. શા માટે મારા વિદ્વાન મિત્ર કાયદા કોરે મૂકીને વાત કરે છે ?'

'નામદાર, ભૈયાને પણ જગજીવનનું ખૂન કરવાનું કારણ હોઇ શકે તે બતાવવાનો મારો ઇરાદો છે.' ગણાત્રાએ કહ્યું.

'ભૈયા, જવાબ આપો' કૉર્ટે ફરમાવ્યું.

'એવું ખાસ નહિ, પણ તે ભાડું નહોતો આપતો તેમજ મારી પાસેથી ઉછીના લીધેલા પૈસા પણ નહોતો આપતો એટલે કડક ઉઘરાણી કરેલી હતી.' ભૈયાએ જવાબ આપ્યો.

'તે વખતે તમે તેનું ગળું પકડયું હતું ? યાદ છે, હું ત્યાં હાજર હતો ?' ગણાત્રાએ પૂછ્યું.

'નામદાર, કોર્ટની ભલમનસાઇનો ગેરલાભ ઉઠાવાય છે. મારા વકીલ મિત્ર પોતાની હાજરીની ખોટી બીક બતાવી સાક્ષીને ડરાવે છે. મારા સાક્ષીને હું ભલામણ કરું છું કે મારા વાંધાને જોતાં...'

'તમારો વાંધો કોર્ટ મંજૂર રાખતી નથી.' અધવચ્ચે કોર્ટે રૂલિંગ આપ્યું.

'જવાબ આપો, તમે તેનું ગળું પકડયું હતું ?' ગણાત્રાએ પૂછ્યું.

'એ ગમે તેમ રોફ છાંટતો હતો એટલે મેં તેને બિવડાવ્યો હતો.'

'તમે તેને એમ કહ્યું હતું કે રાત્રે તે પૈસા નહિ આપે તો તમે એનું લોહી પીશો.'

'નામદાર, મારો વાંધો...' સરકારી વકીલ બોલી ઊઠયા.

'વાંધો નામંજૂર; ભૈયા જવાબ આપો.'

'થોડી ધમકી ન આપીએ તો કોઇ આસામી કે ભાડુત પૈસા ન આપે.' ભૈયાએ કહ્યું.

'તો તમે સવારે કહ્યા મુજબ રાત્રે તેની પાસે પૈસા લેવા ગયા હતા ?'

'ના.' 'શા માટે ?'

ભૈયો મૂંઝાયો: 'રાત્રે... રાત્રે હું ભૂલી ગયો.'

'બસ, ભૈયાજી.' ગણાત્રા બેસી ગયા.

'ઊભા રહો, ભૈયાજી !' સરકારી વકીલે ફેર તપાસ માટે ભૈયાને થોભાવ્યો: 'તમે તેની પાસે અત્યાર સુધીમાં કેટલી વાર ઉઘરાણી કરી છે !'

'ઘણી વખત.'

'દર વખતે તમે તેની પર ગુસ્સે થતા હશો ?'

'હા, તેમ ન કરીએ તો પૈસા ન મળે.'

'વારંવાર આવી બોલાચાલી થઈ હશે ?'

'જી, તકાદો ન કરીએ તો આજકાલ પૈસા કોણ આપે છે ?' ભૈયાએ કહ્યું.

૧૭

તારીખ ૮મી : કોર્ટનો બીજો દિવસ. ફિંગર પ્રિન્ટ એક્સપર્ટ મિ. જોષીની જુબાની આવી :

'મરનારની રૂમમાંથી આંગળાંની ઘણી છાપો મળી હતી. તેમાં બારણાના હૅન્ડલ ઉપર આરોપી નં. ૧ અનિલની તથા ઇલેક્ટ્રિક સ્વિચ ઉપર આરોપી નં. ૨ની છાપ હતી.

ગણાત્રા વકીલે ઊભા થઈ પૂછ્યું : 'ત્યાં બીજી કોઈ આંગળાંની છાપ મળી આવી હતી ?'

'હાજી, પણ કેસને લગતી આ બે જ હતી.'

'આંગળાંની આ છાપો ક્યારે પડી હશે તે જાણી શકાય ખરું ?' 'ના.'

'એટલે સરકાર આ બન્ને અનિલકુમાર તથા અરુણાબેનને ખૂનનાં જવાબદાર ગણે છે એ કારણે જ તે સિવાય બીજા કોઇની છાપો વિષે તમે વધારે ઊંડા ન ઊતર્યા ખરું ?'

મિ. જોષીએ જવાબ ન આપ્યો.

'ખૂન કરવા માટે ઘણાંને કારણ હતું. દાખલો લઈએ તો આ ભૈયાએ પણ ખૂન કર્યું હોય. ઘાટીએ પણ ખૂન કર્યું હોય. રાત્રે કોઇની સૂચના પરથી પૈસા ખાતર ખૂન કરી તે સવારે બનાવટ ખાતર બૂમાબૂમ કરીને પોતાનો બચાવ કરતો પણ હોય ! વળી, ત્યાંથી હસમુખલાલ શેઠનું કવર મળી આવ્યું હતું તેથી તે પોતે પણ ત્યાં આવ્યા હોય. કેકીશેઠ જગજીવનને જમાડવા આવ્યા તેથી તેની છાપ

પણ ત્યાં હોય. લૈયાની જુબાનીમાં જણાવ્યા મુજબ કોઈ બીજી સ્ત્રી પણ ત્યાં રાત્રે આવી હોવાની શકયતા છે તો તેની પણ છાપ જોવી જોઇએ. હજુ કયાં સાબિત થયું છે કે મારા અસીલે જ ખૂન કર્યું છે? મારે પૂછવાનું કે આ કેસને સંબંધકર્તા વ્યક્તિઓ, હસમુખલાલ શેઠ, લૈયો, ઘાટી, કેકીશેઠ, પેલી અજાણી સ્ત્રી, તેમાંથી કોઈની પ્રિન્ટ લઈ ત્યાંથી મળી આવેલી આંગળાંની છાપો સાથે તેને સરખાવી છે?' ગણાત્રાએ લંબાણથી પોતાની વાત રજૂ કરી. કોર્ટ ધ્યાનપૂર્વક સાંભળી રહી હતી.

'ના, મને તો જે પ્રિન્ટ સરખાવવા માટે આપવામાં આવી તે પરથી રીપોર્ટ આપ્યો છે.'

'નામદાર' સરકારી વકીલ બોલ્યા, 'કોર્ટના વખતનો વિના કારણ વ્યય કરવામાં આવે છે. આ પ્રિન્ટને હું પુરાવા તરીકે દાખલ કરવા વિનંતી કરું છું.'

'નામદાર' ગણાત્રા બોલી ઉઠયા : 'ત્યાંથી મળી આવેલી બધી છાપો, જે—ઓળખાઈ ન હોય તેને પણ પુરાવામાં લેવી જોઈએ.'

'મને વાંધો નથી.' સરકારી વકીલ બોલ્યા.

'કોર્ટે અનિલ અને અરુણાનાં આંગળાંની છાપો ઉપરાંત બીજી કેટલીક છાપના ફોટોગ્રાફો પણ પુરાવામાં લીધા.

'નામદાર, મેં જણાવ્યા પ્રમાણેની કેસને અસર કરતી દરેક વ્યક્તિનાં આંગળાંની છાપ લઈ આ પુરાવા સાથે જ્યાં સુધી સરખાવી મિ. જોષી તે બાબત રીપોર્ટ ન આપે ત્યાં સુધી કોર્ટને આ કેસ મુલતવી રાખવા મારી વિનંતી છે. કોર્ટ મિ. જોષીને આ બધા પુરાવા પોતાની સહી કરીને તપાસવા આપે.'

કોર્ટે સંમતિ આપી. સૌ વીખરાયાં.

'આંગળાંની છાપનું ગમે તે પરિણામ આવે, પણ તેથી શક ઉત્પન્ન કરી, અનિલ-અરુણાને શકનો લાભ આપી શકાય. પણ તે લાભ સેશન્સ કોર્ટ આપે. આ કોર્ટ તો તેને ખૂનના શકદારોમાંના ગણી કદાચ છોડશે નહિ; અને સેશન્સમાં તો કોઈ કાંટાવાળા કે ચારી બચાવમાં હશે.' પોતાની મહેનતનું ફળ આમ કોઈ લઈ જાય તે ગણાત્રાને રૂચ્યું નહિ. તેણે વિચારને બીજી દિશામાં વાળ્યો :

'જગજીવનના રૂમનો ફોન ડિસકનેક્ટ હતો. પોતાની જગ્યા ઉપરથી રિસીવર નીચે લટકતું હતું. ટેલીફોન કંપનીએ જરૂર રાત્રે ડોડિયાને મળવા પ્રયત્ન કર્યો હશે જ, કે જેથી તે આમ લાંબો વખત ડાયલ કરેલો ફોન બાજુમાં છૂટો ન રાખે. વળી ડોડિયાએ જેને ફોન કર્યો હતો તે કોણ હશે? પોલીસને કર્યો હોય તો તો રાત્રે જ તે મદદે આવે. તેમજ ફોન લાંબો વખત ડાયલ થએલો હોય તો સામી પાર્ટી જવાબ આપી રાહ જોઈ ફોન ઉપાડીને મૂકી દે તો ફોન ડિસકનેકટ થઈ જાય અને ફોન કોની ઉપર કરવામાં આવ્યો હતો તેની ખબર ન પડે.' વકીલ ગૂંચવાયા, છતાં ટેલીફોન એક્સ્ચેન્જના મકાન તરફ ઊપડયા. ઈન્કવાયરી ઉપર બેઠેલી ઑપરેટરને તેણે પૂછ્યું : 'તારીખ પાંચમીએ રાત્રે ડયૂટી ઉપર કોણ હતું?

'કઈ જગ્યાએ?' થોડી વાર રહી તેણે પૂછ્યું : 'તમારે તેનું શું કામ છે?'

'હું જગજીવન-ખૂન-કેસની તપાસ કરું છું.' વકીલે કહ્યું: 'અરે, તમે મિસ મહેતા તો નહિ?'

'નહિ જી, મારું નામ મિસ દેસાઈ છે.' વકીલને ખસિયાણા પડી ગએલા જોઈ તે બોલી 'તમે એવી કોઈ માહિતી મેળવી નહિ શકો.'

વકીલે જવાનો ડોળ કર્યો. અચાનક મોં ફેરવી તેણે પૂછ્યું: 'આ બાબતમાં તપાસ કરવા આવેલા ઇન્સ્પેક્ટરે તમને કોઇને યે જવાબ આપવાની ના પાડી છે, કેમ?'

'હા, પણ તેનું તમારે શું?'

'કાંઈ નહિ, ફક્ત આ જવાબ કાલે કોર્ટમાં આપજો. તમારી ઉપર કાલે સમન્સ નીકળશે. હું મારા સાક્ષી તરીકે કોર્ટમાં તમને બોલાવીશ.' વકીલે હવે ખરેખર જવા માંડયું.

'અરે, ઊભા રહો. મિસ્ટર...શું નામ?'

'ગણાત્રા'. વકીલ પાછા ફર્યા.

'પણ મારે શા માટે કોર્ટમાં આવવું જોઇએ? કાલે રાત્રે ઇન્સ્પેક્ટર તપાસ કરવા આવ્યા હતા તે તો કહેતા હતા કે કદાચ મિસ પટેલને જ કોર્ટમાં જવું પડે. પણ મિસ પટેલને ન જવું પડે તેવું કરવા તે પ્રયત્ન કરશે જ.'

'મિસ પટેલ કયાં છે?'

'અત્યારે ટ્રંક લાઇન એટેન્ડ કરે છે.'

'જયજય', વકીલે તુરત ચાલતી પકડી. બહાર આવી તેણે પબ્લિક બૂથમાંથી ટ્રંકલાઇન માટે ફોન જોડયો. 'યસ પ્લીઝ' સામેથી કોમળ અવાજ આવ્યો.

'જુઓ, મિસ પટેલ, હું વકીલ ગણાત્રા બોલું છું. કાલે તમને ઇન્સ્પેકટર કોર્ટમાં નહિ બોલાવે તેમ કહી ગયા છે, પણ બચાવ પક્ષે હું તમને કોર્ટમાં હાજર થવા સમન્સ આપીશ.'

'પણ શા માટે?' મિસ પટેલ વકીલની વાતમાં આવી ગઈ.

'પાંચમીની રાત્રે જગજીવન ડોડિયાએ કોના ઉપર ફોન ડાયલ કર્યો હતો?'

'એ કેમ ખબર પડે? અહીંથી તો ઘણા...'

'કેમ? એ ફોનનું રિસીવર નીચે લટકતું હતું. સંભવ છે કે સામે પક્ષે કોઇએ જવાબ ન આપ્યો હોય અને રિંગ વાગતી રહી હોય તો તમારું ધ્યાન ખેંચાય...' વકીલે કહ્યું.

'અલબત્ત, તેમ થયું હતું ખરું, પણ હું કોર્ટમાં આવવા માગતી નથી, મિ. ...સમજ્યા' મિસ પટેલ બોલી.

'જુઓ, અનિવાર્ય સંજોગો હશે તો જ તમને બોલાવીશ. પણ તે ફોન જેની ઉપર કરવામાં આવ્યો હતો તે તમે જણાવો તો તેને જ કોર્ટમાં બોલાવી તમારું ત્યાં આવવાનું ટાળી શકાય!' ગણાત્રાએ લાલચ બતાવી.

'ફોન પાંચેક મિનિટ રિંગ થતો રહ્યો એટલે અમારું ધ્યાન ખેંચાયું તો હતું જ. પણ અરધો કલાક પછી અમે તેને ડિસકનેકટ કરી તે ફોન ઉપર અહીંથી ફોન કરવા પ્રયત્ન કર્યો. સામે કોઈ ઘરમાં જ નહોતું. રાત્રે લગભગ બે કલાક પછી તે ફોનના માલિક આવ્યા હશે, ત્યારે તેની સાથે આ બાબત વાત થઈ, તો સામેથી ફોન કરનાર હવે જવાબ આપતો નહોતો.'

'જગજીવને કયો નંબર જોડયો હતો?'

'૫૪૩૨૬૧.'

'મિસ નિશાદેવી બૅનરજી?'

'હા, એવું કાંઈક નામ છે.'

'કયારે ફોન જોડવામાં આવ્યો હતો?'

'અમારું ધ્યાન દોરાયું ત્યારે સાડા આઠમાં પાંચ ઓછી હતી.'

'નિશાદેવી ઘેર કયારે આવી?'

'લગભગ અગિયાર વાગ્યે.'

'ઠીક, જયજય.' વકીલ ફોન મૂકી વિચારમાં પડી ગયા. 'જગજીવન નિશાને ફોન કરતો હતો, ત્યાં જ તેનું ખૂન થયું છે. ખૂન તો ડૉક્ટર કહે છે સાડાનવ પછી થયું, તો પછી ફોન કેમ સાડા આઠ વાગ્યાથી જ જોડાએલો હતો?'

'કદાચ જગજીવને પુરાવો આપવા નિશાને ફોન કર્યો હોય તો અનિલ ખૂન કરવા લલચાય એ ખરું. પણ વખતનો મેળ બેસતો નથી.'

૧૯

વકીલ સાહેબ ઈરાની હોટેલમાં ગયા. ઓસમાન હવે તેનો ખાસ વેઈટર બની ગયો હતો. નિયમ મુજબ ઑર્ડર અને ટિપ આપી વકીલે પૂછ્યું : 'પાંચ તારીખે સાંજે જગજીવન અહીં જમવા આવ્યો હતો?'

'હા.'

'કેટલા વાગ્યે.'

'સાંજે સવા છ થી સાડા છ દરમ્યાન.'

'પૂરી ખબર છે?'

'તેણે અગાઉથી વરધી આપી હતી.'

'સાથે કોઇ હતું?'

'હા, અરદેશર.' ઓસમાન વળી બીકથી આજુબાજુ જોવા માંડયો.

'અરદેશર કોણ?' (અનુ૦ પૃ. ૩૪૦)

ઉત્તરધ્રુવનું પગથિયું

જ્યાં સાઠ હજાર ઉપરાંત સરોવરો છે

ચન્દ્રવદન મહેતાની રંગગઠરિયાં



નાટ
નાટક અને
નાટકશાળા-૯

ફિનલૅન્ડ એટલે ઉત્તર ધ્રુવ પહોંચવાનું એક પગથિયું. ઉત્તર ધ્રુવની ચારે કોર એવાં પગથિયાંની પગથાર. એમાં નૉર્વે, સ્વીડન, સાઇબીરિયા અને ફિનલૅન્ડનાં પગથિયાં ઉપરથી જવું સુગમ પડે. ઉત્તર ધ્રુવનું ઉષા-કમળ જોવું હોય તો વાર્ડો, હૅમરફૅસ્ટ વગેરે નાનાં મથકો પણ ઠીક પ્રમાણમાં છે. ત્યાંથી જેટલે ઊંચે જવું હોય (અલબત્ત, બરફથી ઢંકાએલી ધરતી ઉપર) તેટલે જઈ શકાય. ફિનલૅન્ડ આમ તો ઇંગ્લૅન્ડ-સ્કૉટલૅન્ડ-આયર્લૅન્ડ ત્રણે એકઠા કરીએ, તો યે કદમાં જરા વધે. પહોળાઈમાં મુંબાઇથી મહેસાણા જેટલો, ને લંબાઈમાં મુંબાઈથી જયપુર જેટલો. મારા એક સાથીદારે કહ્યું હતું કે અહીં સાઠ હજાર તો એવાં તળાવો છે જેનાં નામ છે, અને એ ઉપરાંત નાનાંમાં નાનાં તો જુદાં! એ વાત મારા મગજમાં ઊતરતી જ નહોતી; પણ ત્યાંના દસ દિવસના નિવાસમાં અનેક જણને પૂછીને એની ખાતરી કરી લીધી. સાત સો માઈલની લંબાઈ અને સાડા ત્રણસો માઈલની પહોળાઇના પ્રદેશમાં ૬૦ હજાર મોટાં તળાવો!

પણ આ બધી હકીકતો તો તમને ટૂરિસ્ટ એજન્સી મારફત મળશે જ; એની પંચાતમાં નહિ પડીએ. એનો સિક્કો ફિનમાર્ક, એનાં હવા-પાણી, એની જુદીજુદી હોટેલો એવી એવી વિગતો આપણે જેમ બધે જતી કરીએ છીએ એમ જ અહીં કરીશું. પાંચ પૈસાનો પોસ્ટ કાર્ડ લખતાં તમને જે માહિતી મળી શકે એ વળી અહીં લખવી શી?

'થ્રિલ' એટલે ઝણઝણાટી, ઝીણો પુલકિત કરતો આનંદનો રોમાંચ. કોણ જાણે કેમ, પણ ફિનલૅન્ડની ધરતી ઉપર પગ મૂકતાં જ આનંદની એવી લહરી શરીરમાંથી પસાર થઈ ગઈ. છેક દુનિયાને એક છેડે, આટલે દૂર આવવાને લઇને હશે? કોણ જાણે. પણ સામાન્યરીતે હરવાફરવા નીકળેલા મુસાફરો ફિનલૅન્ડ જવા એકાએક તો તૈયાર થતા જ નથી. નાટક સંબંધી ચર્ચા કરનારું સંમેલન, અને તે આટલે દૂર? ક્યાં ગ્રીસનો છેડો, ક્યાં ભારતનો કિનારો? ઍરિસ્ટૉટલ કે ભારતના સિદ્ધાંતો આટલે દૂર પ્રવર્ત્યા હશે તે એનો પ્રચાર કરવા કયા મઠાધિકારીઓ, સાધુ-ભિખ્ખુઓ, ધર્મપ્રવર્તકો, તીર્થંકરો ને માર્ટિન લ્યૂથરો, સંદેશ લઈ ચારેકોર—એમાં એટલે દૂર ઉત્તરે ઘૂમ્યા હશે? અહીં નાટકના કેવા રસિયાઓ જન્મ્યા હશે, કેવા નાટક કરનારા પાક્યા હશે, નાટકશાળા બાંધનારાઓએ કેવાકના પાયા ખોદ્યા હશે, એવી એવી વિચારમાળામાં ગોથાં ખાઉં છું ત્યાં તો એક ઊંચી કદાવર હસમુખી વ્યક્તિએ ત્રાડ પાડી: 'હેલ્લો સી. સી.! કેમ છો? ઉમા-સંકર અ...ને મૅડિયા અ...ને ઓકર અ...ને ડાવે, અને બધા કેમ છે?' અંગ્રેજીમાં અહીં ધડાધડ આવાં નામો બોલાતાં સાંભળી મને થયું કે અહીં કંઈ ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાવાની હોય એવું તો નથી? આ ફિનલૅન્ડ જ છે કે...? ગુજરાતમાં બીજી ભાષાઓનાં સાહિત્ય-સંમેલનો ભરાય છે તો ગુજરાત બહાર ગુજરાતી ભાષાનું સંમેલન અહીં ભરાય એમાં વળી નવાઈ શી?



ફિનલૅન્ડના સ્થાપત્યની ઝાંખી : પાટનગર હેલ્સિન્કીના સ્ટેડિયમનું પ્રાંગણ

એ હતા મિ. ગિલ્બર્ટ ઑસ્ટિન, મુંબાઇમાંના અમેરિકન ઈન્ફરમેશન દફ્તરના એક વખતના વડા; હમણાં ત્યાં બદલાયા હતા. મુંબાઈમાં એ ઘણી વાર મળેલા, એ હવે હેલસિન્કીમાં વડા દફતરદાર થયા હતા. અને હજી તો અમે કસ્ટમ-દોરીમાંથી બહાર નીકળીએ તે પહેલાં તો એ જ સામા ધસી આવ્યા. સાથે હતા ભારતના ત્યાંના એલચી. એ બંને જણા સ્વાગતવિધિ પૂરો કરે તે પહેલાં તો 'હેલસિન્કી સનોમત'ના ખબરપત્રીએ બે-પાંચ ફોટો પાડી લીધા, અને તરત સવાલોની ઝડી વરસાવવા મચી પડ્યો. મિ. ઑસ્ટિને મારા હાથમાંની નાની બૅગ લઈ લીધી; એમાંથી છૂપી પોલિસના અમલદાર કાગળિયાં જુએ એમ તપાસ કરી પાસપોર્ટ કાઢી લઈ, પાસપોર્ટ ઑફિસર પાસે સહી-સિક્કા કરાવવા લઈ ગયા, અને જેટલી ઝડપથી ડ્યુસેલડોર્ફમાં એ વિધિ પત્યો હતો એટલી જ ઝડપથી અહીં પણ પતી ગયો, અને... કસ્ટમ-દોરીમાંથી બહાર નીકળતો હતો ત્યારે 'શું છે', 'શું લાવ્યા છો', 'કંઈ જાહેર કરવાનું છે' વગેરે જે વિગતવાર સવાલો પૂછવામાં આવે છે એવો એક પણ સવાલ ન પૂછતાં, ઊલટું ત્યાંના દફતરદાર અમલદારોએ હસી સલામ કરી હાથ મિલાવી સ્વાગત કર્યું તે જુદું.

કોઈ નવા પ્રદેશમાં જવાનું હોય, અને ત્યાં સંમેલન-સભા હોય તો એકાદ-બે દિવસ વહેલા જવું, દરમ્યાન શહેરના રસ્તા વગેરેથી–બને તો થોડું ચાલીને–વાકેફ થવું, મળે એટલા નકશા લઈ અભ્યાસ કરી સમજાય એટલું જાણી લેવું, એવો મારો નિયમ હોઈ, અહીં પણ વહેલો આવ્યો હતો; એટલે નવી ભાષા, નવા લોક, નવું વાતાવરણ મગજમાં ઠસાવી લેતાં મુસીબત ન નડી. ફિનલૅન્ડમાં બે ભાષા ચાલે છે: સ્કૅન્ડિનેવીઅન અને ફીનાઈ. પણ બેમાં બહુ ફરક નથી. ફિનલૅન્ડની ભાષામાં તો ભારે જોડાક્ષરો; ઘડીભર તો સંસ્કૃતમાંથી એ જન્મી હોય કે એમાંથી સંસ્કૃત પેદા થઈ હોય એવું જ આપણને લાગે! એની સો માર્કની નોટ ઉપર લખ્યું છે સત માર્ક. સત–શત–એટલે સો, ખરું?

શાંત ઠાવકી પ્રજા. સૌ પોતપોતાનું કામ કર્યા કરે. ધરતીને આટલે ઊંચે ખૂણે બેસવા છતાં દરેક ક્ષેત્રમાં એ પ્રજાએ સુંદર ફાળો આપ્યો છે. એમાં ઘરબાંધણી–સ્થાપત્યકળા પણ એક અગત્યનો વિષય છે એવું આપણે ત્યાંના ઈજનેરસાહેબો તો માનવાને પણ તૈયાર નથી. આપણે ત્યાં તો પૂલ-ગરનાળાં બાંધનારાઓ, થીએટરો ને ટાઉનહૉલો બાંધવા તૈયાર થઈ જાય છે; જ્યારે અહીં તો એ વિષયને લગતી ખાસ વિદ્યાપીઠ છે; અને શહેરમાં દાખલ થતાં જ જે મકાનો નજરે પડે છે એ જોઈને મન મુગ્ધ થઈ જાય છે.

પરંતુ એ પ્રજાના સૌ ગુણોને સોએ ગુણીએ એવો એનો સદ્‌ગુણ તે એનો શાંત સ્વભાવ. નરી શાંતિપ્રિય પ્રજા. ક્યાં યે નાહકના જીવલેણ, કાન ફોડી નાખે એવા ઘોંઘાટ નહિ, હોહા નહિ, શોરબકોર નહિ, ધાંટાધાંટ નહિ. બોલવું, ચાલવું, બધું જ ઠાવકાઈથી. એથી જીવનમાં સ્વસ્થતા અને નિત્યનવીન તાજગી લાગે. સભામાં, દુકાનમાં, રેસ્ટોરાંમાં, રસ્તે, સ્ટેશન ઉપર, ટ્રામમાં—બે જણા હોય કે બોંતેર જણા હોય, બધો વ્યવહાર શાંતિથી ચાલે. ભારતમાં એવી વ્યવસ્થિત, 'જીવનમાં ઊતરેલી' શાંતિ જોવા મળતી હતી બે ઠેકાણે: એક ગાંધીજી હતા ત્યારે એમના આશ્રમમાં, અને ટાગોર જીવતા ત્યારે એમના શાંતિનિકેતનમાં. હવે તો એવી શાંતિ શોધવા હિમાલય જવું પડે.

પણ મારા જીવને ક્યાં શાંતિ હતી? ત્યાં ઊતરું તે જ દિવસે મારે એક 'મેરીઆટ્ટા ઇસોલા'ને શોધવાની હતી. બને તો મુકામ એને ત્યાં કરવો એવી સૂચના પણ હતી. એ બાઈના નિવાસસ્થાનનું સરનામું મારી પાસે ખરું, અને એને આગળથી લખેલું પણ સહી; પરંતુ ઍર ટર્મિનસ ઉપર પણ એવી કોઈ મેરીઆટ્ટા નામની બાઈ મળી નહિ. એટલે અગાઉથી લખ્યા મુજબ નક્કી કરેલી 'નનંકી' હોટેલ તરફ હું ઊપડયો. ત્યાં જઈ હજી કૉન્ફરન્સના દફતરમાં કાગળિયાં લેવા જવાનો વિચાર કરું છું ત્યાં તો ટેલિફોન રણક્યો. 'તમારા રૂમમાંના ટેબલના ખાનામાં તમારાં બધાં કાગળિયાં મૂકેલાં છે.' પ્રતિનિધિ તરીકેનો બિલ્લો, રાતનાં નાટકોની ટિકિટો, જમવાનાં નોતરાં, મેયર સાથેના જમણ વખતે તમારે ક્યાં બેસવું એનો ખુરશી-નંબર, એનો નકશો, ત્યાં જવાનો નકશો—જે સૂચનાઓ મેળવતાં ને એકઠી કરતાં જ આપણે ત્યાં ચાર દિવસ લાગે તે બધી જ તારીખવાર મારા ઉતારાના ખંડમાંના ટેબલમાં! એ બધી વાંચી રહું છું કે તરત બીજો ટેલિફોન: 'આજ અને કાલ તમે તદ્દન ફ્રી છો. શહેરમાં ક્યાં યે જવું હોય, કંઈ જોવું હોય તો ફરમાવજો. અમારું દફતર તમારા ઉતારાથી ચાર મિનિટના રસ્તા ઉપર જ છે, અમે તમને આવકાર આપીએ છીએ.'

થોડી વાર રહી, તૈયાર થઈ ત્યાં ગયો, તો ત્યાં મિ. મહેતાના નામનાં બે બાકસ (એવાં દરેક આ તુકના બે બાકસ): એક તમારે ચિઠ્ઠી-ચપાટી, કાગળ ટપાલ લખીને નાંખવાં હોય તેને માટેનું; બીજું પરદેશથી આવેલી તમારી ટપાલ માટે. બંને ખુલ્લાં, તાળાકૂંચી વગરનાં. અહીં કોઈ એવા, કોઈના ખાનામાં હાથ ઘાલે એવા અવળચંડાઓ હોતા જ નથી. એ બધી વ્યવસ્થા સમજી, સભાસ્થાન જોઈ, બસવ્યવહારનો અને શહેરનો નકશો લઈ, હું શહેર ખૂંદવા નીકળ્યો;—નહિ, પેલાં બાઈ મેરીઆટ્ટા ઇસોલાને શોધવા ઊપડયો.

મારી પાસે 'ટાપીઓલા' નામે જગ્યાનું નામ. ત્યાં એનું ઠામ, એનો નંબર, પત્તો,–એટલે બસના અડ્ડા ઉપર જઇ બસ ઉપર ટાપીઓલાનું પાટિયું વાંચી એમાં ચડી બેઠો. દરિયામાં છબછબિયાં મારતી નાનાનાના ટાપુઓનાં પગથિયાં કરતી કરતી અમારી બસ શહેરથી ક્યાંક દૂરની દૂર નીકળી ગઈ. કર્કાસારી, લજ્જાસાલો, લત્તાસારી, રાજાસારી, એવાંએવાં નામોના લત્તાઓમાંથી પસાર થઇ કલાકેક પછી ટાપીઓલાના ટાપુમાં પહોંચ્યા. આ ટાપુઓ નાની દોરી જેવા પાકા બાંધેલા રસ્તાઓથી સંકળાએલા; એવી, લોલકો જેવા ઘાટની, ફિનલૅન્ડના આ પાટનગરની બાંધણી જોવાની રસ્તે મઝા આવી.

ત્યાં ઊતરી, થોડેક ચાલી, નંબર જોતાં એક સ્વચ્છ ચાલીમાં મારા નંબરનો પત્તો મળ્યો, એટલે બહારનું બટન દબાવી આપણે ત્યાં ઊભા. થોડી વારે એક નાના બાળકે બારણું ઉઘાડયું. એણે એનાં માબાપને બોલાવ્યાં. એમણે બેસવા સૂચના કરી. બાપે ઉપર જઇ એક કાગળ આણ્યો અને તે મારા હાથમાં મૂકયો. ઓજાજા! આ તો જર્મનીથી મેં લખેલો મારો જ છેલ્લો કાગળ! એમણે ઉઘાડેલો પણ નહિ. અને પછી આગળના કાગળો આપ્યા. પૂછે છે, ફ્રેન્ચ આવડે છે? મેં ના પાડી એટલે, અને હું અંગ્રેજી જ બોલું છું એ તરત સમજી જઈ, અંગ્રેજી જાણતા પડોશીને બોલાવી લાવ્યો અને અમારો વ્યવહાર આગળ ચાલ્યો.

શહેરથી ચાળીસ-પચાસ માઈલ દૂર રહેનારા કામગાર વર્ગના સામાન્ય લોકો, તો યે ત્યાં વાતચીત કરવામાં કશી હરકત નડી નહિ. એમણે મને કહ્યું કે આ મેરીઆટ્ટા ઇસોલા બે-અઢી વર્ષથી આ ઠામ છોડી શહેરમાં બીજે રહેવા ગઈ છે, અને તમારા કાગળો આવેલા તે પરથી એની ખબર કાઢવા છતાં ક્યાંયે પણ ભાળ મળતી નથી. બિચારાઓએ મારી બહુ પૂછપરછ કરી, ચા પાઈ, અને એ ગરીબ ઘરવાળાઓએ પોતાના ઘરમાંના ટેલિફોનનો ઉપયોગ કરી ખબર કાઢવા ઘણી કોશિશ કરી, પણ ક્યાંય પત્તો ન મળતાં મારા કરતાં પણ વધારે નિરાશ થયાં; અને હું ત્યાંથી પાછી ફરનારી બસમાં વાપસ રવાના થવા ઊપડયો.

પાછા ફરી અમારી કૉન્ફરન્સના દફતરમાં જઇ મેં વાત કરી. જેટલી વિગતો હું જાણતો હતો એટલી મેં એમની આગળ રજૂ કરી. એમાં એક કડી એવી હતી કે એ બાઈ સમાજસેવાનું કામ કરનારી મંડળીમાં કૈંક કરતી હતી. દફતરદારોમાં છ-સાત જણા,–ના છ-સાત જણીઓ. એમાંથી એકે બીડું ઝડપ્યું, અને કહ્યું કે તમે તમારે ઉતારે જાઓ–એન. એન. કે. વાઇ.   KY નનંકી હોટેલમાં. ત્યાં ખબર પહોંચાડીશું.

અરધા દિવસમાં મેં પરા વિભાગ ખંખેરી નાખ્યો હતો, એટલે હવે જરા ટહેલવા શહેરમાં ભમીએ. એમાં અમારા શાસ્ત્ર પ્રમાણે સૌથી પહેલાં રેલવે સ્ટેશન ઉપર લટાર મારીએ. સ્ટેશન એટલે ગામનું પાદર. આ જમાનામાં કેટલેક ઠેકાણે પાદરને ઊંચકી ગામની વચમાં લાવ્યા છે. ત્યાં ભાતભાતની વાતો, જાતજાતની આવનજાવન, અનેક સુખવાસી, દુખિયારા, નોધારા, લુચ્ચાલફંગા, હાડકાના આખ્ખા, આળસુ, ધંધા વગરના અમીર-દાદાઓનો અડ્ડો હોય. તરેહતરેહનું જાણવાનું મળે. નહિ; પણ હું ભૂલ્યો. આ તો યુરોપ. અહીં સ્ટેશન એ શહેર-પાદર ખરું, પણ કામધંધા વગરના વાત-બાદશાહોનો અડ્ડો તો નહિ જ; આલી-મવાલીઓ, દાદા દોંગાઓનાં ચોકા-બેડકો તો નહિ

જ. અહીં વળી ફુરસદ જ કોને છે? દોડધામ, કામકાજ—ઘડીપળનાં હિસાબી કામકાજ. આ ટેલિફોનની હરોળ આગળ પણ કયૂની લંગાર-લંગાર. બાકસમાં વ્યક્તિ ગઈ, તો બહુબહુ તો ત્રણ મિનિટમાં વાતચીત કરીને બહાર; અને 'સૉરી' કહી ચાલતી પકડે તે વધારામાં. આપણે ત્યાં ટેલિફોન ઉપર જે અરધા-પોણા કલાકના ટાહેલા-વિસ્તાર ચાલે છે એવો વખત બગાડવાની ત્યાં એમને ફુરસદ જ કયાં છે?

સ્ટેશનની નાનકડી અને નાજુક બાંધણી ગમી. ઠીક ફર્યો. બાજુમાં બે થીએટરો છે એ જાણ્યું. ખુશહાલ ચિત્તે પાછો ફર્યો. અહીં ભૂખ પણ ખાસ્સી લાગે. ડગલે અને પગલે રેસ્ટોરાં. ખાવા માટે કયાંયે પણ અડચણ પડતી નહિ. ત્યાં અંગ્રેજી પણ ઘણાં જણ સમજે. લંડન 'ટાઇમ્સ' વેચાતું મળે; અને અંગ્રેજી પુસ્તકો પણ. ફ્રેન્ચ બોલનારા પણ એટલા જ. રશિયન બોલનારા પણ ઠીક પ્રમાણમાં મળે. બે ત્રણ પરદેશી ભાષા શીખવી એ તો અહીં ભણતરનો બંધ-પ્રબંધ.

ઠીકઠીક ફરી પાછો ફર્યો અને મારી હોટેલમાં દાખલ થઇ ચાવી લઉં છું ત્યાં સાથે ચિઠ્ઠી : કોઈ મળવા આવ્યું છે, દીવાનખંડમાં રાહ જુએ છે. જાઉં છું ત્યાં, અને જોઉં છું તો એક બાઈ ઊભી થઈ, હસી અને પછી અંગ્રેજીમાં માફી માગવી શરૂ કરી. એ જ આ મેરીઆટ્ટા ઇસોલા.

એને ઘેર મારા જૂનામાં જૂના દોસ્ત ડૉ. ભાસ્કર યોધનાં વહુ સૌ. બકુબહેન રહી આવ્યાં હતાં. યોધના પુત્ર ડૉ. ગૌરાંગ ને આ મેરીઆટ્ટા અમેરિકામાં એક કૉલેજમાં સાથે ભણતાં એ મૂળ ઓળખાણ. માણસ માણસને કયાં લઈ જાય છે, લેણદેણ કયાંની કયાં ચોપડા ખોલવા ખડી થાય છે, એનો કોઈ અંદાજ કાઢી શકે એમ નથી. બીચારી મેરીઆટ્ટા! એણે ઘર બદલ્યું ત્યારે મિત્રોને સરનામાનો ફેરફાર જણાવવાનું જ ભૂલી ગઈ હતી, અને પોતાના ગામમાં પણ ડાકખાતાને લખવાનું ભૂલી ગઈ હતી. એવી એ બાઈ; ખાસ ભુલકણી તો નહિ, પણ મનને બસ એમ જ, કે મને વળી કોણ અહીં કાગળ લખવા બેસી રહ્યું છે જે? મળવાનું હશે તેને મળાશે, ભાગ્યાધીન જ છે બધું, એમ માનનારી; સેવાકામમાં જીવન ગાળનારી; ભણીગણી માબાપથી છૂટી રહેનારી; ભારતમાં આવી રહેવા ભારે હોંસ સેવનારી; અતડી તેની સાથે પૂરી અતડી, મળતાવડી એની સાથે ઠીક મળતાવડી; એવી આ બાઈ. વાતો કરતાં અમે મારા રૂમમાં ગયાં. સૌ. બકુબહેને એને આપવા માટે જાતજાતની ભેટ મોકલી હતી, કેટલીક કીમતી પણ હતી, એ આપતાં વાર જ એની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. બેઠાંબેઠાં અમે બહુ વાતો કરી. મને એના નવા સરનામાની જાણ કરી, ટેલિફોનનો નંબર આપ્યો અને સાંજને પહોરે પાછાં અમે બંને શહેર ખૂંદવા નીકળી પડયાં.

ફરી કરીને એને ઘેર ગયાં. નાનકડું પણ સારું રહેવાનું. સ્વચ્છ તો ખરું જ. સામે એક બાગ. નીચે ઊતરતાં જ ટ્રામ. ત્યાં એણે મને પોતાને ત્યાં રહેવાનો વિવેક કર્યો,—પણ બે દિવસ પછી; કારણ હમણાં તેને ત્યાં એક ફ્રેન્ચ બાઈ મહેમાન હતી. કાગળ મળ્યા હોત તો એ બધી તજવીજ કરત. પણ મારો ઉતારો કૉન્ફરન્સની જગ્યાથી દોઢ જ ડગલું દૂર હોવાથી મને મારી હોટેલ જ ઠીક લાગી.

એટલામાં પેલી ફ્રેન્ચ બાઈ પણ આવી પહોંચી. એ ફિનલૅન્ડ કેમ આવી હતી? તો કહે કે એવાં સો શિક્ષક ફિનલૅન્ડમાં આવ્યાં હતાં, ફ્રેન્ચ શીખવવા—ફિનલૅન્ડની સરકારે બોલાવેલાં. એકલાં ફ્રેન્ચ જ? ના; એવાં સો અંગ્રેજી શીખવનારાં પણ ખરાં અને જર્મન શીખવનારાં પણ ખરાં. જુદાંજુદાં કેન્દ્રોમાં જુદીજુદી ભાષાઓ શીખવે. આપણે તો આપણા પર-પ્રાન્તની ભાષા યે ન જાણીએ, ક્વચિત સૂગ પણ સેવીએ, તો વળી પરદેશી ભાષા શીખવાની વાતમાં કયાં પડીએ? નહિ રે; પર-પ્રાંતની ભાષાના વાદવિવાદમાં એકબીજા પર થૂંક ઉડાડીએ, જીભ કાપીએ, ડોકાં મરડીએ, ખંજર ખૂંપાવીએ, લાજ લૂંટીએ, ઘર બાળીએ, એમાં નાનાં બાળકોને હોમીએ, અને સામે હાથ બાંધેલી માને એ જોવા બાંધી બેસાડીએ,—એવો આપણો સ્વ-ભાષાનો મીઠો માદક પ્રેમ, ત્યાં આ એક ભારતી, બીજી ફ્રેન્ચ, ત્રીજી ફિનાઈ અને ત્રણે એક ભાષામાં હસીરમી વાતો કરે એ અઘટિત તો કહેવાય જ ને!

પણ હમણાં આપણે મેરીઆટ્ટાને એની ફ્રેન્ચ મહેમાન સખીની સરભરામાં, ને એને વિદાય આપવાના કામમાં પરોવાએલી રહેવા દઇ મૂળ વાતને પકડીએ. નટ નાટક અને નાટકશાળા, એનો નિચોડ હેલસિન્કીમાં આ આઠમી પરિષદ ભરવાની ત્યાં. નાટકની બાબતમાં તે વળી આઠ દિવસની ચર્ચા શી?—એવું પૂછનારા નબીરા પણ નીકળ્યા છે!

આ કૉન્ફરન્સને લગતી વિગતોને આપણે ત્રણ વિભાગમાં વહેંચી દઈશું. એક ભાગ તે વ્યવસ્થાનો; બીજો વિભાગ એનાં કામકાજ-વહીવટ, ભાષણ-ઠરાવ વગેરેનો; અને ત્રીજો, આસપાસનું વાતાવરણ-જે કાંઈ જોયું-બોયું, જાણ્યું-માણ્યું, ખાણીપીણી ને છેવટે ટૂંકમાં તારવણી-સારવણીનો. એમની વ્યવસ્થાશક્તિમાંથી આપણે ઘણું શીખવાનું છે. આપણે તો હજી બાળપોથી ઘૂંટીએ છીએ; અને બધું જ આવડે છે એવો દંભદર્પ રાખીશું તો આવડતી બાળપોથી પણ ભૂલી જઇશું.

કૉન્ફરન્સને આગલે જ દિવસે આખા કાર્યક્રમની છપાએલી પુસ્તિકા ફ્રેન્ચ અને અંગ્રેજી બંને ભાષામાં અમારે ઉતારે દરેકને પહોંચી ગઈ હતી. આ કૉન્ફરન્સ પાંચ મહાનુભવોની રાહબરી નીચે ભરાતી હતી: (૧) ફાગરહોમ, તે ફિનલૅન્ડમાં સ્વીડિશ ભાષામાં નાટક કરનારા મંડળોના સંઘના પ્રમુખ, બહુ મોટા માણસ; (૨) હાઇકો હોસીઆ, તે ફિનલૅન્ડ રાજ્યના આશરા હેઠળ ચાલતી નાટયસંસ્થાઓના પ્રમુખ, અને નાટયશિક્ષણના પ્રોફેસર; (૩) ઓટીનેન તે ત્યાંની યુનેસ્કોની નૅશનલ કમિટીના પ્રમુખ; (૪) હુરેનરાઈન, તે ફિનલૅન્ડમાંનાં નાટયમંડળોના યુનિયનના પ્રમુખ, પોતે નાટયકલાના પ્રોફેસર; અને (૫) હીએકી હોસિયા, શિક્ષણખાતાના પ્રધાન, જાતે સારા લેખક અને વિદ્વાન. આ પાંચની રાહબરી; પણ ડખલ કશી નહિ. કર્તાકારવતા એક સમિતિ. તેના પ્રમુખ આરવી કિવિમા. સમિતિ દસ જણની, એમાં બે મંત્રીઓ; અને રોજિંદું કામકાજ આટોપનારી પેટાસમિતિ પાંચની, એમાં પ્રમુખ આરવી કિવિમા, બે મંત્રીઓ, અને બીજા બે. બસ, આ પાંચ જણનો જ દેખીતો વહીવટ. બધું નક્કી કરી રાખેલું. એમાં કાંઈ ફેરફાર નહિ. ધાંધલ-ધરપચ, ધાંટાઘાટ, મારામારી, કંઈ નહિ. વખતસર, ગોઠવણ મુજબ વહીવટી તંત્ર ચાલ્યા જ કરે.

આરવી કિવિમા તે ફિનલૅન્ડનો સજાગ નાટયલેખક; આગળ એક કિવિમા પ્રખ્યાત સાહિત્યકાર થઇ ગયો હતો એનો આ વંશજ. મળતાવડો, નમ્ર, હસમુખો, મહેનતુ, શાંત સ્વભાવનો, ગમી જાય એવો માણસ. ઊર્મિલ તે કેવો, એ આપણે છેલ્લે દિવસે હેલિસીમા ગામમાં જોઇશું. શિક્ષણખાતાના એક પ્રધાનસાહેબ સિવાય બીજા કોઈ કેવળ પૈસાને છાકે ઘૂસી આવેલા માલેતુજાર ગઠિયાઓ નહિ; સત્તાની રૂએ આવી આગલી ખુરશી ઉપર મફતિયા બેસી જનારા તુંડમિજાજી અધિકારીઓ નહિ; ઠાઠઠઠેરો કરી અમરથાં હાલણમાલણમાં મહાલનારાં દંભી બૈરાંઓ પણ નહિ, નાટય પ્રવૃત્તિઓને જ વળગી એનો વિકાસ સાધવામાં તત્પર એવા સેવાભાવીઓ.

અમારા હાથમાં આગળથી સંમેલનના સિત્તેર-એંશી પ્રતિનિધિઓ જ્યાં ઊતરવાના હતા એના હોટેલ-ઉતારાના રૂમનંબર, ટેલિફોન નંબરની છાપેલી યાદી; એટલે કોઇ જાણીતા જોડે વાતચીત કરવી હોય તો એમાં હરકત પડે નહિ. બીજે દિવસે વળી છેલ્લી ઘડીએ ન આવી શકેલા એવા બે-પાંચ પ્રતિનિધિઓની યાદી દરેકને પહોંચતી થઈ ગઈ. પણ

પ્રતિનિધિના ઉતારામાં કે ટેલિફોન નંબરમાં ભૂલચૂક ક્યાં યે નહિ. અને આમતેમ આડાઅવળા દોડતા, પોતાની જાતને રાજા વિક્રમ કે બાદશાહ બાબર કરતાં પણ વધારે અગત્યના માનતા, બિલ્લા પહેરી સટરપટર કરનારા એવા આપણા જેવા સ્વયંસેવક પણ શોધ્યા જડે નહિ. એની તો એ આઠે દિવસમાં જરી જેટલી પણ જરૂર પડી નથી,– પડે જ નહિ એવી એ વ્યવસ્થા. યુરોપમાં ઘણા દેશોમાં ઘણી કૉન્ફરન્સોમાં આવી વ્યવસ્થા હોય છે: ડાકટરી, ઈજનેરી, રાજકીય બધે જ. સાર એટલો કે ત્યાં આ બહુ સાધારણ વાત છે. આવી વ્યવસ્થામાં કેટલાક દેશો તો પારંગત છે. એમાં ફિનલૅન્ડના શાંતિપ્રિય સ્વભાવનું પ્રતિબિંબ ધ્યાન ખેંચે એ કુદરતી છે.

હવે હું એક ખરો બનેલો કિસ્સો વર્ણવું. સંજોગવશાત તે દિવસે અમે દિલ્હીમાં પાલમ એરોડ્રોમ ઉપર જ. ત્યારે વિજ્ઞાનની એક કૉન્ફરન્સ માટે અમેરિકાથી આવનાર એક મહેમાન પ્રતિનિધિ ભારતની ભૂમિ ઉપર ઊતર્યા એને કોઈ લેવા આવનાર હાજર નહિ! થોડી વાર એ થોભ્યા; પછી એર ઇન્ડિયાના ટ્રાન્સપોર્ટમાં કૉનૉટ સર્કસ પહોંચ્યા. ત્યાં પણ કોઇ નહિ. ત્યાં ઠીક થોભ્યા પછી એમની એમ્બૅસીને ટેલિફોન કર્યો. એ પહેલી વાર જ ભારત આવેલા, ભારતના મહેમાન. અમેરિકન એલચીખાતાએ એક હોટેલમાં એમની વ્યવસ્થા કરી દીધી, ત્યાર બાદ એમને લેવા જનારા જાગ્યા! દોડયા, એમને શોધી કાઢયા, અને કહે કે અમે તમારે માટે વ્યવસ્થા કરી જ છે, ચાલો. પેલા મહેમાને વિનયપૂર્વક ના કહી; જે છે તે ઠીક છે; હવે ક્યાં ફેરફાર કરવો? કશી ફરિયાદ પણ ન કરી. ત્યાં આપણા ભારતીય અફસરે ઉપરથી વળી સૂચના કરી કે કૃપા કરી તમે અમારા ઉપરી-અધિકારીઓને આપને પડેલી અગવડ માટે કશો ઈશારો ન કરતા!

હવે ફિનલૅન્ડના પેલા છાપેલા પ્રોગ્રામને લઈએ. એમાં પહેલે પાને આગલી સાત કૉન્ફરન્સનો ઇતિહાસ; આ આઈ. ટી. આઈ–ઇન્ટરનૅશનલ થીએટર ઈન્સ્ટીટયૂટ (આંતરરાષ્ટ્રીય નાટયસંસ્થા)ના ધ્યેય વિષે, નાટકની સૃષ્ટિમાં ભૌગોલિક સરહદો ઓળંગવી યા નાબૂદ કરવી એ પ્રશ્ન ઉપર ભાર મૂકનારું એક જ પાનામાં ટૂંકું અને ટચ લખાણ. બીજે પાને ફિનલૅન્ડના નાટયકાર અને ફીનાઈ નાટય સંસ્થાઓના પ્રમુખ આરવી કિવિમાનું સોળ લીટીમાં સ્વાગત વચન: ભલે પધાર્યા, આ અમારો દેશ, અહીં આપને અમારા સાહિત્યમાં કાવ્ય-નાટક-નવલકથામાં શાંતિનો સંદેશો મળશે; અમે આપની ઘટતી સરભરા કરીશું.

પહેલે દિવસે સવારે કારોબારીની સભા મળી અને બપોરે લંચ પછી કૉન્ફરન્સની શરૂઆત થઈ. સ્વાગત પ્રમુખનાં ટાહ્યલાં, અમારા દેશની જાહોજલાલી, આ શહેરની પ્રતિષ્ઠા, એનો જૂનો ઇતિહાસ, જોવા લાયક સ્થળોની માહિતી વગેરે કશું જ નહિ. અરે સ્વાગત-પ્રમુખ જ નહિ ત્યાં એવા લોચા કેવા? ઉપરાંત કોઈ પ્રધાન મહાશયે પણ અણસમજણનાં અજવાળાં ન પાથર્યાં, કે શબ્દના સાથિયા ન પૂર્યાં. આઈ.ટી.આઇ.ના રૂમાનિયન પ્રમુખ બિાગડાનોવિકે કેટલીક મહત્ત્વની રેખાઓ દોરી આપી; પ્રતિનિધિઓમાં બે ભાગ પાડી આપ્યા: એક પબ્લિકેશન કમિટી અને બીજી નાટક સંબંધી મુદ્દાઓની ચર્ચાસભા. જેને જેમાં જવું હોય તે જાય. એમ આખા આઠ દિવસની કાર્યવહી નક્કી કરવામાં આવી. જો કોઈ પ્રતિનિધિઓને ખાસ કંઇ કહેવાનું હોય તો તે કહેવા સૂચના કરવામાં આવી. અને અંગ્રેજી હોય તો એનું ફ્રેન્ચ, અને ફ્રેન્ચ હોય તો એનું અંગ્રેજી ભાષાંતર તરત જ થતું રહે એ પ્રમાણે આખો કાર્યક્રમ શાંતિથી, કશા ધાંધાટ વિના, યુનિવર્સિટીના આલીશાં કૉન્વોકેશન હૉલમાં સાદાઇથી પૂરો થયો. (ચાલુ)

અથાણું

એક સ્ત્રી (પાડોશણને): અમે આવતા અઠવાડિયે નવા મકાનમાં રહેવા જઇશું. ત્યાં અમને બહુ જ સારો પાડોશ મળશે.

પાડોશણ: ને અમને પણ હવે તો મળવાનો.

સ્ત્રી: કેમ, તમે પણ મકાન બદલવાનાં છો?

પા.: ના, અહીં જ રહેવાનાં છીએ, એટલે!

~

'રમણલાલે પોતાનાં જોડકાં બાળકોને ઓછે ખર્ચે કેળવવાનો નવો રસ્તો શોધી કાઢયો છે!'

'શો?'

'તે એકને સવારે અને બીજાને સાંજે નિશાળે મોકલે છે, ને ફી એકની જ ભરે છે.'

~

બાપા: (વાંચતાં વાંચતાં વિચારમાં પડી ગએલા રમેશને) કેમ, શો વિચાર કરે છે?

રમેશ: એ જ કે, માછલીનાં બચ્ચાં તરતાં શીખ્યા પહેલાં ડૂબી કેમ નહિ જતાં હોય?

~

હોટેલમાં એક ગ્રાહકે બીજાને કહ્યું, 'મને લાગે છે કે આપણે અગાઉ મળ્યા છીએ.'

'એમ? તમે શું મને ઓળખો છો?'

'તમને નહિ પણ તમારી છત્રીને. ત્યારે તે તમારી પાસે નહિ, પણ મારી પાસે હતી.'

૩૧૯ ('કુમાર' અંક ૪૫૩)

એક કવિ ખરીદી માટે બજારમાં જતા હતા. તેની પત્નીએ તેને બે રૂપિયા આપ્યા અને કહ્યું કે એકની ખાંડ લાવજો ને બીજાનો ગોળ લાવજો. થોડી વારે કવિ ખાલી હાથે પાછા ફર્યા.

પત્નીએ પૂછ્યું: કેમ પાછા આવ્યા?

કવિ: હું એ પૂછવું ભૂલી ગયો કે કયા રૂપિયાની ખાંડ અને કયા રૂપિયાનો ગોળ લેવો.

~

શિક્ષક: ચાલો જોઈએ, બિહારમાંથી આપણે ત્યાં શું આવે છે?

છોકરો: મને ખબર નથી.

શિક્ષક: કેમ સાકર ક્યાંથી આવે છે તેની તને ખબર નથી?

છોકરો: એ તો અમે પાડોશીને ત્યાંથી ઉછીની લાવીએ છીએ.

~

'તમે પ્રતિવાદીને હિસાબો બતાવ્યા?' વકીલે અસીલને પૂછ્યું.

'હા, સાહેબ.' અસીલે જવાબ દીધો.

'તો પછી તેણે શું કહ્યું?'

'કહે કે જહન્નમમાં જા!'

'એટલે પછી તમે શું કર્યું?'

'હું સીધો તમારે ત્યાં આવ્યો.'

નાસ્તો પૂરો કરી ગ્રાહકે મૅનેજર પાસે જઇ કહ્યું, 'તમારું રસોડું બહુ સ્વચ્છ હોવું જોઇએ.'

'આપનો આભાર'. મૅનેજર બોલ્યા, 'મેં તો જાણ્યું કે આપ કંઈક ફરિયાદ કરવા આવ્યા હશો. પણ આપને અમારું રસોડું ચોખ્ખું છે એવો ખયાલ શાથી આવ્યો?'

'કારણ કે લગભગ એકેએક ચીજમાં સાબુનો સ્વાદ આવે છે.' ગ્રાહકે શાંતિથી કહ્યું.

~

'પંદર વરસ સખત મજૂરી સાથે જેલ, ને પછી દેશપારી'–ન્યાયાધીશે સજા જાહેર કરી, ને પછી આરોપીને પૂછ્યું, 'તારે કૈં કહેવું છે?'

'હા જી' આરોપી બોલ્યો 'પહેલાં મને દેશપાર કરવામાં આવે.'

~

'કેમ બેટા નિશાળે ગમ્યું કે?' પહેલી વાર નિશાળે જઇ આવેલા કનુને માએ પૂછ્યું.


'હોવે;' કનુએ કહ્યું, 'પણ મા, અમારા માસ્તરને કંઇ આવડતું લાગતું નથી.'

'કેમ?' માએ પૂછ્યું.

'એમને એટલી ય ખબર નહોતી કે બેને બે કેટલા થાય. તે એમણે મને પૂછ્યું, ને મારે એમને કહેવું પડ્યું.'

કેરી પપૈયાં અને બીજાં ફળ

લોકપ્રિય
લેખમાળા
આહાર અને
આરોગ્ય
૨૧



ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ફળ કુદરતની ઉમદા બક્ષિશ છે. એની વિશિષ્ટતા એ છે કે તે કુદરતી રૂપમાં જ ખાઈ શકાય છે. એમાં સૂર્યની શક્તિ સભર ભરેલી છે. ફળોની શર્કરાઓનો શરીરમાં તરત જ ઉપયોગ થાય છે ને તેનું શક્તિમાં તરત રૂપાંતર થાય છે. ઝડપથી વધતાં બાળકોમાં શક્તિનો વ્યય બહુ થાય છે. એ અરસામાં તેમને બહુ ગમતા ગળ્યા પદાર્થો આપવા કરતાં ફળો આપવાથી શરીર સુદૃઢ અને નીરોગી બને છે. ફળોમાં શર્કરા, ક્ષારો ને વિટામિનો આ ત્રણ ચીજો મુખ્ય છે. શરીરનું આરોગ્ય જાળવવા અનિવાર્ય એવા ક્ષારો અને વિટામિનો મેળવવા આપણા આહારમાં રોજ ફળોનો સમાવેશ થવો ઇષ્ટ છે.

ઋતુઋતુએ નિપજતાં વિવિધ ફળોમાં જો કોઈ ફળ લોકો ખોરાક તરીકે ધરાઈધરાઇને ખાતા હોય તો તે ઉનાળાનું અમૃતફળ કેરી છે. કેરીનું ફળ એટલું તો રુચિકારક, મધુર અને સ્વાદિષ્ટ છે કે તેને નજરે જોઈ કે તેની સોડમ આવતાં કે તેનું નામ સાંભળતાં વેંત તે ખાવા આપણું મન લલચાય છે અને પેટ ભરીને ખાધા છતાં ય તે ખાવાનો અભરખો રહ્યા કરે છે. આવા અતિ લોકપ્રિય ફળને કુદરતે પણ જાણે કે નિરાંત લઇને સર્જ્યું ન હોય, તેમ સુગંધ, સ્વાદ, વર્ણ અને વૈવિધ્યમાં બીજું કોઈ ફળ તેની તોલે નથી આવતું. તેનું વૈવિધ્ય જાણો છો ખરા? કેરીની લગભગ પાંચસો જાતો ગણાવવામાં આવે છે. નાના મરવા જેવા કદથી માંડી બશેર અઢીશેર વજનની એક કેરી હોઈ શકે છે. તેમના ઘાટ નિરનિરાળા હોય છે: કોઇ ગોળ, કોઈ લંબગોળ, તો કોઇ તો એક બાજુ વળી પોપટની ચાંચ જેવો ઘાટ ધારણ કરે છે. દરેકની સુગંધ પણ જુદીજુદી હોય છે, તો પછી એ નાનાવિધ જાતના રસના સ્વાદ પણ નિરનિરાળા હોય એમાં શી નવાઈ? એકીસાથે આટલા બધા ગુણો ધરાવતું બીજું કોઈ ફળ જાણ્યામાં નથી.

રસ, રૂપ અને ગુણમાં આવા વિરલ ફળ કેરીનાં સંસ્કૃત કવિઓએ વિવિધ નામો આપેલાં છે: મધુફળ, ફલાધિરાજ, આમ્ર ને રસાળ. આંબાને કલ્પવૃક્ષ; વસંતદ્રુમ, સહકાર, કામાંગ, મધુદૂત, અતિસૌરભ અને તે કોયલનું પ્રિય વૃક્ષ હોવાથી પિકવલ્લભના નામે પણ તેને ઓળખાવ્યો છે. વેદની ઋચાઓ અને પુરાણોમાં કેરીનો ઉલ્લેખ મળે છે. ચીની યાત્રી હ્યુ એન ત્સંગે તેને હિંદના કિનારાઓના પારના પ્રદેશમાં 'બેનમૂન સર્વાંગ સુંદર ફળ'ની ખ્યાતિ અપાવી છે. હિંદની કોઇ ચીજને નહિ વખાણનાર મુઘલ બાદશાહ બાબરે પણ કેરીનાં વખાણ કર્યાં છે. અને નીરસ પ્રકૃતિના ઔરંગઝેબ દરભંગા લાલબાગમાં લાખ જેટલા આંબા ઉગાડ્યાની ઇતિહાસ સાખ પૂરે છે. મશહૂર કવિ અમીર ખુશરો (ઈ. સ. ૧૩૧૦–૧૩૮૨)એ તો કેરીનાં પુષ્કળ વખાણ કર્યાં છે. આવી ગૌરવવન્તી કેરી એ ભારતનું રાષ્ટ્રીય ફળ છે. કેરીનું લૅટિન શાસ્ત્રીય નામ 'મેન્ગી પેરા ઇન્ડિકા' પણ આની સાખ પૂરે છે.

ભારત ઉપરાંત સિલોન, બ્રહ્મદેશ, અગ્નિએશિયાના દેશો, પૂર્વ આફ્રિકા, બ્રાઝિલ, ફિલિપાઈન ટાપુઓ ને ઉષ્ણકટિબંધના બીજા દેશોમાં પણ આંબા ઊગે છે ખરા, પણ કેરીનો હિંદનો પાક સૌથી વધી જાય છે. વળી ભારતીય કેરી ઉત્કૃષ્ટ લેખાય છે. આમાં મુંબાઇની હાફુસ, કાશીની લંગડા, ગુજરાતની વલસાડી, સૌરાષ્ટ્રમાં મહુવાની જમાદાર ને જૂનાગઢની સાકરિયા, દક્ષિણ હિંદની નીલમ અને તોતાપુરી કેરીઓ વખણાય છે. ખુશબોદાર, ખૂબ સ્વાદિષ્ટ, વિપુલ ગર્ભ ને ઓછા રેષાવાળી કેરી ખાવા માટે શ્રેષ્ઠ લેખાય છે.

હોળીના અરસામાં કેરીના મરવા તૈયાર થાય છે. અખાત્રીજ પછી કેરીની સાખ પડે છે ને રોહિણી નક્ષત્રમાં પાકી કેરીનો મીઠોમધ રસ ખાવા મળે છે. કાચી કેરી મળવા માંડે છે ત્યારથી તેનાં કચુંબર ચટણી ને શાક બનાવવાના તથા દાળમાં ખટાશ આણવાના વિવિધ વપરાશ થાય છે. આ તો ઠીક, પણ તેના સ્વાદની બારે માસ મજા માણવા માટે જાતજાતનાં અથાણાં બનાવાય છે. બોળ કેરી (મીઠાના પાણીમાં આથેલી પાકવા આવેલી કેરી) વાટે કાચી કેરી ખાધાનો સ્વાદ માણી શકાય છે. પાકી કેરીના રસને તડકે સૂકવી બનાવેલા પાપડ ઘી ચોપડીને ખવાય છે, તો કાચી કેરીનાં ચીરિયાંને તડકે સૂકવી બનાવેલાં આંબોળિયાં દાળમાં ખટાશ આણવા બારે માસ વપરાય છે.

ત્રણ વિવિધ રસો ધરાવતી કેરી વાત, પિત્ત ને કફના દોષોનું શમન કરવાનો ઔષધીય ગુણ ધરાવે છે. મરવાનો તૂરો રસ કફ દૂર કરે છે, કાચી કેરીનો ખાટો રસ પિત્તનું શમન કરે છે.

વસંતઋતુમાં ઋતુજન્ય વિષમ પરિસ્થિતિના કારણે શરીરમાં કફજ દોષો પેદા થાય છે. આ દોષોને નિવારવા આયુર્વેદમાં તૂરા રસોનું સેવન કરવાનો આદેશ છે. મરવા ને કાચી કેરીના ખાટા રસથી ભૂખ ઊઘડે છે ને ખોરાક પચે છે. મંદાગ્નિવાળાને કાચી કેરીનું કચુંબર જીરા મીઠા ને આદા સાથે ખાવું હિતકારી છે. કેરીનું શરબત પીવાથી શરીરની ખોટી ગરમી શમે છે. સ્કર્વી રોગ (દાંતનાં ફૂલેલાં અવાળાંમાંથી લોહી પડવા)થી પીડાતા માટે ગોળ સાથે કાચી કેરીનું કચુંબર કે છૂંદો ને ગોળ નાખી બનાવેલું બાફેલી કેરીનું ખાટિયું લાભદાયી છે. કેરી ને ડુંગળીના કચુંબરથી ઉનાળાની લૂ લાગતી નથી ને લાગેલી લૂ મટે છે.

આયુર્વેદમાં કાચી કેરીને 'ત્રણે દોષ કરનાર તથા લોહી બગાડનાર' ગણાવી છે તો સાખને 'ભારે, વાયુ કરનાર ને પિત્તનો પ્રકોપ કરનાર' કહી છે. ખાટી કેરી બહુ નહિ ખાવાની ભાવમિશ્રની સલાહ છે: 'બહુ કેરીઓ ખાધાથી અગ્નિ મંદ થાય છે, મલબદ્ધ થાય છે, પેટના ને નેત્રના રોગ થાય છે! વળી લખે છે કે 'જો કાચી કેરી વિશેષ ખાવી હોય તો સૂંઠના પાણીના અનુપાનથી અગર તો સંચળ સહિત જીરા સાથે ખાવી!

કાચી કેરી ખાવા માટે અન્ય આયુર્વેદાચાર્યોની પણ આવી સલાહ છે: 'પિત્તરોગીએ કેરીમાં ગોળ મેળવીને ખાવો, કફના રોગીએ એમાં સૂંઠ-મરી ભેળવવાં; ને વાત રોગીએ એમાં મીઠું ભેળવવું. પાકી કેરીનો રસ વાયડો ન પડે તે માટે એમાં સૂંઠ ને ઘી નાખવાં.'

પાકી કેરી બે રીતે ખવાય છે: કલમી કેરી કાપીને અને દેશી કેરી ચૂસીને કે રસ કાઢીને. પાકી કેરી ચૂસીને ખાવાના લાભમાં ભાવમિશ્ર કહે છે 'બહુ રુચિકારક, બળ આપનાર, વીર્ય વધારનાર, હલકી, ટાઢી, તુરત પચનાર, વાયુ તથા પિત્તને હરનાર ને મળને ખસેડનાર છે.' પણ

આપણે તો મોટા ભાગે રસ કાઢીને ખાઈએ છીએ. એવા રસના ગુણ-દોષ વર્ણવતાં ભાવમિશ્ર લખે છે: 'બળ આપનાર, ક્ષાર, વાયુ હરનાર, મળને ખસેડનાર, તૃપ્તિ આપનાર, પુષ્ટિ કરનારને કફ વધારનાર છે.'

મહર્ષિ સુશ્રુતે પાકી કેરીને 'પુષ્ટિ આપનાર ને વીર્ય વધારનાર' કહી છે તો મહર્ષિ ચરક પાકી કેરીની ગુણગાથા આવી કહે છે: પાકી કેરી વાયુને જીતે છે અને માંસ, વીર્ય તથા બલ આપનાર છે.

હાફુસ કેરી માટે ભાવમિશ્રનો આવો મત છે: 'મધુર, દસ્તને રોકનાર, રૂક્ષ અને મળબંધ આફરો તથા વાયુ કરનાર છે; કફ પિત્તને મટાડનાર છે. કાપીને ખાવાની કેરી બહુ ભારે ને ઘણી વારે પચનાર છે.'

કેરીમાં વિટામિન 'એ', વિટામિન 'બી-૨' અને થોડું વિટામિન 'સી' છે. પાકી કેરી વિટામિન 'એ'ના પૂર્વરૂપ કેરોટિનથી અતિ સમૃદ્ધ છે. એક ઔંસ પાકી કેરીમાંથી ૧૩૬૩ યુનિટ વિટામિન 'એ' મળે છે, જે બીજાં બધાં ફળો કરતાં અતિગણું વધારે છે. વિટામિન 'એ' રોગ-પ્રતિકાર-શક્તિ આપનાર છે. પાકી કેરીમાં ૮ ટકા જેટલી શર્કરા હોવાથી તે મિષ્ટ લાગે છે. કૅલ્શ્યમ, લોહ ને ફૉસ્ફરસ આદિ ખનિજ પદાર્થો ને ક્ષારો સારા પ્રમાણમાં હોવાથી પૌષ્ટિક છે. તેના સાઈટ્રેટ ક્ષારથી લોહીનું અમ્લત્વ જળવાય છે. રેષાઓને લીધે કેરી સુપાચ્ય નથી, માટે અજીર્ણથી પીડાતા લોકોએ એકીસાથે તે બહુ ના ખાવી. વળી કેરીથી ઢીલો મળ આવતો હોવાથી ઝાડા થયા હોય ત્યારે પણ તે ન ખાવી. એક ઔંસ પાકી કેરીથી ૧૪ ઉષ્ણાંક ગરમી મળે છે, ને કાચીમાંથી ૧૧.

ભાવમિશ્રે પાકી કેરીને पक्वं तु मधुरं वृष्यं स्निग्धं बलसुखप्रदम् ॥ (મધુર, વીર્ય વધારનાર, સ્નિગ્ધ, બળ તથા સુખ આપનાર) કહી છે. વળી આ પ્રાચીન ભારતીય આહારશાસ્ત્રી દૂધની સાથે કેરી ખાવાના (એટલે રસમાં દૂધ ભેળવીને, કે રસ ખાધા બાદ દૂધ પીવાના) લાભ-માં આવું કહે છે: 'એ વીર્યને વધારે, વર્ણને સારો કરે, વાયુ તથા પિત્તને હરે, રુચિ ઉપજાવે, પુષ્ટિ આપે ને બળ વધારે છે.' કેરીના આ કલ્પ (પ્રયોગ)થી શરીરમાં લોહી માંસ તથા બલ પુરાય છે, વજન વધે છે. આયુર્વેદીય આમ્રપ્રયોગથી સંગ્રહણી અને પાંડુરોગ અવશ્ય મટે છે.

કેરીની ગોટલી જોકે ઢોરોનો ખોરાક ગણાય છે, પણ તેનાં આહાર-મૂલ્યોને લીધે તે આપણા ખોરાકમાં પૂરક નીવડે એમ છે. તેમાં ૬·૫૬ ટકા પ્રોટીન, ૭૯·૨ ટકા કાર્બોહાઇડ્રેટ, ૯·૧ ટકા ચરબી અને ૨·૫ ટકા ખનિજ ક્ષારો છે. તેના ૧૦૦ ગ્રામનું ઉષ્ણાંક-મૂલ્ય ૪૨૫ છે, જે ચોખા, મકાઈ, ઘઉં ને જવ કરતાં વધારે છે. ગોટલીના લોટની રોટલી સ્વાદિષ્ટ પણ બને છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ખોરાકની તંગી વખતે આહારમાં ગોટલી સ્વીકારવાનું પ્રબોધવામાં આવ્યું હતું. કોંકણના કણબી લોકો આવી રોટલી ખાય પણ છે. જાવી લોકો ગોટ-લીના લોટની રાબડી નાળિયેરીના દૂધ સાથે આરોગે છે. ૨૬મી મે ૧૯૪૬ના હરિજનબંધુમાં મહાત્મા ગાંધીજીએ લખ્યું હતું કે 'એક પછી એક ગોટલી સંઘરવામાં આવે અને શેકીને અનાજની અવેજીમાં વાપ-રવામાં આવે અગર તો જેમને જરૂર હોય તેમને આપી દેવામાં આવે તો ઘણું સારું થાય.' ગોટલીનું ચૂર્ણ ઝાડા, મરડો, વધારે ઋતુસ્રાવ ને દૂઝતા હરસ ઉપર ફાયદાકારક નીવડે છે.

પપૈયું

કેરી સિવાય બીજા કોઈ ફળને આપણે 'આહાર'માં સ્વીકાર્યું નથી. હા, માંદગી વખતે હલકા ખોરાક તરીકે આપણે ફળ ખાઇએ છીએ ખરા. એમાં જો કોઈ ફળ વિશેષ ખવાતું હોય તો તે પપૈયું છે. બાકી તો ફળ ખાવા પરત્વે આપણે ઉદાસીન છીએ. ઘણા લોકોએ તો એ ખાવા માટે સ્વાદ જ કેળવ્યો નથી; તો બીજા વળી એ ખાવા માટે 'ગરમ-ઠંડા'ના વિચિત્ર ખયાલો ધરાવે છે.

ફળો કુદરતની ઉમદા બક્ષિશ છે. એમની વિશિષ્ટતા એ છે કે તે કુદરતી રૂપમાં જ ખાઈ શકાય છે. એમાં સૂર્યની શક્તિ સભર ભરેલી છે. ફળોની શર્કરાઓનો શરીરમાં તરત જ ઉપયોગ થાય છે ને તેનું



શક્તિમાં તરત રૂપાંતર થાય છે. ઝડપથી વધતાં બાળકોમાં શક્તિનો વ્યય બહુ થાય છે. એ અરસામાં તેમને બહુ ગમતા ગળ્યા પદાર્થો આપવા કરતાં ફળો આપવાથી શરીર સુદૃઢ અને નીરોગી બને છે. ફળોમાં શર્કરા, ક્ષારો ને વિટામિનો આ ત્રણ ચીજો મુખ્ય છે. શરી-રનું આરોગ્ય જાળવવા અનિવાર્ય એવા ક્ષારો ને વિટામિનો મેળવવા આપણા આહારમાં રોજ ફળોનો સમાવેશ થવો ઇષ્ટ છે.

આપણને બારે માસ સસ્તાં ને સુલભ મળી રહેતાં બે ફળો છે: કેળાં ને પપૈયું. કાચું પપૈયું શાક ને કચુંબર તરીકે ખવાય છે, ને પાકું ફળ તરીકે. આ ફળની સમૃદ્ધિ શર્કરા મધુરો સ્વાદ ને રુચિકારક સોડમ છે. પાકા પપૈયામાં ૯·૫ ટકા કાર્બોહાઇડ્રેટ છે ને સાડા ત્રણ ઔંસ પપૈયામાં ૨·૨૦ યુનિટ કેરોટિન (વિટામિન 'એ') હોય છે. આ પ્રમાણ પાકી કેરી કરતાં બીજા નંબરે છે. વિટામિન 'સી' ૪૦ મિલિગ્રામ છે અને ઉષ્ણાંક મૂલ્ય માત્ર ૪૮ છે.

પપૈયામાં આહારમૂલ્યો હોવા ઉપરાંત તે પાચન માટે ઘણું ઉપયોગી છે. એનાં ફળ અને પાંદડાંમાં રહેલો પેપેયોટિન નામનો દૂધ જેવો રસ આહારનાં દ્રવ્યોને પચાવવાની શ્રેષ્ઠ શક્તિ ધરાવે છે. ખૂબીની વાત તો એ છે કે આ રસ અમ્લ કે અલ્કલી કોઈ પણ દ્રાવણમાં કામ કરી શકે છે. સાડાસાત ગ્રેન પેપેયોટિન સવાશેર દૂધ અરધા કલાકમાં પચાવી દે છે. આ રસમાંથી પેપેઈન નામનું આથવણ છૂટું પડાયું છે, મુંબાઈની જાતનાં સો ફળોમાંથી ૭૫ ગ્રામ જેટલું પેપેઈન મળે છે.

આ પેપેઈન એક જ આથવણ એવું છે કે જે ખોરાકના ત્રણે ઘટકો—પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ ને ચરબી ઉપર કામ કરી શકે છે. આ કારણે અજીર્ણ, ખાટા ઓડકાર, બંધકોષ સહિતનો અપચો, હોજરીનો સોજો, હોજરીનો ફુલાવો, અપચાના ઝાડા ને હોજરી-આંતરડાંના દાહ ઉપર પેપેઈન ઘણું ઉપયોગી છે. પેટના બધા વ્યાધિઓ માટે આ સૂકા ને સંઘરેલા આથવણ (પેપેઈન)નું આટલું બધું ઔષધીય મહત્ત્વ છે, તો એને કુદરતી રૂપમાં ધારણ કરનાર ફળ કેટલું બધું ગુણદાયી હશે, તેની કલ્પના કરવાનું ડૉ. ચંદ્ર ચક્રવર્તી વાચકો ઉપર છોડી દે છે.


બાફીને બનાવેલું કાચા પપૈયાનું શાક મંદ પાચનક્રિયાવાળાને પણ માફક આવે છે. ડૉ. ચંદ્ર કહે છે કે પપૈયા સાથે રાંધેલા માંસના તંતુઓ પોચા પડે છે ને તેનું પાચન સહેલું થઈ પડે છે. માત્ર ગર્ભવતી સ્ત્રીએ પપૈયું વધારે ન ખાવું; એથી ગર્ભપાત થવાની દહેશત છે.

પપૈયાનાં બી કૃમિઘ્ન છે. એ ઝેરી નથી, પણ સ્વાદમાં કડવાશ પડતાં ફિક્કાં હોય છે. છ બી ખાવાથી કરમ નીકળી આવ્યાની એક નોંધ છે. આમ, પેટના કૃમિથી પીડાતા બાળકને પપૈયા સાથે બી પણ ખવડાવી દેવાથી ખોરાક ને દવા બન્નેનો યોગ સાધી શકાય છે.

જામફળ

જામફળ બે જાતનાં થાય છે: લાલ અને સફેદ. આ તેના ગર્ભના રંગ ઉપરથી ઓળખાય છે. સફેદ જાત સ્વાદિષ્ટ હોય છે, પણ ગુણમાં તો લાલ જાત ચડિયાતી છે.

જામફળ મિષ્ટ ને સ્વાદિષ્ટ ફળ છે, પણ ખાતી વખતે એનાં કઠણ



બી આપણને કઠે છે. અલ્લાહાબાદી સફેદ જામફળનાં બી થોડાં ને નરમ હોય છે. પૂના તરફનાં લંબગોળ ઘાટનાં જામફળ વધુ સ્વાદિષ્ટ અને ઓછાં બીવાળાં હોય છે. ગુજરાતમાં ધોળકાનાં જામફળની નામના છે.

જામફળમાં વિટામિન 'બી' છે અને વિટામિન 'સી'ની સમૃદ્ધિ છે. એની વિટામિન 'સી'ની પ્રચુરતા માટે સ્વ. પ્રો. કાંતિલાલ પંડ્યા લખે છે "ઘોષ અને ગુહા (૧૯૩૫)ના અવલોકન મુજબ આ વિટામિનના મુખ્ય ધારક ગણાએલાં લીંબુ–નારંગીના કરતાં લીચીમાં અઢીગણું વધારે વિટામિન 'સી' છે; લંગડા કેરીમાં લગભગ ચાર ગણું વધારે છે; પણ જામફળમાં તો લગભગ છગણું વધારે છે." ડૉ. મિલ્ડ્રેડ મેકકાઈ હૅથાન પણ વિટામિન 'સી'ના શ્રેષ્ઠ ધારક તરીકે પ્રથમ આમળાંને અને બીજા ક્રમે જામફળને ગણાવે છે.

જામફળ નરણા કોઠે ખાવું ને ખાધા બાદ ચારપાંચ કલાકે ભોજન લેવું. કાચું જામફળ પેટમાં દુખે છે ને છાતીમાં ડચૂરો આણે છે. એનાં બી કઠણ હોવાથી જામફળ ખૂબ ચાવીને ખાવાં, નહિ તો કબજિયાત થાય છે. આખાં ગળાએલાં બી આંત્રપુચ્છયાં ભરાઈ રહેવાથી ઍપેન્ડિસાઇટિસ નામનો શસ્ત્રક્રિયા કરાવવો પડે એવો વ્યાધિ થઈ આવે છે. જામફળ સારક છે પણ કફ પ્રકૃતિવાળાને તે માફક નથી આવતાં.

અમેરિકામાં જામફળનો મબલખ પાક થાય છે અને તેનો મુરબ્બો ડબાઓમાં પરદેશ નિકાસ કરવામાં આવે છે. ઉનાળામાં કેરી, ચોમાસામાં કેળાં તો શિયાળામાં ખાવાનું ગુણકારી ફળ જામફળ છે.

ચીકુ

જામફળ અને કેરી તથા કેરી ને કેળાંની મોસમના વચગાળામાં ખાવા માટે સુલભ એવું ફળ ચીકુ છે. એ મૂળ તો દક્ષિણ અમેરિકાનું વતની છે, પણ હવે એનાં વૃક્ષ આપણા દેશમાં દરિયાકિનારાની વાડીઓમાં ભરચક ઉગાડવામાં આવે છે. એની બે જાતો છે: ગોળ અને લાંબી. ગોળ ફળ મોટું ને તેનો સ્વાદ તીવ્ર છે, જ્યારે લાંબી જાતનાં ફળ વધારે મીઠાં ને માવો કણીદાર હોય છે. આથી ચીકુ સ્વાદિષ્ટ ને પૌષ્ટિક છે. એનાં મોટાં બી આપણી નજરે તરત ચડે છે, પણ અમેરિકામાં ઉગાડાતી ચીકુની વિવિધ જાતોમાં બીજરહિતની જાત પણ થાય છે, ને કોઈક ફળ તો એક એક રતલ વજનનું હોય છે.

તરબૂચ ને સકરટેટી

બધાં ફળોમાં પુષ્કળ પાણીભર્યાં બે ફળો છે: તરબૂચ અને સકરટેટી. તેમાં યે તરબૂચમાં તો ૯૫.૭ ટકા પાણી છે. આ પછી ઊતરતા ક્રમમાં તાડફળી, ટમેટાં, કમરખ, દ્રાક્ષ અને રૅડિશ ફ્રુટ આવે. તરબૂચમાં રહેલી ૩.૮ ટકા સાકરને લીધે તે મીઠું લાગે છે, પણ બધાં ફળોમાં તેનું ઉષ્ણાંક મૂલ્ય ઓછામાં ઓછું છે: સાડાત્રણ ઔંસમાંથી માત્ર ૧૭ ઉષ્ણાંક.

ડૉ. ચંદ્ર કહે છે 'ઉનાળામાં તરબૂચ ખાવાથી આંતરિક ઠંડક મળે છે. તે મૂત્રલ છે, સ્નિગ્ધ છે, ગુરદા અને મૂત્રાશયના દાહમાં ઉપયોગી છે, આંતરડાં ને કલેજાને મૃદુ ઉત્તેજક છે; પણ વધારે ખાવાથી હોજરી–આંતરડાંનો બગાડો થવા સંભવ છે.' શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે: 'સકરટેટી મૂત્રલ છે, બલપ્રદ છે, કોષ્ઠશુદ્ધિકર છે, વીર્યવર્ધક છે, વાતહર છે. ખરજવા માટે તે ઘણી ઉપયોગી છે.'

નદીના ભાઠાની સકરટેટી ખૂબ સ્વાદિષ્ટ હોય છે. બાકી અન્ય સ્થળે પાકેલી સકરટેટી મીઠી બનાવવા ખાંડ નાખવી પડે છે. પરંતુ આમ ખાંડ નાખીને ફળ ખાવાથી ફળનો ગુણ નાશ પામે છે.

કોળું, તરબૂચ, સકરટેટી, કાકડી, દૂધી વગેરેનાં બીનાં મીંજ મગજતરી નામે બજારમાં વેચાય છે, જે દૂધમાં ઉકાળીને લેવાથી મગજને પુષ્ટિકારક ને શરીરને ઠંડક આપનારાં ગણાય છે.

સફરજન

પશ્ચિમના આહારશાસ્ત્રીઓએ ફળોમાં સફરજનને સર્વોપરી સ્થાન આપ્યું જણાય છે; તે એટલે સુધી કે 'રોજ સફરજન ખાવાથી દાક્તરનો ખપ પડતો નથી' (ઍન ઍપલ અ ડે કીપ્સ ધ ડૉક્ટર અવે) એવી કહેવત પ્રચલિત છે. સફરજનમાં ૧૧.૭ ટકા કાર્બોહાઇડ્રેટ છે. દ્રાક્ષ સિવાય બીજાં ફળો કરતાં એમાં વધારે શર્કરા છે. આથી તે પોષણ અને શક્તિદાતા છે. વિટામિન 'એ', 'બી' ને 'સી' થોડા પ્રમાણમાં છે, પણ મહત્ત્વના બધા જ ખનિજ પદાર્થો ને ક્ષારો તેનામાં છે.

સફરજનને ખટાશ આપનાર મૅલિક ઍસિડ, દાંત, હોજરી અને આંતરડાં માટે જંતુઘ્ન છે. એના ઍસિડ ને ક્ષારોથી લોહીની અમ્લતા જળવાય છે. સફરજન સારક છે અને બંધકોષથી પીડાનારને ફાયદો કરે છે. સંધિવામાં પણ તે હિતકારી છે. ભાવમિશ્ર સફરજન માટે લખે છે: 'વાયુ તથા પિત્તને મટાડનાર, પુષ્ટિ આપનાર, કફ કરનાર, ભારે, પાકમાં તથા રસમાં મધુર, ઠંડું, રુચિ કરનાર ને વીર્ય વધારનાર છે.'

અનનસ


પપૈયાની જેમ આ ફળમાં પણ એક વિશિષ્ટ આથવણ છે જે પ્રોટીનનું પાચન કરી પેપ્ટોનમાં ફેરવે છે. આથી માંસ મચ્છી ને કઠોળના પ્રોટીન ખોરાક લેનાર મંદ પાચનશક્તિવાળાને તે ગુણકારી છે.

અનનસમાં ૧૨ ટકા કાર્બોહાઇડ્રેટ છે. બીજાં ફળો કરતાં તેનું ઉષ્ણાંક મૂલ્ય પણ સારું છે. તેના સો ગ્રામમાંથી ૫૦ ઉષ્ણાંક મળે છે. એમાં વિટામિન 'સી' અને ખનિજ પદાર્થો સારા પ્રમાણમાં છે. વળી મોટા પ્રમાણમાં કલોરિન તેમાં છે જે હોજરીના પાચક રસ હાઇડ્રોક્લોરિક ઍસિડની બનાવટમાં સહાયકર્તા નીવડે છે. કલોરિન ગુરદાનું કામ ઉત્તેજે છે, જેથી શરીરનાં વ્યયદ્રવ્યોનો નિકાલ સારો થાય છે. સુશ્રુત કહે છે 'અનનસ સુમધુર, રુચિ કરનાર, અગ્નિ ને વાયુ ટાળનાર છે.

અનનસના ગુણદોષ વર્ણવતાં શ્રી બાપાલાલ વૈદ્ય સ્વ. દાજી પદે શાસ્ત્રીનું લખાણ ટાંકે છે: 'અનનસ ભૂખ્યા હોઇએ ત્યારે કોઈ દિવસ ખાવું નહિ. ખાવાથી વિષ પ્રમાણે અવગુણ કરે છે. વળી તે ગર્ભિણી સ્ત્રી માટે વર્જ્ય છે.' અનનસમાં સખત રેષા હોય છે, જેને લીધે ગર્ભિણી સ્ત્રીને તે ન આપવું જોઇએ. આ રેષાઓ પચે નહિ ને ખોટી ઉત્તેજના કરે, જેને પરિણામે ગર્ભસ્રાવ થાય. પાયોરિયામાં અનનસ બહુ ઉપયોગી છે. એના દરદીઓએ રોજ ૨-૩ અનનસ ખાવાં હિતાવહ છે.

ફણસ

કોંકણમાં થતું આ ફળ ગુજરાતમાં નાવિન્ય છે. એમાં સાકરનું પ્રમાણ વધારે હોવાથી એ પુષ્ટિ ને પોષણદાતા છે. ભાવમિશ્ર ફણસ માટે લખે છે: '(પાકું ફળ) તૃપ્તિ આપનાર, પુષ્ટિ આપનાર, માંસ વધારનાર, બળ આપનાર ને વીર્ય વધારનાર છે, પણ મંદ અગ્નિવાળાઓએ એનો ત્યાગ કરવો.' વાગ્ભટ્ટ બધાં ફળોમાં નાના ફણસને અધમ ગણાવે



છે. કારણમાં સુશ્રુતનું કથન જોઇએ: '(તે) ત્રણે દોષોને કરનાર, મળની કબજિયાત કરનાર ને વીર્યનો નાશ કરનાર છે.' નાના ફણસના કાચા ફળના આવા બધા અવગુણ હોવાનું ભાવમિશ્ર કહે છે, પણ તેમના મતે પાકું નાનું ફણસ 'મધુર, રુચિ ઉપજાવનાર, વીર્ય વધારનાર ને ઝાડાને રોકનાર છે.' ફણસમાં ઠીક પ્રમાણમાં કૅરોટિન, ખનિજ ક્ષારો અને વિટામિન 'સી'ની છાંટ છે. પાકા ફળના ગર્ભનો વિપાક જલદી થતો હોવાથી કાપેલા ફળને તરત ખાવું જોઇએ. મોડું ખાવાથી પેટની પીડા થાય છે. વધારેપડતું પાકેલું ફળ ખાવાથી પણ આવી જ પીડા થઈ આવે છે. ફણસ પચવામાં ભારે છે, આથી તે છૂટથી ન ખાવું.

કેરીની જેમ ફણસની ગોટલી શેકીને ખવાય છે. તે મધુપ્રમેહના રોગી માટે હિતકર હોવાનો મેજર બી. ડી. બસુનો અભિપ્રાય છે.

ખજૂર

મધ્ય એશિયાના દેશોનો મુખ્ય ખોરાક ખજૂર, આપણે ત્યાં માત્ર ઉપવાસ દરમિયાન ફળાહાર તરીકે સ્વીકારાયું છે. હોળીના અરસામાં અમુક વર્ગના લોકો એને ભાવથી ખાય છે. બાકી વરસના મોટા ભાગમાં અપ્રાપ્ય આ ફળ આપણે ત્યાં લાંબો સમય મળતું રહે અને શારીરિક શ્રમ ઉપાડનાર વર્ગનું એ નાસ્તાનું ખાણું બને એ ઘણું ઇષ્ટ ને ઇચ્છનીય છે, કારણ કે એમાં ખાદ્યપ્રાણોની વિપુલતા છે. બીજાં બધાં ફળો કરતાં એમાં પાણી ઓછામાં ઓછું (માત્ર ૨૬.૧ ટકા) છે. કાર્બોહાઇડ્રેટ વિપુલ પ્રમાણમાં (૬૭.૩ ટકા) છે. આમલી સિવાય બીજાં કોઈ પણ ફળો કરતાં વિશેષ પ્રોટીન છે: ૩.૦ ટકા. ખનિજ પદાર્થો પણ વધારે (૧.૩ ટકા) છે; અને લોહ પણ ઘણું વધારે (૧૦.૬ ટકા મિલિગ્રામ) છે. સાડા ત્રણ ઔંસ ખજૂરમાં વિટામિન 'એ'ના ૬૦૦ યુનિટ છે; આ પ્રમાણ કેરી અને પપૈયા પછી ત્રીજા ક્રમાંકે છે. વિટામિન 'બી-૧' અને 'બી-૨' પણ એમાં છે. સાડા ત્રણ ઔંસ (૧૦૦ ગ્રામ) ખજૂરનું ઉષ્ણાંક મૂલ્ય ૨૮૩ છે. ભેંસના એટલા દૂધમાંથી માત્ર ૧૧૭ ઉષ્ણાંક મળે છે, તો ઘઉં બાજરી અને ચોખા કરતાં તે લગભગ ૬૦ આંક ઓછું છે.

આવા પુષ્ટિદાતા ફળને ચરકે बृहणं અને वृष्यं એટલે શરીરને હૃષ્ટપુષ્ટ બનાવનાર અને વાજીકરણ કહ્યું છે. સુશ્રુતે તેને હૃદયને પ્રિય લાગે એવું ને તૃપ્તિ આપનાર કહ્યું છે, તો ભાવમિશ્રે તેને 'રુચિ કરનાર, પુષ્ટિ આપનાર, વીર્ય વધારનાર ને બળ દેનાર ગણાવ્યું છે.

ખજૂર હૃદ્ય અને શક્તિદાતા છે. કારણ? એમાં ૭૦ ટકા ફલશર્કરા છે. આ અને ફળોની બીજી શર્કરાઓ ફળ પાકવાની ક્રિયામાં પાચન થએલી હોઇ શરીરમાં સદ્ય શોષાઇને વપરાય છે. વળી આ શર્કરા સાથે આવશ્યક પોષક તત્ત્વો જેવાં કે ચૂનો, લોહ, પ્રોટીન ને વિટામિનો ભળેલાં છે. ડૉ. એચ. સી. મેન્કેલ લખે છે કે 'ખજૂરમાં લોહ તો માંસ કરતાં પણ વધારે છે.' આવાં વિવિધ આહારદ્રવ્યોની સપ્રમાણ મેળવણીવાળાં ફળ એકલી કુદરત જ નિપજાવી શકે.

આંતરડાંમાં વસતા જીવાણુઓની જાત બદલાવવા માટે મૅકનિકૉફે ખજૂરની હિમાયત કરી છે, જેથી કહોવાટ ઉત્પન્ન કરી ઝેર નિપજાવનારા જીવાણુઓ દબાઈ જાય અને લાભદાયી એસિડોફિલસ જાતના જીવાણુઓની વૃદ્ધિ થાય. ખજૂરના આહારથી કહોવાટ નિપજાવનારાં જીવાણુઓની વૃદ્ધિ અટકે છે.


ખજૂરનો એક ગુણ એ છે કે તે સારક છે. તે રાતના ખાવાથી મળ સાફ આવે છે. બંધકોષથી પીડાતાઓએ આ સ્વીકારવા જેવું છે. પપૈયાનો પણ આવો ગુણ હોવાનો સ્વાનુભવ છે. પણ ખજૂર ખાતાં પહેલાં તેને સારી રીતે ધોવાની જરૂર છે, કેમ કે ગમે એટલું સારું દેખાતું ખજૂર પણ ઘણું ગંદું હોય છે. આ માટે તેને થોડો વખત ગરમ પાણીમાં રાખવું. અગર વહેતા ઠંડા પાણીમાં રાખી સાફ કરવું.

ખજૂર એકલું, ઘી સાથે અગર ઘીમાં સાંતળીને ખવાય છે. એ ખાધા બાદ દૂધ કે છાશ પીવાથી શરીરમાં જલ્દી માંસ પુરાય છે. શ્રી બાપાલાલ વૈદ્ય માંદા અને સૂકલકડી રોગીઓને રોજ પાશેર ખજૂર ને પાંચ તોલા કિસમિસ ખાવાની સલાહ આપે છે. શ્રી જાદવજી વૈદ્યે કંતાઈ ગએલાં શરીરવાળાં બાળકો માટે પુષ્ટિકારક ઔષધ તરીકે ખજૂરના બે પ્રયોગો આ પ્રમાણે બતાવ્યા છે: (૧) ખજૂરની એક પેશીને એક તોલા ચોખાના ઓસામણ સાથે મેળવી ખૂબ વાટી પાણીથી થોડું પ્રવાહી બનાવી નાના બાળકને બેત્રણ વખત આપવું; (૨) દૂધ ગરમ કરતી વખતે તેમાં એક ખજૂર નાખી, ઉકાળી, ચોળી લેવું ને એ દૂધ બાળકને પાવું. શારીરિક શ્રમ ઉપાડનાર કામદારોની શક્તિ તથા શરીરનો ઘસારો ભરપાઇ કરી દે એવા શ્રમહર ને પૌષ્ટિક નાસ્તાની એક અનુપમ ચીજ ખજૂર છે; એવી જ બીજી બે ચીજો મગફળી ને ગોળ છે. ચાનાં કોડિયાં ને ચવાણાને બદલે કામદાર લોકોને આવો સત્ત્વશીલ ખોરાક ખાતા કરવાનું કામ સમાજસેવકોએ સત્વર ઉપાડવા જેવું છે.

ખજૂરને ગરમ માની ઘણા લોકો તે ખાતાં ડરે છે. પણ મહર્ષિ ચરકે તેને શીતલ (ઠંડું) કહ્યું છે. ઊલટું લોહી હોય તેવા રોગોમાં તે ઔષધરૂપે આપવામાં આવે છે. મહર્ષિ ચરક અને સુશ્રુતે ખજૂરને ક્ષય રોગમાં હિતકર માન્યું છે. મંદ જઠરાગ્નિવાળા માટે ખજૂર ભારે છે. શારીરિક શ્રમ કરવાવાળાને તે સુપાચ્ય અને બલપ્રદ છે.

ખજૂરને સ્વાદિષ્ટ ને રુચિકર બનાવવા માટે તેનું ચાટણ, ચટણી કે રાયતું બનાવાય છે. ખજૂર, દ્રાક્ષ, સાકર, ઘી, મધ ને પીપર સરખા ભાગે લઈ તેનું ચાટણ બનાવાય છે; તો ચટણી બનાવવામાં ખજૂર સાથે જીરું, આમલીનું પાણી, હિંગ ને મીઠું ભેળવવામાં આવે છે. દહીંમાં ખજૂર સાથે જીરું, મરચું ને રાઈ નાખી રાયતું બને છે.

ખજૂર શ્રેષ્ઠ બલપ્રદ ખાદ્ય ફળ છે અને મહેનતુ પ્રજામાં તેનો બહોળો વપરાશ થવો ઇષ્ટ છે.



વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં અણુ સંશોધનાર્થે મુકાએલા આ ૫,૦૦,૦૦૦ ડૉલરને ખર્ચે તૈયાર થએલા નવા રીઍક્ટરને કાચની દીવાલો છે, તેથી બહારથી પણ અંદરની કામગીરી જોઇ શકાય છે. ભૌતિકશાસ્ત્ર, ઈજનેરી, રસાયણશાસ્ત્ર અને અન્ય વિજ્ઞાનશાળાઓના વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે આની રચના થઈ છે.

લાક્ષરસોનું ચિત્રકામ

રશિયાનો એક કલાત્મક વ્યવસાય

ભારતના પ્રાચીન ચિત્રનિર્માણ-ગ્રંથોમાં 'લાક્ષરસના ચિત્ર'નો પ્રકાર વર્ણવેલો છે; પરંતુ વર્તમાન યુગમાં તો ફક્ત કાશ્મીરમાંથી જ કાગળના માવાથી બનાવેલા પદાર્થો પર થતાં એવાં સુશોભનોનું કામ પ્રાપ્ત થાય છે. ઘણી વાર એવી માવાની કે કાગળનાં પૂઠાંની બનાવેલી નાની પેટીઓ, અગર કાગળપત્રો રાખવાનાં પૂઠાં મળી આવે છે. જૂના જૈનગ્રંથોની પાટલીઓ પણ લાક્ષરસથી ચીતરેલી મળે છે. મુઘલ સમયમાં આ કામ સારી પેઠે ફાલ્યું હશે, કારણ કે સંગ્રહસ્થાનોમાં ક્વચિત્ કોઈ ખૂણેથી મુઘલ કલમનાં ચિત્રોવાળી સુંદર પેટીઓ મળી આવે છે. આજે તો હવે માત્ર પ્રવાહી લાખકામથી શોભાયમાન કરેલાં ઘોડિયાં, માચીઓ અને પલંગો સિંધ, સંખેડા કે ઘોરાજીમાં થાય છે, પરંતુ કુશળ કલમનું ચિત્રકામ કાશ્મીર સિવાય ક્યાંયે થતું નથી.

યુરોપમાં, રશિયામાં આ પુરાણી કળા જીવતી રહી છે. કાગળના માવાથી બનાવેલી ઘાટઘાટની નાનીમોટી પેટીઓ પર કાળા વાર્નિશની ભોંય પર કરેલાં નાજુક ચિત્રકામ ને સોનેરી રૂપેરી કે મોતી મંડિત સુશોભનોવાળી આ પેટીઓ ભેટ-વસ્તુ તરીકે જાણીતી છે.

મૉસ્કોની નજીકના એક પ્રદેશમાં પાલેખ નામનું ગામડું છે તે અને બીજાં બેચાર ગામો આ કામ કરવા માટે ખાસ મશહૂર છે. એક સુંદર અરણ્યની વચ્ચે વસેલા પાલેખના વતનીઓમાં લગભગ ચારસો વર્ષથી આ હુન્નર સચવાઈ રહ્યો છે. અગાઉ તેઓ ધર્મના અને સમાજના માગ પ્રમાણેના ચોક્કસ ચિત્ર પ્રસંગોની ને કૌશલની મર્યાદામાં જ તેમની કલ્પના ચલાવતા અને ધાર્મિક છાપો ખૂબ પ્રમાણમાં કરતા, પણ હવે તેઓ કવિતા અને ઇતિહાસના પ્રસંગો પણ ખીલવે છે. પહેલાં તેઓ લાકડાની પેટીઓ કે કાગળના માવાનાં પૂઠાં પર ચીતરતા; હવે તો દબાણથી તૈયાર કરેલાં વાર્નિશવાળાં હાર્ડ બોર્ડ મળી શકે છે તેથી ઘણી નવી, ઉપયોગી મજબૂત ને કલાત્મક ચીજો બનાવતા થયા છે. પાલેખ ગામનું દરેક માણસ આ હુન્નરમાં કંઈ ને કંઈ કામ કરે છે. ત્યાંના કળાકારોનો સંઘ સ્થપાયો છે અને તેમની કૃતિઓ વિશ્વમેળાઓમાં મોકલવાની સગવડો થઈ છે. તેમના જ ગામમાં મ્યૂઝિયમ થયું છે ને આ કળાના વ્યવસ્થિત શિક્ષણ માટે શાળા પણ થઈ છે.

ર. મ. રા

વેશભૂષાનો ઇતિહાસ

આપણી વચ્ચે વસીને આપણા સમૃદ્ધ ને પ્રાચીન કલાવારસાનું સાચું મૂલ્યાંકન કરનાર મધ્ય યુરોપના બે કલાવિવેચકો પૈકી એક ડૉ. ચાલ્સૅ ફાબ્રીએ લખેલું, અને કલાકારો તેમજ જિજ્ઞાસુઓને રસ પડે તેવું એક પ્રમાણમાં નાનું અંગ્રેજી પુસ્તક ઓરીએન્ટ લૉંગમૅન્સ કંપનીએ તાજેતરમાં બહાર પાડ્યું છે: 'એ હિસ્ટરી ઑવ ઇન્ડિયન ડ્રેસ'—ભારતીય વેશભૂષાનો ઇતિહાસ. (બીજા વિદ્વાન કલા-વિવેચક ડૉ. હર્માન ગઅટ્ઝના નામથી પણ વાચકો સુપરિચિત છે.) દસ્તાવેજી પુરાવાઓવાળી તવારીખને અભાવે આપણો મોટા ભાગનો સાંસ્કૃતિક ઇતિહાસ જેમ અધૂરો અને અંધારામાં છે, તેવું જ આપણા પોશાકની તવારીખને વિષે પણ છે. આજ સુધીમાં એ દિશામાં જે જૂજ પ્રયત્નો થયા છે તેમાં મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમના સંચાલક ડૉ. મોતીચંદ્રનું લખેલું ૪૨૯ આકૃતિઓવાળું હિંદી પુસ્તક 'પ્રાચીન ભારતીય વેશ-



કાગળના માવાના ડાબડા ઉપર લાક્ષરસનું ચિત્રકામ : 'રશિયન શિશિરોત્સવ'



ઈ.સ. પૂર્વે લગભગ ૪૦૦થી ચાલ્યો આવતો આ પોશાક (ઈ. ૧૫૦ થી ૨૦૦ના દક્ષિણ ભારતના શિલ્પ પરથી રેખાંકન) ઉત્તર-દક્ષિણ ભારતમાં બંને સ્થળે સરખો જ હતો. સ્ત્રી-પુરુષબંને, કેવળ કમરના નીચેના ભાગમાં ધોતી જેવું ઝીણું વસ્ત્ર વીંટતાં. તેના પર કટિમેખલાથી પકડ રહેતી. તેમજ કટિમેખલા ઉપર કમરબંધ પણ રહેતો. ખભે ક્વચિત યજ્ઞોપવીત અને ગાથે પાઘડી કે ટોપી જેવું યે રહેતું.



ઈ. ૧૧૦૦ની આસપાસ : ભારતીય વેશભૂષાનો બીજો ને મહત્ત્વનો સીમાસ્તંભ, (ઈ. ૧૧૨૭ની ગુજરાતી હસ્તમત ઉપરથી) જેમાં સ્ત્રીઓએ કંચુકી કે ચોળી પહેરવા માંડી. આ ચોળી આગલો ભાગ ઢાંકતી ને પાછલો ભાગ ખુલ્લો રહી ત્યાં કસ બંધાતી. નીચે હજી ધોતી જ છે. પણ ખભે નંખાતા દુપટ્ટાથી ઓઢણીનો ઉદ્ભવ શરૂ થયો છે. પુરુષો દાઢી તથા માથે અંબોડા પણ વાળતા. વસ્ત્રોમાં ભાતનું વૈવિધ્ય હતું.



ઇસ્વી સનની ૧૬મી સદી–ત્રીજો તબક્કો : (ઈ. ૧૫૭૦ના રાજપૂત ચિત્ર પરથી) મુસ્લિમોના આગમનની અસર પુરુષ પોશાક ઉપર હવે થઈ છે. ચારખૂણિયાળી ચાળવાળો બટનદાર જામો, સુરવાલ, કમરબંધ ને પાઘડી વિકસ્યાં છે; પણ સ્ત્રીઓનો પોશાક મુસ્લિમ અસરથી મુક્ત છે. હા; ધોતી ચણિયામાં ફેરવાઈ છે; ચોળી પર ભરતકામ ને ફૂમતાં વધ્યાં છે; દુપટ્ટો છુટ્ટી ઓઢણીનો ઘાટ લેવા લાગ્યો છે.

ભૂષા' એકમાત્ર નોંધપાત્ર ગ્રંથ ગણાવી શકાય. પ્રસ્તુત પુસ્તક એમાં પ્રશસ્ય ઉમેરો કરે છે.

કર્તાના વક્તવ્ય પ્રમાણે એના ત્રણ ઉદ્દેશ છે: (૧) પોશાક, જે કોઈ પણ સંસ્કૃતિની લાક્ષણિક અભિવ્યક્તિ છે,–તેનું નિરૂપણ કરવું; (૨) ભારતીય ચિત્રો અને શિલ્પોનો ચોક્કસ કાલ નક્કી કરવા માટેનું સાધન ઊભું કરવું,–કેમકે ભારતીય કલાકારો તે તે કાળનાં વેશભૂષા ને અલંકારોના નિરૂપણમાં ખૂબ ચોક્કસ રહ્યા હોઈ તેને આધારે તે કૃતિનો કાળનિર્ણય સહેલાઈથી થઈ શકે; અને (૩) નાટકો તથા સિનેમાઓમાં વેશભૂષાની સજાવટ કરનારાઓને માટે એક પ્રમાણભૂત માર્ગદર્શિકા આપવી. આ ત્રણે ઉદ્દેશોને આ પુસ્તક સાર્થ કરે છે.

લખાણમાં ભારોભાર વિદ્વત્તા, ચોક્કસાઇ ને માહિતી ભરી હોવા છતાં એવી હળવી, પ્રતીતિજનક ને વિશદ શૈલીમાં લેખકે નિરૂપણ કર્યું છે કે સામાન્ય વાચક પણ રસપૂર્વક તે ગ્રહણ કરી શકે; અને ૩૬ પાનાંના એવા લખાણની સાથે એ રસમાં વધારો કરે એવી તો, કર્તાએ જાતે રેખાંકિત કરેલી તેની ત્રીસ ચિત્રપ્લેટો છે, જે પૈકી છ બહુરંગી છે. એ દરેક પ્લેટની સામેના પાના પર ઐતિહાસિક મુદ્દાઓથી ભરેલી નિરૂપણ નોંધો આપેલી છે, ને પુસ્તકને છેડે ઉપયોગી ગ્રંથસૂચિ અને વિષયસૂચિ છે. નમૂના તરીકે એમાંની ચાર આકૃતિઓ આ સાથે (લેખક તથા પ્રકાશકના ઋણ સ્વીકાર સાથે) વાચકોની પ્રેરણા માટે પ્રકટ કરીએ છીએ. ચૂંટેલી એ ચાર આકૃતિઓમાં એક રીતે આપણી વેશભૂષાના ઇતિહાસના ચાર મુખ્ય તબક્કાઓ આવી જાય છે. તેની વિગતો એ દરેક ચિત્ર નીચે જુદીજુદી આપી છે.

આપણા પોશાકનો પ્રાચીનમાં પ્રાચીન દસ્તાવેજી પુરાવો અશોકના સમયના શિલ્પાવશેષોમાં મળે છે. ત્યારે સ્ત્રી-પુરુષ બંને માત્ર એકેક જ વસ્ત્ર, શરીરના નીચેના ભાગે, ગાંઠ વાળીને કે કટિમેખલાને આધારે પહેરતાં. સ્ત્રીઓના પણ ઉરપ્રદેશ ખુલ્લા રહેતા. ઈ. પૂર્વેથી તે છેક ઈ. ૧૧૨૭ની (બારમી સદીની) ગુજરાતની હસ્તપ્રતોમાં સૌપ્રથમ ચોળી પહેરેલી સ્ત્રીઓનાં ચિત્રો જોવા મળે છે. ત્યાં સુધીના દોઢ હજાર વર્ષના સળંગ કલાવશેષોમાં સર્વત્ર સ્ત્રીઓનો ઉરપ્રદેશ ખુલ્લો જ નિરૂપાયો છે. અજંતાનાં કેટલાંક સ્ત્રીપાત્રોનાં વક્ષસ્થળ વસ્ત્રના સાંકડા પટ્ટાથી આચ્છાદિત જણાય છે તે માત્ર યવનિકાઓ–પશ્ચિમ એશિયાથી આવેલી દાસીઓ પૂરતાં જ. (એ દેશોમાં ગ્રીક અસરને લીધે સ્ત્રીઓ એ વસ્ત્રો પહેરતી.) અન્ય સર્વ કલાવશેષો પુરવાર કરે છે કે આપણે ત્યાં સ્ત્રીઓનાં ઉપલાં અંગ ખુલ્લાં જ રહેતાં. પુરુષોમાં માત્ર લશ્કરી સિપાહીઓ સીવેલાં વસ્ત્રો પહેરતા.

પુરુષો માત્ર ધોતી પહેરતા. ઉત્તર ભારતમાં આકરા શિયાળાને કારણે દુપટ્ટો નાખતા ખરા. પણ ઇસ્લામી આક્રમણ પછી તો એ પોષાકમાં આમૂલ ફેરફારો ને વધારા થયા. પઠાણો અને મુઘલોના ઈરાની પોશાકની અસર ઉત્તર હિંદથી રાજસ્થાન અને પશ્ચિમ હિંદથી માંડી છેક દખ્ખણ હૈદરાબાદ તથા મરાઠા પ્રદેશ સુધી પડી અને બટનવાળા જામા, સાંકડી સુરવાલો ને પાઘડીઓએ પ્રવેશ કર્યો.



૧૮મી સદીની આખર: ચોળાચાણયો ને ઓઢણી વિકસ્યાં છે (મુખ્ય આકૃતિ); ચિત્ર 'સી' મુજબ મુસ્લિમ અસર પણ આવી છે: કમીઝ પર ખુલ્લી ચોળી, ને ગળાથી પાની સુધીની ઘેરવાળી પસવાજ, જે આજે પંજાબના પહાડી પ્રદેશમાં જ રહ્યાં છે. ઓઢણી ના છેડા ખોસાઇને તથા પાટલી વળીને સાડીની શરૂઆત થઈ છે (ચિત્ર 'બી') પુરુષોમાં મુઘલ પહેરવેશ પૂર્ણ દરબારી રૂપે પહોંચ્યો છે.

સ્ત્રીઓના પોશાકોમાં પરદેશી અસર જૂજ થઈ છે; ને એ અપવાદ માત્ર પંજાબી સલવાર (સુરવાલ) કમીઝ (ખમીસ કે બદન) અને ગળાથી પાની સુધી પહેરાતી ઘેરવાળી પસવાજનો છે. બાકી સર્વત્ર તો ધોતી જેવા વસ્ત્રમાંથી દોઢ હજાર વસ્ત્રમાં ચોળી, ચણિયા ને સાડીનું જ ધીમા તબક્કાથી નિર્માણ થયું છે. હા, આજે પશ્ચિમની દેખાદેખીએ ઉપલા શ્રીમંત વર્ગમાં પેઠેલાં જીન્સ, ટ્રાઉઝર્સ વગેરે તથા અમુક દેશી ખ્રિસ્તીઓનાં ફ્રૉકને બીજો અપવાદ કહી શકાય. ચોળી, ચણિયા ને ઓઢણી-સાડીનો વિકાસ કેમ થયો તે સાથેનાં ચાર ચિત્રો નીચે વિગતથી દર્શાવ્યું છે.

ત્રણ રંગમાં છાપેલા કાચા પૂઠાવાળા ને ૧૧૦ પૃષ્ઠના આ ઉપયોગી અને શાળાઓ, લાયબ્રેરીઓ, કલાકારો તથા અભ્યાસીઓએ સંઘરવા જેવા પુસ્તકની કિંમત જરા ઓછી હોત તો સારું. (A History of Indian Dress by Dr. Charles Fabri, Orient Longmans, Bombay-1. Rs. 9)

કથકલી નૃત્યકલાકાર અમેરિકન દંપતી : ક્લિફર્ડ જોન્સ અને બેટી જોન્સ

લેખક · સુનીલ કોઠારી

થોડા દિવસ અગાઉ એક દક્ષિણ ભારતીય મિત્ર ભેટી ગયા. કહે : 'ચાલો ! ચાલો ! મેલો વાંચવાનું પડતું ! જાણો છો ? મલબારના 'કેરળ કલામણ્ડલમ્'થી એક અમેરિકન દંપતી માટુંગામાં કથકલી પ્રયોગ 'કલ્યાણ સૌગંધિકમ્' રજૂ કરનાર છે ? જોજો તો ખરા ! માની નહિ શકો કે એ અમેરિકન કલાકારો છે !'

વાંચેલું ખરું; સાંભળેલું ય ખરું; જોયું નહોતું. અને જોયું ત્યારે દંગ થઇ ગયો ! વાત તો ખરી. બંને નખશીખ અમેરિકન : અને મિસિસ ક્લિફર્ડ જોન્સ સંપૂર્ણપણે પરંપરાગત કથકલી ભૂષામાં. એ બંનેને જોઈને આંખ-મન માને નહિ કે કથકલીની પ્રચુર મુદ્રાઓ ને સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવની મોહક લીલા કરનાર ને મહાભારતના એ પ્રસંગનું આટલું હૃદ્ય નિરૂપણ કરનાર આ બે કલાકારો ભારતીય નથી.

ફુલબ્રાઈટ શિષ્યવૃત્તિ મેળવીને અમેરિકાથી ભારતમાં કથકલીનું શિક્ષણ લેવા આવેલા મિ. જોન્સ સાન ફ્રાન્સિસ્કો બૅલે કમ્પનીના સભ્ય છે; અને એમનાં પત્ની શ્રીમતી બેટી જોન્સ વૉશિંગ્ટન 'બૅલે સોઈરી'નાં નૃત્યાંગના છે. બંનેએ ત્યાં એક નિજી સંસ્થા સ્થાપી, યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડામાં પ્રવાસો ખેડી, અનેક નાટ્યગૃહોમાં, ભોજનાલયોમાં અને ટેલીવિઝન પર કાર્યક્રમો આપ્યા; ઉદયશંકર, રુક્મિણીદેવી, શાંતા રાવ અને બીજાં અનેક ભારતીય કલાકારોનાં ભારતીય નૃત્યો જોઇ તેઓ મંત્રમુગ્ધ થયાં; અને અમેરિકા ખાતે વસેલા ભારતીય નૃત્યશિક્ષકો પાસેથી શાસ્ત્રીય નૃત્યો શીખવાનું એમણે નક્કી કર્યું. પરંતુ પછી તો એ નૃત્યોની ભૂમિ ભારતનું જ એમને ઘેલું લાગ્યું ! અને ભારતમાં જ તેના અધિકારી ગુરુઓ પાસેથી શિક્ષણ લેવાનો નિર્ધાર કર્યો. ફુલબ્રાઈટ સ્કૉલરશિપ મળતાં ૧૯૫૯ના જુલાઈમાં મિ. જોન્સ મદ્રાસ આવ્યા. વરસેક દહાડે શ્રીમતી બેટી જોન્સ પણ મદ્રાસ આવ્યાં.

મદ્રાસ મ્યૂઝિક ઍકેડેમીમાં મિ. જોન્સે નામ નોંધાવ્યું અને ભરતનાટ્યમ્ નૃત્ય વખતે સંગતમાં અપાતા સંગીત 'નટ્ટુવાંગમ'નું જ્ઞાન શ્રી બાલાસરસ્વતીની શાસ્ત્રીય ભરતનાટ્ય શાળાના સભાસદ શ્રી કે. ગણેશ પાસે સતત પાંચ મહિના લગી એમણે લીધું. પછી ઈ.સ. ૧૯૬૦ના ફેબ્રુઆરીમાં કેરળ કલામણ્ડલમમાં વરસ માટે બંને જણ કથકલી શીખવા જોડાયાં.



કથકલીમાં કૃષ્ણની ભૂમિકામાં (જમણી બાજુ) મિ. જોન્સ (શિવાન્સ સ્ટુડિયો)

કથકલી નૃત્યના જાણીતા એકમ નર્તન (સોલો ડાન્સ) 'પૂતનામોક્ષમ્'ના પદમની એક પંક્તિ સાભિનય નૃત્ય દ્વારા રજૂ કરતાં શ્રી ક્લિફર્ડ જોન્સ



આંસુઓ



વડે



વદન



લાલચોળ



કયા



કારણે ?

બાલકૃષ્ણને લલચાવી સ્તનપાન કરવા પ્રેરતા પૂર્વે રડતા કૃષ્ણને સંબોધન કરતી પૂતના લલિતાની વાણી, 'શા કારણે રડીરડીને તારું વદન લાલચોળ થયું છે?' આ મુદ્રાઓ અને ચહેરા પરના ભ્રૂ-નેત્ર-દૃષ્ટિ વ્યાપારાદિથી રજૂ થાય છે. મલયાળામ્ ભાષા સંસ્કૃતમય હોવાથી અને આવા સવાદ અભિનયથી એમાં વિવિધ સંસારી ભાવો સુપ્રમાણે પ્રગટ થઈ શકે છે.

સ્વ. મહાકવિ વળ્ળત્તોળ નારાયણ મેનને સ્થાપેલી, કથકલી નૃત્યનું સાધિકાર શિક્ષણ આપતી એ એકમાત્ર કથકલી-નૃત્યપીઠમાં જોડાવાનું સદ્‌ભાગ્ય મળતાં મિ. ક્લિફર્ડની કલાકાર તરીકેની સુષુપ્ત શક્તિઓ ખીલી ઊઠી. કથકલી-નૃત્ય શિક્ષણક્રમ પ્રમાણે અને પરંપરા જોતાં તો કથકલીના અધિકારીજ્ઞાન માટે આઠ વર્ષનો શિક્ષણક્રમ જ યોગ્ય ગણાય. પણ એથી આ અમેરિકન પતિ-પત્ની હતાશ થયાં નહિ ને એક વર્ષમાં પણ જેટલું શિખાય એટલું બધું જ આત્મસાત્ કરવાનું એમણે બીડું ઝડપ્યું.

કેરળ કલામણ્ડલમના અભ્યાસક્રમ અનુસાર પ્રત્યેક વર્ષે એકથી ત્રણ મહિના લગી વિદ્યાર્થીઓને દઢ રીતે અભ્યાસના આકરા ગાળામાંથી પસાર થવું પડે છે. એ ત્રણ મહિના દરમિયાન સૌ વિદ્યાર્થીઓને વહેલી સવારે ત્રણ વાગ્યે ઊઠવું પડે છે. અને બ્રાહ્મમુહૂર્તથી જ દિવસની શિક્ષાનો પ્રારંભ થાય છે. નેત્રવ્યાપારનું જ્ઞાન ગુરુ આપે. આંખમાં ઘી આંજી-આંજી એ વિવિધ દૃષ્ટિ-પાઠનો કેવો ઊંડો અભ્યાસ કરવો જરૂરી હોય છે તે તો કોઈ સિદ્ધહસ્ત કથકલી કલાકાર જ્યારે સાભિનય દર્શાવે ત્યારે જ તેનું સાચું મૂલ્યાંકન કરી શકીએ. પછી અંગમરોડના અને બીજા પાઠ લેવાના હોય. અને વધારામાં, કેરળમાં 'ઉરીચીલ' નામે જાણીતું માલિશઃ શરીરને સ્થિતિસ્થાપક બનાવે એટલું લાભપ્રદ અને છેક એંશી વર્ષની વયે પણ નૃત્ય કરવાની શક્તિ ટકાવી શકે એવું વીર્યશાળી! પછી શરૂ થાય 'ચોલીઆટ્ટમ્'— એટલે કે રીહર્સલ. એ ઠેઠ બપોર સુધી ચાલે. સાંજ પડે તે પૂર્વે પાછા અભિનયના વર્ગો હોય. આમ, શિક્ષણક્રમ આખો દિવસ ભરચક્કપણે એવો તો ચાલે કે આ ત્રણ મહિના તો કાચા-પોચાનાં હાંજાં જ ગગડાવી દે! પણ તો ઉચિત કલાકારના જરૂરી વિદ્યાભ્યાસથી એને વંચિત પણ ન રાખે. આ બંને જણાં એમાંથી પસાર થયાં અને ગુરુઓનાં કૃપાપાત્ર શિષ્યો થયાં.

ક્લિફર્ડ જોન્સ પદ્મનાભન્ નાયર આસન (ગુરુ) પાસે કથકલી શીખ્યા. (વિખ્યાત કથકલી ગુરુ અને કલાકાર રાકુન્ની મેનન આસનના પુત્ર તે પદ્મનાભન્) 'કલ્યાણ સૌગંધિકમ્'-ના પ્રયોગની ભૂમિકામાં ક્લિફર્ડે એકાગ્રતા દાખવી. વનવાસ દરમિયાન પાંડવો છદ્મવેશે ફરતા ત્યારે દ્રૌપદીને એકવાર એક સુગંધી પુષ્પ માટે ઇચ્છા થઈ. જંગલમાં બહુ દૂર કોઈ સ્થળે દંતકથામાં સાંભળવા મળે તેવું એ ફૂલ ઊગતું. ભીમે એ લાવી આપવાનું કબૂલ્યું. વાયુપુત્ર હનુમાન ત્યાંથી પસાર થતા હતા. વનવન કરતા ભીમને દૂરથી આવતો જોઈ, સહોદરને મળવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં હનુમાને વૃદ્ધ વાનરનું રૂપ ધારી ભીમના માર્ગમાં જ લંબાવ્યું. મહાવૃક્ષોને પણ ડાબે હાથ મૂળમાંથી ઉખેડીને જોજનો દૂર ફેંકતા આ બલિષ્ઠ પુરુષને રસ્તા વચ્ચે પડેલા આ વૃદ્ધ વાનરની તે શી વિસાત? પણ એ ગર્વિષ્ઠ ભીમની વિડંબના કરતા પેલા વાનરે તો એને માત્ર પોતાનું પૂંછડું જ હઠાવવા કહ્યું!—ને આ શું? ભીમ ગદા વડે એ હઠાવવા ગયો પણ ગદા જ ફસડાઈ પડી! પોતે અતિશય પરિશ્રમને અંતે આવતા શૈથિલ્યથી જાણે અભિભૂત થયો. આમ હનુમાને એનો મદ ઊતાર્યો ને પછી પોતાનું ખરું સ્વરૂપ દર્શાવ્યું. અજાણતાં અજ્ઞાનમાં વડીલ બંધુનું અપમાન થઈ જવાથી પશ્ચાત્તાપ અનુભવતો ભીમ પગે પડયો. હનુમાને છાતી સરસો ચાંપી એને સૌગંધિકમ્ પુષ્પ કયાં મળશે એ માર્ગ બતાવ્યો અને બંને બંધુઓ છૂટા પડયા.

મહાભારતના આ પ્રસંગનું નિરૂપણ કથકલીના અનેકાનેક ગુરુ કલાકારો આજે વર્ષોથી રજૂ કરતા આવ્યા છે. સમાજમાં અત્યંત માનીતા થએલા આ નૃત્યપ્રયોગ વિષે તો વિસ્તારથી ઘણું લખાય એવું છે, પણ એ તક કોઈ વાર. એવા એ પ્રયોગ માટે જરૂરી ધાર્મિક પીઠિકા અને અભ્યાસ ક્લિફર્ડ જોન્સે પ્રાપ્ત કર્યા; તો શ્રીમતી બેટી જોન્સે દ્રૌપદીના પાત્ર-નિરૂપણમાં રાતદિવસ જોયાં નહિ. શરૂમાં તો

એ માત્ર 'મોહિનીઆટ્ટમ' જ શીખતાં હતાં. મોહિનીઆટ્ટમના એકમાત્ર ખ્યાત વૃદ્ધ ગુરુ શ્રીમતી થોટ્ટશેરી ચિન્નમ્મુ અમ્મુ પાસે એ શીખતાં. પછી ક્લિફર્ડે એમને સમજાવીને આ 'કલ્યાણ સૌગંધિકમ્'માં દ્રૌપદીની ભૂમિકા શીખવા પ્રેર્યાં, જેથી બંને જણ એ પ્રયોગ સંયુક્ત રીતે રજૂ કરી શકે. કંઈક અનિચ્છાએ અને થોડા સંશયપૂર્વક એમણે હામ ભીડી. પણ પછી તો 'માંહીં પડયા તે મહાસુખ માણે' ન્યાયે કથકલીએ બંટીને ઘેલાં કર્યાં. થયું! શારીરિક અને માનસિક બંને દૃષ્ટિથી આ 'ચૅલેન્જ'સમું લાગતું કથકલી બંટીને એમાં પારંગત થવા માટે પ્રેરવા લાગ્યું. કથકલીમાં આજ લગી બહુધા પુરુષો જ સ્ત્રીપાત્રો ભજવતા આવેલા. હવે હમણાં કોઈક સ્ત્રીઓ પણ કથકલી શીખી સ્ત્રી-ભૂમિકા ભજવતી થઈ છે; નહિ તો કથકલીમાં સ્ત્રીઓ માટેનું નૃત્ય તો માત્ર 'મોહિની આટ્ટમ' જ છે. એ શીખવાનું એક બાજુ ચાલુ રાખી સાથેસાથે શ્રીમતી બંટીએ દ્રૌપદીની ભૂમિકાના વિવિધ વિભાગો સમજવા માંડ્યા. શ્રી રામનકુટ્ટી નાયર આસન પાસે એ લલિતા-શિક્ષણ (કથકલીમાં સ્ત્રી-પાત્રોનું શિક્ષણ લેવું એ 'લલિતા-શિક્ષણ' કહેવાય છે) લેતાં રહ્યાં.

કેરળ કલામણ્ડલમ્‌ના વસવાટ દરમિયાન બંને જણ નૃત્ય-પીઠ પાસે જ એક નાના ઝૂંપડામાં રહેતાં અને સ્થાનિક પોશાક જ પહેરતાં. પાલપાયસમ્ (ભાત અને ખીર) એમનો માનીતો ખોરાક. મલબારવાસી દક્ષિણ ભારતીય પુરુષો પહેરે છે તેવી લુંગી જેન્સ પહેરતા અને શરીર ઉઘાડું રાખતા. કેડથી તે પગની પાની લગી વીંટાળેલું એ સફેદ ધોતિયું ત્યાંના વાતાવરણમાં ક્લિફર્ડને બહુ અનુકૂળ લાગતું. ત્યાં અભ્યાસ પૂરો કરી બંને મદ્રાસ આવ્યાં. ક્લિફર્ડે નટ્ટુવાંગમ્‌નો અભ્યાસ પાછો શરૂ કર્યો.

ત્રિવેન્દ્રમ્‌ના પ્રદર્શનમાં ઓપન-એર થીએટરમાં ૩૦૦૦ની મેદની સમક્ષ પ્રયોગો રજૂ કરી એમણે દક્ષિણ ભારતીય પ્રેક્ષકોની ચાહના સંપાદન કરી છે. મુંબાઈમાં પણ એમને એક દક્ષિણ ભારતીય સંસ્થાએ ત્રણ દિવસના કથકલી મહોત્સવમાં રજૂ કર્યાં. આવા અઘરા નૃત્યનું શિક્ષણ લઇ તે સફળતાપૂર્વક આત્મસાત્ કરવાની શક્તિ બદલ ભલભલા કલાવિવેચકો ને ગુરુઓએ એ દંપતીનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે. કેરળ યુનિવર્સિટીના વાઈસ ચૅન્સેલર શ્રી કે. સી. કે. ઇ. રાજાએ મંત્રમુગ્ધ થઇ કહેલું: 'તદ્દન જુદી જ ધાર્મિક પીઠિકા, સંસ્કાર અને જીવનરીતિ સંસ્કૃતિવાળાં આ બે કલાકારોએ ભારતીય નૃત્યોના પ્રાણને પામવાનો જે પ્રયત્ન કર્યો છે તે ખરેખર આશ્ચર્યજનક છે.'

હવે થોડા જ વખતમાં શિષ્યવૃત્તિની મુદત પૂરી થતાં જેન્સ દંપતી અમેરિકા પાછાં ફરવાનાં છે, અને ત્યાં જઈ ભારતીય નૃત્યોને લગતાં સપ્રયોગ વ્યાખ્યાનો આપવાનું વિચારે છે. ભારતીય શિક્ષકોના સહકારથી અમેરિકામાં એક શાળા સ્થાપવાની યોજના પણ છે. ભારતીય સંસ્કૃતિનો બૃહત્તર પરિચય અમેરિકન વિદ્યાર્થી-કલાકારો કેળવે એવા શુભાશય સાથે એ યોજના અમલમાં મૂકવાની ખ્વાહેશ છે.

ક્લિફર્ડને મતે આદિકાળના પાર્થિવ બળના અંતસ્તત્ત્વને સમાવિષ્ટ કરતું કથકલી નૃત્ય અદ્‌ભુત કલાપ્રકારોમાંનું એક છે. એના અનેક ઉપાસકોને હાથે વારંવાર સંસ્કૃત અને પરિપુષ્ટ થતા આ કલાવારસામાં જે સદૈવ વીર્યશાળી જોમ જોવા મળે છે તે કોઇ પણ કલાકારને આકર્ષ્યા વિના રહી ન શકે. આ અમેરિકન કલાકારને કથકલી નૃત્યપ્રકાર 'ચૅલેન્જ'સમો લાગ્યો તેનું કારણ જણાવતાં એ કહે છે: 'કેવળ મુઠ્ઠીભર કલાકારો, સન્નિવેષમાં માત્ર બે શિખાઓનાં અજવાળાં રેલતો મોટો દીપક, મોટો પડદો, આહાર્યાભિનયના પોશાકો તથા મુખનાં રંગવિધાન, ને ચારેક સંગીત-વાદકો, એટલી જ સામગ્રીથી કથકલીમાં કેવી એક અદ્‌ભુત સૃષ્ટિ ખડી કરી શકાય છે! રાક્ષસો, દેવો, રાજાઓ, નાયકો, રાક્ષસીઓ... ભારતીય ધર્મકથાઓ તથા સાહિત્યનાં એ પાત્રોની અદ્‌ભુત સૃષ્ટિ! બીજાં અનેક રંગાલયો કે રંગભૂમિ આ નાટ્યો સમક્ષ મને ફિક્કાં ભાસે છે.' કથકલી જોનાર અને જાણનાર સૌ કોઈ જાણે છે કે મિ. જેન્સનું આ કથન લગીરે ખોટું નથી.


રાજદૂતનો કલાસંગ્રહ

રાષ્ટ્રીય કે પ્રજા તરફથી રચવામાં આવેલા કલાસંગ્રહોને મુકાબલે વ્યક્તિગત કલારસિકો કે શ્રીમંતોના ખાનગી માલિકીના કલાસંગ્રહો નીરખવામાં એક અનોખો આનંદ મળે છે,— કોઈ ખાનગી વ્યક્તિના શોખ અને જીવનની રસિકતામાં ડોકિયું કરવાના બાલસહજ કુતૂહલનો. માણસની આવી જિજ્ઞાસાવૃત્તિને સંતોષવા, ને એ રીતે ઘણુ લોકોની કલાવૃત્તિને પોષવાની તક લેવાના ઉદ્દેશથી અમેરિકાની 'નૅશનલ ગૅલેરી ઑવ આર્ટ'ના સંચાલકોએ હમણાંથી દર વર્ષે એવા ખાનગી માલિકીના કલાસંગ્રહોનાં જાહેર પ્રદર્શન યોજવા માંડયાં છે. એથી પ્રજાને બે લાભ થાય છે: એક તો એ કે જે મહામૂલાં કલારત્નો એમના ખાનગી આવાસોમાં જ માત્ર જોવા મળે તે જોવાની જનસમાજને વિરલ તક પ્રાપ્ત થાય છે; અને આવા કલામિત્રો પોતાની સુરુચિ વડે દેશ-પરદેશના ખૂણેખૂણેથી મૂલ્યવાન કૃતિઓ વીણી લાવીને કલાકારોને કેવું ઉત્તેજન આપે છે તે પ્રત્યે પ્રજાનું લક્ષ દોરાય છે.

અમેરિકાના નવા પ્રમુખ કેનેડીએ નીમેલા આંતરરાષ્ટ્રીય રાજદૂત ઍવેરેલ હૅરીમૅન તથા તેમનાં પત્ની મેરી હૅરીમૅન એવાં ઊંચી કોટિનાં કલારસિકો હોઈ તાજેતરમાં એમના ખાનગી કલાસંગ્રહનું પ્રદર્શન ઉપર્યુક્ત ઉપક્રમથી યોજવામાં આવ્યું હતું. ઊંચી કોટિનાં એટલા માટે કહ્યાં, કે ત્રીસ વર્ષ પહેલાં ૧૯૩૦માં જ્યારે મિ. હૅરીમૅને વાન ગૉઘનું 'સફેદ ગુલાબ' વાળું વિરલ ચિત્ર ખરીદ્યું ત્યારે અમેરિકા ભરમાં એ પ્રતિભાવાન ડચ કલાકારનાં ભાગ્યે જ



વૉલ્ટર કુહ્નનું ચિત્ર 'લીલાં સફરજન અને પાવડી.'



(૧) કેશગુંફન : લગભગ ૩ ફૂટ ઊંચું ધાતુશિલ્પ-લલિતકલા અકાદમીના ઈનામને પાત્ર તથા રાષ્ટ્રીય કલાસંગ્રહ માટે ખરીદાએલું; (૨) કિત્તીકિત્તી : ધાતુશિલ્પ, જેની પૂર્ણકદની સીમેન્ટની પ્રતિમૂર્તિ કલાવિદ્યાલયના પ્રાંગણમાં છે; (૩) અંગડાઈ : ૧॥ ફૂટ ઊંચી સીમેન્ટની શિલ્પકૃતિ

અરધો ડઝન ચિત્રો જાહેર ગૅલૅરીઓમાં હશે.

એ જ રીતે બીજા પણ જગત્ખ્યાત કલાકારોની કૃતિઓ એ રાજદૂતના સંગ્રહમાં છે: આધુનિક ચિત્રકલા (મૉડર્ન આર્ટ)ના પિતા ગણાતા સીઝાં ઉપરાંત પિકાસો, ગૉગીં, દેગા સ્યૂરાત, રુસ્સૉ, તુલાઉ લૉત્રેક, શાર્દિન વગેરે એ પૈકી વાન ગૉઘનું 'સફેદ ગુલાબ', જે આ અંકમાં અન્યત્ર આપ્યું છે તે તો એ કલાકારે ૧૮૯૦માં ૩૭ વર્ષની વયે આપઘાત કર્યો તેનાં થોડાં અઠવાડિયાં અગાઉ જ તેણે ચીતરેલું. દક્ષિણ પાસિફિકના ટાહિટી ટાપુમાં જઈ વસીને ત્યાંની લાક્ષણિક ભૂમિકાઓ વાળાં ચિત્રો આલેખનાર કલાકાર ગૉગીંનું આ અંકમાં આપેલું ચિત્ર 'પ્રેતના શબ્દો' તેણે એ પ્રદેશમાં જઇને બીજે જ વર્ષે કરેલું. ગૂઢ અને ન સમજાતા ભાવોવાળું એ જોરદાર ચિત્ર ગૉગીંના આદિકાળના આવેગનું દ્યોતક છે. એવું જ પિકાસોનું 'પંખો લઇને બેઠેલી સ્ત્રી' એ કલાકારના અતિક્રમી આવેગો શરૂ થયા પહેલાંના તેના 'બ્લ્યુ પીરિયડ'ના સર્જનકાળની કૃતિ છે.

આ અંકમાં પ્રકટ કરેલી બીજી બે કૃતિઓમાં એક તો હૅરીમૅને જેને પ્રકાશમાં આણ્યા તે કલાકાર આંદ્રે ડિરેઈનની છે. ઈ. ૧૯૦૫-૦૮ની સાલમાં નર્યા વિકૃત આકારો અને રંગની ફૅંકાફૅંકીવાળી કૃતિઓથી પારીસના કલાજગતને ભડકાવી મૂકનાર કલાકારોનો એક સમૂહ એવો પ્રકટ્યો જે 'ફૉવ' (એટલે ભયંકર જંગલી પશુઓ)ને નામે ઓળખાતો. ડિરેઇન પણ એમાંનો જ એક. જોકે આ અંકમાં આપેલી મેરી હૅરીમૅનની એણે આલેખેલી છબી તો એના પાછલા અને ઠરેલ કાળની છે, જ્યારે એણે પૂતળીઓ જેવા અજ્ઞાત ભાવવાળી નિગૂઢ તસવીરો પ્રકટાવેલી. બીજા કલાકાર વૉલ્ટ કુહ્ન વિષે તો ૪૫૦મા અંકમાં આવી ગયું.

શ્રી ગિરીશ છગનલાલ ભટ્ટ

બ્રિટિશ યુગની છેલ્લી સદીમાં સ્થપાએલી મુંબાઇ મદ્રાસ અને કલકત્તા વગેરે શહેરોની કલા-શાળાઓમાંથી જે કલાકારો અને કલા જનગ્યાં તેમાં ગુજરાતમાંથી પણ કેટલાક ચિત્રકારોએ ગુજરાતનું નામ ફેલાવ્યું; પરંતુ શિલ્પમાં બહુ જ જૂજ પ્રગતિ થઇ હતી. છેલ્લા એક દાયકા પર મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલયની સ્થાપના થઈ તેમાં વિશ્વવિદ્યાલયની કક્ષાએ લલિતકલા સંકાય (ફૅકલ્ટી ઑવ ફાઇન આર્ટ્સ)ની પણ સ્થાપના થઈ. તેના સુકાની ને આદ્યસ્થાપક શ્રી માર્કન્ડ ભટ્ટની સફળ સંચાલનશક્તિને દીર્ઘદૃષ્ટિએ ચિત્ર-શિલ્પ વિભાગના પ્રાધ્યાપકો તરીકે ખ્યાતનામ ચિત્રકાર શ્રી નારાયણ બેન્દ્રે ને શિલ્પકાર શ્રી નરનારાયણ (શંખો) ચૌધરીની નીમણૂંક થઈ.

આ ત્રણે કલાકારોના પરિશ્રમથી નવી કલાશિક્ષણ પ્રણાલિકા જન્મી, જેના ફળરૂપે જે પ્રથમ પરિપાક ફળ્યો (શ્રી મહેન્દ્ર પંડ્યા, સ્વ. શ્રી ઈશ્વરલાલ ગજ્જર, શ્રી વિનય ત્રિવેદી, શ્રી શાંતિ દવે, શ્રી જ્યોતિ ભટ્ટ, શ્રી રાઘવ કનેરિયા વગેરે) તેમાંના શ્રી ગિરીશ ભટ્ટ કહી શકાય.

એમનો જન્મ ૧૯૩૧ના ઑક્ટોબરની ૨૧મી તારીખે વડોદરા જિલ્લાના કુંઢેલા ગામમાં એક મધ્યમ ને સંસ્કારી ધર્મપરાયણ કુટુંબમાં થએલો. પ્રારંભિક શિક્ષણ પોતાના ગામડામાં અને માધ્યમિક શિક્ષણ નવસારી પાસે સૂપા ગુરુકુળમાં મેળવી, નાનપણથી જ ચિત્રનો શોખ હોવાથી ૧૯૫૦માં તે વડોદરા કળા



વિદ્યાલયમાં દાખલ થયા અને ચાર વર્ષના અભ્યાસને અંતે ૧૯૫૪માં પ્રથમ નંબરે શિલ્પનો ડિપ્લોમા મેળવ્યો. દરમ્યાન ૧૯૫૨માં મુંબાઇ પ્રદર્શનમાં એમના 'બહેનો' નામના શિલ્પે કલાવિવેચકોનું ધ્યાન ખેંચેલું.

વડોદરા કલાશાળાના પટાંગણમાંનું પુખ્તકાય અને સીધેસીધું સીમેન્ટ-રેતીમાં બનાવેલું બાળરમત 'કિત્તિ કિત્તિ'નું એમનું શિલ્પ પણ ખૂબ ધ્યાન દોરે છે. એના મોડેલ રૂપે બનાવેલી નાની કાંસ્ય-પ્રતિમા ૧૯૫૬માં ભારતીય શિલ્પ સંસદ (ઇન્ડિયન સ્કલ્પટર્સ એસોસીએશન)ના રૌપ્ય-ચંદ્રક અને ઈનામને પાત્ર ઠરેલી.


ડિપ્લોમા મેળવીને એમણે 'બ્રૉન્ઝ કાસ્ટિંગ'નો અનુસ્નાતક અભ્યાસ ચાલુ કર્યો ને ૧૯૫૮માં ક્રેડિટ સાથે તે ડિપ્લોમા મેળવ્યો. એટલામાં ભારત સરકારની ઉચ્ચતર ને વિશેષ સંશોધન માટેની શિષ્યવૃત્તિઓ જાહેર થઈ, તેમાં શિલ્પ માટે એમની વરણી થઈ. એ શિષ્યવૃત્તિનાં બે વર્ષો દરમ્યાન એમણે ભારતમાં યોજાએલાં અનેક કલાપ્રદર્શનોમાંથી પારિતોષિકો મેળવ્યાં. ૧૯૫૫માં લલિત કલા અકાદમીની સ્થાપના થઈ. તેના પ્રદર્શનમાં પણ એમની 'શૃંગાર' નામની કાંસ્ય પ્રતિમા ઈનામને પાત્ર ઠરી ને ભારત સરકારે રાષ્ટ્રીય કલાસંગ્રહ માટે તે ખરીદી લીધી.

હાલમાં તેઓ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના લલિત-કલા સંકાયમાં ધાતુ-શિલ્પના અધ્યાપક છે. —કાન્તિલાલ કાપડિયા

શૈક્ષણિક રમકડાંના સર્જક
બાબુજી શિલ્પી


ઠીંગણો ઘાટ, એકવડિયું શરીર, ઘઉંવર્ણો વાન અને માથે થોડી ટાલ. વાણી મીઠી ને સંયમશીલ. આંખો પ્રેમાળ અને ચકોર. સંપૂર્ણ ભારતીયતાના અતિશય આગ્રહી બાબુજી શિલ્પી એક એવા કલાકાર છે કે જેમને પોતાના ભૂતકાળની બહુ સ્પષ્ટ યાદ નથી. ખબર હોય તો માત્ર એટલી જ કે તેઓ પોતાની નાની પાસે બહુ લાડમાં ઊછરેલા. શાળાએ જવું તો શાનું ગમે, પણ કોલસાથી ભોંય-ભીંત પર ચિતરામણ કરવામાં રસ ઘણો. ને આલેખે પણ એવું કે મોટેરાંઓ પણ એ જોઈને દંગ થઈ રહે. બે-ચાર ચોપડી જેટલું ભણ્યા પછી ઊઠી ગયા કે ઉઠાડી લીધા એ રામ જાણે. એમણે તો ચિત્રકળાની સાધના આદરી દીધી હતી. તે પછી મુંબાઈની એક કલાશાળામાં જોડાયા અને અભ્યાસમાં હમેશાં મોખરે રહી પાંચ વર્ષનો ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કર્યો. આ દરમ્યાન ચિત્રકાર વજુભાઈ ભગત સાથે ગાઢ મૈત્રી બંધાઈ. બાબુજી એમની સાથે જ રહેવા લાગ્યા અને હજી યે સાથે જ રહે છે.

કળાનો અભ્યાસ કર્યા પછી ચિત્રકામ જ કરવા માંડ્યું. એમાં નામ અને દામ પણ મળ્યાં. પણ જીવને ચેન નહિ. પોતાની કળા-આવડતને કોઈ વધુ ઉપયોગી માર્ગે વાળવા અનેક રીતે વિચાર્યા જ કરે. દસ વર્ષે એમને માર્ગ જડી ગયો. અને એમણે એ માટે અખતરાઓ કરી કરીને એક સંપૂર્ણ યોજના વિચારી કાઢી. શૈક્ષણિક રમકડાંઓની એમની એ યોજનાની જાણ 'અખિલ ભારત હસ્તકલા કેન્દ્ર'-નાં પ્રમુખ શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયને થઈ. એમણે બાબુજીને બોલાવ્યા, એમનું કામ જોયું, એમની યોજના વિચારી, ને આ બધાંને પરિણામે સરકારની મંજૂરી મેળવી 'લાકડાનાં શૈક્ષણિક રમકડાંઓના વિકાસકેન્દ્ર' (ડેવલપમેન્ટ સેન્ટર ફોર એડ્યુકેશનલ વૂડન ટૉય્ઝ)-ની સ્થાપના થઈ. મુંબાઈમાં ગામદેવી ખાતે જૂની વિક્ટોરિયામિલ્સનાચોગાનમાંચાલતા આ કેન્દ્રના કારખાનાના બાબુજી ડાયરેક્ટર બન્યા. અમેરિકાની બોસ્ટન વિદ્યાપીઠના 'હિસ્ટરી ઑવ આર્ટ્સ'નાં પદવીધારી, એમનાં પત્ની શ્રી હેમલતા પણ આ કાર્યમાં જોડાયાં. એ માનસશાસ્ત્રનાં પણ અભ્યાસી છે.





બાબુજીએ યોજેલાં રમકડાં. જમણી બાજુ બળદ. ઓછી વિગતો છતાં પ્રાણીનું ગૌરવ દર્શાવતું રમકડું (ઉપર) ક્રોસ. પાટિયા પર બેસાડેલી આ રચનામાં ક્રોસ ખરેખર ચાલતો જોવા મળે છે. (નીચે) બાબુજી પોતે રમકડાં દ્વારા ઘોડાનાં અંગોની સમજણ આપી રહ્યા છે.



બાબુજીના શુદ્ધ ભારતીયતાના આગ્રહની છાપ એમણે યોજેલાં રમકડાંમાં પણ સ્પષ્ટપણે જણાઈ આવે છે. એમનાં આ નવાં રમકડાં એ માત્ર રમવાનું જ નહિ પણ બાલમાનસનો વિકાસ સાધવાનું એક સુંદર સાધન છે. બાળકોની સુષુપ્ત કલ્પનાશક્તિને યોગ્ય ઉત્તેજન મળે એ દૃષ્ટિબિંદુને ખયાલમાં લઈને જ એમણે આ સઘળાં રમકડાંના આકાર, રંગ વગેરે નક્કી કરેલાં છે. એમની યોજના પ્રમાણે હાલ છ વર્ષ સુધીની ઉમરનાં શિશુઓ માટેનાં લગભગ સિત્તેર પ્રકારનાં રમકડાં આ કેન્દ્રમાં તૈયાર થાય છે. ધીરેધીરે ચૌદ વર્ષ સુધીનાં બાળકો માટેનાં રમકડાંની યોજના પણ વિચારાઇ રહી છે. એ રમકડાં દ્વારા જ બાળકોને ઇતિહાસ અને ભૂગોળનું જ્ઞાન આપવાનો બાબુજીનો ખયાલ છે. આ રીતે લગભગ સાડાત્રણ હજાર પ્રકારનાં રમકડાં બનાવવાની એમની યોજના અને તૈયારી છે.

બાળકોની ઉમર અને તેમની ગ્રહણશક્તિને ધ્યાનમાં લઈ એમણે આ રમકડાંઓને ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યાં છે. ત્રણે વિભાગમાં રમકડું તો સરખું જ, પણ ઉત્તરોત્તર તેમાં વિગતોનો વધારો હોય છે. ૨ થી ૬ માસનાં બાળકો માટે ઘોડિયે લટકાવવાનાં રમકડાં ચકલી કે મધુર રણકાર કરતાં મંજિરાં જેવાં, તદ્દન સાદાં પણ આકર્ષક રંગનાં ને ઘાટીલાં, સુડોળ આકારનાં હોય છે. ૬ થી ૧૨ માસનાં બાળકોનાં રમકડાં પરથી તેમને માનવ-આકારનો પ્રાથમિક પરિચય મળે; તે પછી કુટુંબીઓનો ખયાલ આપતાં રમકડાં આવે. ૧ થી ૩ વર્ષનાં બાળકોને વિવિધ પશુપક્ષીઓનો પરિચય; અને તેથી મોટાં બાળકો માટે એ જ પશુપક્ષી અને આસપાસની દુનિયાની વધુ માહિતીવાળાં રમકડાં.

આમ, પહેલા તબક્કાનાં રમકડાં બાળકોને સુગ્રાહ્ય વિગતોવાળાં છતાં સાદામાં સાદા આકારનાં અને ઓછામાં ઓછા રંગોવાળાં હોય છે. આ રંગો પણ બાળમાનસ પરની તેમની અસરને પૂરેપૂરી ધ્યાનમાં રાખીને પસંદ કરેલા હોય છે. બીજે અને ત્રીજે તબક્કે આકાર તથા રંગરેખાની વિગતો વધતી જાય અને સાથોસાથ બાળકોનું જ્ઞાન પણ. આ રીતે માત્ર પ્રાથમિક જ્ઞાન જ નહિ, બાળકોને ગ્રાહ્ય એવી કેટલીક વાર્તાઓ પણ આ રમકડાંઓ દ્વારા બાળકોના મગજમાં વધુ સરળતાથી ને ચિરંજીવ અસર સાથે ઉતારી શકાય. તે માટે તેમણે કેટલાંક ખાસ બોર્ડ અને રમકડાં બનાવ્યાં છે. બાળકોને વાર્તા કહેતાં કહેતાં તેમાં આવતી નવી માહિતીઓનાં રમકડાં પણ તેમને પેલા બોર્ડ પર મૂકીને બતાવતાં જવાનાં.

સંખ્યાગણિતનું જ્ઞાન, અક્ષરો (હિંદી, ગુજરાતી, અંગ્રેજી)ની ઓળખ, તેમજ વિવિધ પ્રાંતવાસીઓનો પરિચય આપતાં રમકડાં પણ છે.

આમ, એમની આ આખી યોજના ઘણી જ લાભદાયી છે. વળી, આ કેન્દ્રમાં બહારના ધંધાદારી રમકડાં બનાવનારાઓને પણ આકાર અને રંગવિધાન વિષે જોઇતું માર્ગદર્શન આપવામાં આવે છે.

બાબુજીની આ પ્રવૃત્તિ તથા તેમની યોજનાને દેશવિદેશના ઘણા તજજ્ઞોએ જોઈ છે ને તેની પાછળ રહેલી બાબુજીની આગવી પ્રતિભા તેમણે વખાણી છે.

મહેન્દ્ર ઠક્કર

દસ નિયમો

ભગવાન બુદ્ધના સમયમાં મિગાર નામે ધનવાન શેઠ થઈ ગયો. તેને વિશાખા નામે કુળવાન પુત્રવધૂ હતી. એક વાર શેઠે અમુક કારણસર તેના પર ગુસ્સે થઇ તેને ઘર બહાર કાઢી મૂકવાનો હુકમ કર્યો. પણ શીલવતી વિશાખા આવું અપમાન સહી ન લેતાં વિનયપૂર્વક બોલી: 'પ્રથમ મારો અપરાધ મને સમજાવો. મારા ઉપર વિના કારણ આરોપ ન આવે તે માટે મારા પિતાજીએ આ ગામના આઠ કુલીન ગૃહસ્થોને મારાથી થતા કોઈ પણ અપરાધની પૂરી તપાસ કરવા સારુ કહી રાખ્યું છે, તો તેમની સમક્ષ મારો દોષ જણાવો. તેઓ મને અપરાધી ઠરાવશે તો હું આપની માફી માગીને મારી મેળે નીકળી જઈશ.' શેઠને વાત વાજબી લાગી. તેમણે તરત જ એ આઠે ગૃહસ્થોને બોલાવ્યા ને બધી વાત કરી.

તે ગૃહસ્થોને તપાસ કરતાં જણાયું કે બંને કુળના સંપ્રદાયો જુદા હોવાથી શેઠ નિષ્કારણ નારાજ થયા હતા. વિશાખાને બુદ્ધ ભગવાન પ્રત્યે ભક્તિ હોવાથી તે બૌદ્ધ ભિક્ષુઓને ભિક્ષા આપતી હતી, તે શેઠને ખટકતું હતું. તેમના સમજાવવાથી શેઠ શાંત તો પડયા, પણ પોતાનું કંઈક રાખવા બોલ્યા: 'તમારી વાત મને માન્ય છે, પણ વિશાખાના બાપ તેને અહીં મૂકવા આવેલા ત્યારે અમને ન સમજાય એવી રીતે દસ નિયમો ધ્યાનમાં રાખવાનું તેને કહી ગયા છે. એ અમારી વિરુદ્ધમાં પોતાની દીકરીને ચડાવી તો નથી ગયા ને?' આથી ગૃહસ્થોએ વિશાખાને એ દસ નિયમો કહી સંભળાવવાનું જણાવ્યું. વિશાખાએ એ નિયમો જણાવી દીધા:

(૧) 'અંદરની આગ બહાર લઈ જવી નહિ'–એટલે કે ઘરમાં કાંઈ તકરાર થઇ હોય તો તેની વાત બહાર કહેવી નહિ; (૨) 'બહારની આગ અંદર આણવી નહિ'–આડોશી-પાડોશી પોતાનાં સાસરિયાંનું વાંકું બોલતાં હોય તે ઘરમાં કોઇને કહેવું નહિ; (૩) 'આપનારને જ આપવું' અને (૪) 'ન આપનારને ન આપવું'–જે કોઈ ઘરમાંની વસ્તુ ઉછીની લઈ જઈ પાછી આપે તેને જ આપવી, જે પાછી ન આપતું હોય તેને ન આપવી; (૫) 'આપનાર કે ન આપનાર હોય તો યે આપવી'—એટલેકે સગાંવહાલાંમાં કોઇ ગરીબ હોય ને ઉછીનું પાછું આપવાની શક્તિ ન હોય તો યે આપવી; (૬) 'સુખેથી બેસવું'; (૭) 'સુખેથી જમવું' અને (૮) 'સુખેથી સૂવું'–વડીલોની અવરજવર હોય ત્યાં બેસવું નહિ, તેમના જમ્યા પહેલાં જમવું નહિ અને નોકર-ચાકરની પણ ખબર કાઢીને પછી જમવું, અને ઘરના વડીલોના સૂવાની વ્યવસ્થા કરીને પછી સૂવું. (૯) 'અગ્નિની રોજ પૂજા કરવી'–સ્ત્રીને મન પતિ અગ્નિ જેવો પૂજ્ય હોઈ તેની સેવા કરવી; (૧૦) 'ગૃહદેવતાની પૂજા કરવી'–સાસુસસરા આદિ વડીલોને ગૃહદેવતા સમાન સમજવાં.

વિશાખાની વાત સાંભળી પેલા આઠ ગૃહસ્થો પ્રસન્ન થયા, અને મિગાર શેઠે પણ પોતાની ભૂલ સમજીને પોતાની સુશીલ પુત્રવધૂની માફી માગી. (જીવન-શિક્ષણ)



અંગ્રેજ ભારતસેવિકા

રેવ૰ સૅમ્યુઅલ રિચમન્ડ નોબલ નામે એક પવિત્ર આયરિશ ધર્મગુરુને ત્યાં ઈંગ્લંડમાં ઈ. ૧૮૬૭ની ૨૮મી ઑક્ટોબરે જન્મેલી માર્ગરેટને જોઈ કોઈ સંતે ભવિષ્ય ભાખેલું કે એ હિંદુસ્તાનની અમૂલ્ય સેવા કરવા કો અગમ્ય પ્રેરણાથી દોરાશે. પોતાના અંતકાળે શ્રદ્ધાળુ પિતાએ પત્નીને પણ વખત આવ્યે માર્ગરેટને ભારત મોકલવા ભલામણ કરી રાખેલી.

સ્ત્રીઓનું ગૌરવ વધારવાની આકાંક્ષાવાળી માર્ગરેટે પચ્ચીસ વર્ષની વયે એક સ્વતંત્ર શાળા કાઢી; ઉપરાંત, સાહિત્ય, સમાજ ને નીતિશાસ્ત્રની ચર્ચા-વિચારણાઅર્થે 'સિસેમ-ક્લબ' નામે એક મંડળ પણ સ્થાપ્યું.

એવામાં અમેરિકાની સર્વધર્મ પરિષદમાં વિખ્યાત થઇ પાછા ફરતા સ્વામી વિવેકાનંદનો તેને પરિચય થયો, અને સ્વામીજીએ તેને 'હિંદની સ્ત્રીઓની ઉન્નતિમાં સહાયરૂપ થવા' ભારત આવવા સૂચવ્યું. ઈ.સ. ૧૮૯૮માં એ કલકત્તા આવી અને બેલૂર મઠમાં સ્વામીજી પાસેથી હિંદુ ધર્મની દીક્ષા લઇ 'માર્ગરેટ'ને બદલે 'નિવેદિતા'–ભગિની નિવેદિતા બની.

પછી હિન્દુ સ્ત્રીઓમાં શિક્ષણ અને સંસ્કાર ફેલાવવા કલકત્તામાં બાગબઝારમાં 'ભગિની-ગૃહ' સ્થાપ્યું, જ્યાં બાળકોને કિન્ડરગાર્ટન પદ્ધતિથી શિક્ષણ આપવા માંડયું અને આસપાસની સ્ત્રીઓને રામાયણ-મહાભારત સંભળાવવા તથા ભરતગૂંથણ શીખવવા માંડયું. પણ સંસ્થાનાં ખર્ચને પહોંચવું મુશ્કેલ પડતાં તેમણે લેખો અને પુસ્તકો લખવા માંડયાં; ને પોતાનાં અંગત ખર્ચ પર મોટો કાપ મૂકયો. આ કારણે તેમનું શરીર અત્યંત કૃશ થઈ ગયું. છતાં હિંદની પ્લેગ, રેલ કે મૅલેરિયા જેવી આપત્તિઓમાં એમણે ખડે પગે સેવા ઉઠાવી.

ઊંચો ને મજબૂત બાંધો, આસમાની રંગની



વિશાળ આંખો, ભારતીય પોશાક ને રુદ્રાક્ષની માળા પહેરેલા કંઠમાંથી નીકળતી સંગીતમય વાણીથી એમણે ભારતીઓનાં દિલ જીતી લીધેલાં. ભારત માટે તેઓ સદા 'આપણી ભારતમાતા' જ કહેતાં. હિન્દુ ધર્મનો આત્મા સચેત કરવાનો એમનો દૃઢ સંકલ્પ હતો. એમણે લખેલાં અગિયાર પુસ્તકો અને અનેક લેખોમાં ભારતનો આત્મા જ પ્રકાશે છે.

છેલ્લાં ત્રણેક વર્ષ યુરોપ-અમેરિકામાં ગાળી તેઓ ફરી ભારત આવ્યાં ત્યાં જ બીમાર થઈ ગયાં ને ઈ. ૧૯૧૧ની ૧૬મી ઑક્ટોબરે અવસાન પામ્યાં. એમની અંતિમ ઇચ્છાનુસાર હિન્દુવિધિઅનુસારએમનેઅગ્નિદાહઅપાયો.

અજમાવી જોજો

માથું દુખતું હોય તો તુલસીનાં પાન અને અગરબત્તી વાટીને માથે ચોપડી જોજો.

ગોખરુ, પાષાણભેદ, કડુ, સાટોડી, સૂંઠ ને હરડેના પાંચતોલા કવાથમાં ૧ તોલોજવખાર નાખી પાવાથીપથરીપેશાબમાંનીકળીજાયછે.

સરકો

તમે ઘરમાં સરકો રાખો છો? રસોઈ કે કચુંબરમાં ખટાશ ઉમેરવા માટે તો એ કામ લાગે જ છે;ઉપરાંત પણ તે બહુ કામમાં આવેછે:

કાચનાં વાસણોમાં કોઈ ખોરાકની વાસ બેસી ગઈ હોય તો ગરમ પાણીમાં થોડો સરકો નાખી એનાથી વાસણને ધોઈ નાખજો.

કેટલાંક શાક કે ફળ સમારતાં હાથમાં ડાઘ પડે છે. સમારતાં પહેલાં હાથ પર સરકો લગાવી દીધો હોય તો એવા ડાઘ ન પડે. પછી ગરમ પાણી ને સાબુથી હાથ ધોઈ લેવા.

રેશમી વસ્તુઓને ધોતી વખતે પાણીમાં એક કે બે ચમચા સરકો નાખશો તો તેનો મૂળ ચળકાટ ચાલુ રહેશે.

તરત ફીણ ન વળતાં હોય તેવાં ખારવાળાં પાણીમાં વાળ ધોવાની મુશ્કેલી પડે છે. તેમાં એક-બે ચમચા સરકો નાખી વાળને ચોળો તો વાળમાં સુંવાળપ અને સુંદર ચળકાટ આવશે.

શાહી ઘટ્ટ થઈ ગઈ હોય તો તેમાં પણ સરકાના થોડાં ટીપાં નાખી લેવાય.

મેં ખીલ કેમ મટાડ્યા

મારા મોં પર એટલા બધા ખીલ નીકળ્યા કે મોં કદરૂપું બની ગયું. કેટલાયે પ્રયોગો અજમાવ્યા પણ ખીલ નાબૂદ થયા નહિ. જ્યારે બધા પ્રયોગો નિષ્ફળ ગયા ત્યારે કુદરતી ઉપચારો દ્વારા ખીલ મટાડવાનો મેં નિશ્ચય કર્યો.

પ્રથમ મેં મારો ખોરાક બદલ્યો. અથાણાં, ફરસાણ, ગરમ પદાર્થો લેવા બંધ કર્યા. સવારે શાકભાજી, રોટલી, દાળ ભાત, ને સાંજે ફક્ત દુધ ને બે પાકાં કેળાં લેવાનું રાખ્યું. સૂતી વખતે પેટ સાફ રાખવા માટે મિલ્ક ઑવ મૅગ્નેશિયા એકથી બે ચમચા પાણી સાથે અઠવાડિયામાં બે વખત લેતી. રાત્રે સૂતી વખતે મોં પર ગરમ પાણીની વરાળ પણ પાંચથી દસ મિનિટ સુધી લેતી. આ પ્રમાણે લગભગ દોઢ મહિના સુધી કર્યાથી મોં પરના ખીલ મટી ગયા તે આજ સુધી ફરી થયા નથી.

ખીલ થવાનાં જે કારણો હતાં તે આ રહ્યાં. મને અજીર્ણ રહેતું હતું. ભૂખ બરાબર નહોતી લાગતી છતાં હું બેથી ત્રણ વખત ખોરાક લેતી. એમાં પણ ગરમ પદાર્થો વધારે પ્રમાણમાં ખાવાની ટેવ હતી. કબજિયાત પણ અવારનવાર રહેતી. પાણી પીવાની ટેવ ઓછી હતી. મોં પર ક્રીમ જુદીજુદી કંપનીનાં લગાડતી. આ બધાંને લીધે પેટ બગડેલું રહેતું, પાચનક્રિયા નબળી પડી હતી, ક્રીમને લીધે મોં પરની ચામડીનાં છિદ્રો બંધ થઈ જતાં હતાં. ગરમ પાણીની વરાળ લેવાથી છિદ્રો ખુલ્લાં થયાં, ખોરાકમાં ફેરફારથી અજીર્ણ મટી ગયું અને રાત્રે મિલ્ક ઑવ મૅગ્નેશિયા લેવાથી પેટ સાફ રહેવા લાગ્યું. શરીર શુદ્ધ થયું અને લોહીની ખોટી ગરમી દૂર થઈ, એટલે ખીલ મટી ગયા.

(સંદેશ) —વિમળાબેન જોષી


થૂલાની ચીકી


ઘઉંના લોટને ચાળવાથી થૂલું નીકળે તે ઘણા લોકો ફેંકી દે છે. પણ આ થૂલું સત્ત્વવાળું ને પચવામાં હલકું હોય છે. એની ચીકી બનાવી હોય તો સત્ત્વશાળી નાસ્તો મળી રહે.

થૂલાને સાફ કરીને આછા તાપે સ્હેજ શેકી લેવું. પછી એક મોટા વાસણમાં ઘી ગરમ કરીને તેમાં જરૂરી ગોળનો ભૂકો કરીને નાખવો. ગોળ ઘીમાં પૂરતો ફૂલે એટલે તરત એમાં પેલું થૂલું નાખી હલાવીને ઉતારી લેવું. પછી એક થાળીમાં જરા ઘી ચોપડીને એ ઠારી દેવું, ને એ સ્હેજ ઠરે એટલે ચોસલાં માટે કાપા પાડી દેવા. સાવ ઠરી જાય પછી ચોસલાં છૂટાં પાડી ખાવાના ઉપયોગમાં લેવાં. ઘી-ગોળની પચાર વધુ ગરમ ન થાય તેનું ધ્યાન રાખવું, નહિતર ચીકી ચવડ થશે. —ગીતા પરીખ

બાડી કાંગરીનો ટાંકો (હેરિંગ-બોન સ્ટિચ)

ચોકડીના ટાંકા જેવા આ સાદા ટાંકામાં ચાતુરીભરી આંગળીઓ ઘણું વૈવિધ્ય સરજી શકે. સાથેની આકૃતિઓ પરથી જોઈ શકાશે કે આ ટાંકાને આછી આછી ભાત કે નજીક નજીક ટાંકા લઇને ગીચ ભાત ઉપજાવવાથી તેની અસરમાં પણ ઘણો ફેર પડે છે. એ જ રીતે પ્રથમ આવી કાંગરી ભરી જઈ પછી બીજા જ રંગના દોરા લઇને આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ભરી જવાથી પણ અનોખી કિનારી બની જશે (જુઓ 'અ', 'બ' અને 'ક'). આ જ રીતે તેની નીચેની બે આકૃતિઓમાં દર્શાવ્યા પ્રમાણે કાંગરી ભર્યા પછી તેમાં પડતી ચોકડીમાં બીજા જ રંગનો દોરો લઈ સળંગ પરોવી જવાથી પણ મજાની ભાત મળી રહે છે. તેની નીચે કાંગરીનો સાદો ટાંકો સહેજ ફેરફારથી લીધો છે. એમાં એક તરફ દોરો સહેજ બહાર પડતો લેવાથી વળી નવી જ કિનારી મળે છે, તે પછીની છેલ્લી રીત કાંઈક અટપટી છે, પણ મુશ્કેલ તો નથી જ. આકૃતિ પ્રમાણે પ્રથમ કાંગરી ભરી જઈ પછી તેની ચોકડીઓ ફરતો બીજા રંગનો દોરો પરોવતા જાઓ (આકૃતિથી સહાય મળશે.) અને પછી એનું પરિણામ જુઓ. આમાં જરા મોટા ટાંકા અને વધુ જાડા દોરાથી ઉઠાવ કંઈક વધુ સારો આવશે. (ચાલુ)





કબાટના બારણામાં લાકડી, સળિયો કે ખીંટી જડી દઇને યા કબાટમાં મૂકેલી ચીજોને નડે નહિ તે રીતે એકાદ ખોખું જડી દઇને બીજી ઘણી નાની ચીજો ત્યાં સમાવી શકાશે.

ઘરઆંગણે શાકભાજી

અગાઉના અંકોમાં આપેલી પદ્ધતિથી ઋતુ-ઋતુનાં શાકભાજી કે ફૂલછોડ ઘરઆંગણે ઉગાડી શકાય. એમાં કૉબી ને કૉબી-ફ્લાવરના વાવેતર માટે હજી સમય છે. (ઑગસ્ટની અધવચથી ઑક્ટોબર અંત સુધી થઈ શકે.)

પ્રથમ તેના રોપ અલગ ખોખાં કે કૂંડાંમાં ઉછેરવા. પણ આ શાક કદમાં મોટું હોવાથી તેને વાવવાની જગ્યા મોટી જોઇએ: ઓછામાં ઓછું ૬ ફૂટ લાંબું, ૪ ફૂટ પહોળું ને ૯ ઈંચ ઊંડું ખોખું. આ શક્ય ન હોય ત્યાં ક્યારામાં વાવવું વધુ ફાવે. એટલી જગ્યામાં ૬ રોપા સમાવી શકાય. એકસરખા ગાળાવાળી હારમાં બબ્બે ફૂટને ગાળે છોડ રોપવા. દેશી બીના રોપાનો સમય હવે વીતી ગયો (જૂનની અધવચથી ઑગસ્ટ અંત), પણ આયાત કરેલાં બી ઑક્ટોબર અંત સુધી હજી રોપી શકાય. નવેમ્બરથી માર્ચ સુધીમાં તૈયાર થઈ જશે.

કૉબીનાં પાંદડાં બરોબર વિકસે તે માટે નાઇટ્રોજનનું ખાતર જોઇએ. અગાઉ બતાવેલી રીતે તૈયાર કરેલી એક ચોરસવાર માટીના મિશ્રણમાં કૉબી માટે ત્રણ ઔંસ ઍમોનિયમ સલ્ફેટ, અને કૉબી-ફ્લાવર માટે બે ભાગ ઍમોનિયમ સલ્ફેટ, ૧ ભાગ સુપર ફૉસ્ફેટ, અને એક ભાગ સલ્ફેટ ઑવ પોટાશ લેવાં.

ત્રણ દિવસને ગાળે પાણી સીંચવું; પણ મોસમ પ્રમાણે ફેરફાર કરવો. પાણી જમા ન થાય તે સામે રક્ષણ આપવું. (ખેડૂત બંધુ)

સાહિત્યસંપર્ક

શબ્દકથા : મુદ્રિકા

'મુદ્રિકા' અને 'મુદ્રા' બંને વીંટીના અર્થમાં પ્રચલિત છે. 'અંગુલીયક' તથા 'અંગૂઠી'ને આંગળાં સાથે સંબંધ છે; 'વીંટી'ને વેષ્ટન એટલેકે વીંટાળવા સાથે સબંધ છે. પણ 'મુદ્રા'ના મૂળ અર્થને તો વીંટીના આકાર કે આધાર સાથે નહિ, પણ તેના કાર્ય સાથે સંબંધ છે. સંસ્કૃતમાં 'મુદ્રા'નો મૂળ અર્થ 'છાપ' કે 'મહોર'. પછી 'છાપ' કે 'મહોર' લગાવવા વપરાતી વસ્તુ પણ 'મુદ્રા' કહેવાઇ.

'મુદ્રા' કે સીલનો ઉપયોગ વસ્તુ અકબંધ રાખવાની સાવચેતી લેખે, અથવા ખત વગેરેની પ્રમાણભૂતતા માટે થાય. આ કારણે 'મુદ્રા'નો જુદીજુદી ત્રણચાર દિશામાં અર્થવિકાસ થયો. સિક્કા પર છાપ લગાડાતી તેથી તે 'મુદ્રા' કહેવાતી—જેમકે 'સુવર્ણ મુદ્રા' (=સોનામહોર). રાજા વગેરે પ્રમાણભૂત વ્યક્તિની વીંટી ઉપરની છાપ ખત વગેરેને પ્રમાણ કરવા વપરાતી હોવાથી આવી વીંટી પણ 'મુદ્રા', 'મુદ્રિકા' કે 'અંગુલિમુદ્રા' કહેવાઇ. બીબાંથી થતા છાપકામ માટે પણ 'મુદ્રણ' શબ્દ વપરાયો; અને અકબંધ રાખવાની વસ્તુ પર તેને બીડી-બાંધીને છાપ લગાડાય, તેથી 'મુદ્'નો અર્થ 'બંધ કરવું, બીડવું' એવો પણ થયો—જેમકે સંસ્કૃતમાં 'નિદ્રામુદ્રિતલોચનઃ' (=ઊંઘથી બિડાઈ ગએલી આંખોવાળો) અને હિંદીમાં 'મૂંદના' (=મીડવું).

'મુદ્રા' ઉપરથી હિંદી 'મુંદરી' તથા તમિળ મળયાળમ્ 'મોદિરમ્' વીંટીના અર્થમાં જ ઊતરી આવેલા છે.

—હરિવલ્લભ ભાયાણી

નવા કાવ્યસંગ્રહો

કાવ્યગગનમાં હમણાંહમણાં ઘણા નવા તારા ચમકવા માંડયા છે. કોઈ પ્રકાશથી ઝળહળતા હોય છે, તો કોઈ મંદ તેજ સાથે ઉપર આવવા મથતા લાગે છે. પ્રકાશનનું આકર્ષણ ક્યારેક વધુ ધીરજ ને વધુ સાધના માગે છે.

શ્રી ચૈતન્યબેન દિવેટિયાનો કાવ્યસંગ્રહ **અક્ષત**, શ્રી સુરેશા મજમુદારનો **અર્ચના**, શ્રી સુધીર દેસાઇનો **આકાંક્ષા**, શ્રી કલાધર વૈષ્ણવનો **વેણુ** ને શ્રી કુસુમબહેન ઠાકોરનો **મંદાર**—આ કાવ્યસંગ્રહો વાંચતાં આ પ્રકારની લાગણી થયા વગર રહેતી નથી.

કોઈ પણ કાવ્યસંગ્રહ વાંચવો શરૂ કરતાં પહેલી અપેક્ષા કવિના રચનાકૌશલની તો રહે જ. કાવ્યોમાં જ્યારે છંદદોષ કે ગીતોમાં લઘુ-ગુરુ મરડાતા લાગે ત્યારે કવિની શક્તિ માટે પ્રશ્ન થાય છે. અને આ તો માત્ર બાહ્ય સ્વરૂપની વાત. કાવ્યના આંતર-કલેવર પાસેથી તો વધારે અપેક્ષા રહે છે.

અક્ષતમાં છંદોની કચાશ અક્ષમ્ય છે. છંદની સહજ સ્ફુરણા ઓછી અનુભવાય છે. ગીતોમાં પ્રાસ મેળવવા જેટલા ભાષાપ્રભુત્વની પણ ઘણી વાર અછત જણાય છે. સ્ત્રીની બાલિકામાંથી વૃદ્ધાવસ્થા સુધીની ભૂમિકાનાં પાંચ છ કાવ્યો સંતોષકારક છે. આવી કેટલીક સારી કૃતિઓ બાદ કરતાં સંગ્રહમાં જે નબળાં કાવ્યો-ગીતો છે તે નિવારી લેવાં જોઇએ.

શૈલી તથા વિષયની તાજગી ને નવીનતાની દૃષ્ટિએ **અક્ષત** તથા **અર્ચના** બેએક દાયકા પાછળ પડી જતાં લાગે છે. બલ્કે ઉપર્યુક્ત સંગ્રહોનો આખો સમૂહ આધુનિક કાવ્યપ્રવાહો સાથે તાલ મિલાવી શકતો જણાતો નથી. નવી કવિતાની સુરમ્ય પ્રતીક શક્તિ તથા લાઘવ આ સંગ્રહોમાં ભાગ્યે જ દેખાય છે.

અર્ચનાનાં કવયિત્રીમાં છંદપ્રભુત્વ સારું છે. 'ગ્રીષ્મ' જેવાં કાવ્યોનું વિષય નિરૂપણ, અને 'નિસ્તેજ વાડી'ની મર્મસ્પર્શી અભિવ્યક્તિ સારી આશા જન્માવે છે. એમનાં માતુશ્રી કવયિત્રી સ્વ.દીપકબા દેસાઇ પાસેથી એમને કાવ્યશક્તિનો જે વારસો મળ્યો છે એ શક્તિ હજી જૂની પ્રણાલીમાંથી મુક્ત થઇને નવાં પ્રસ્થાન કરાવતી નથી. 'અરાડું', 'ઉરાડવું', 'ઓરાડવો'-જેવા શબ્દપ્રયોગો ખૂંચે છે.

વળી ગીત રચનામાં રચનારનું મન સંગીતપ્રધાન થાય છે ત્યારે ગીતનો ઝીણવટભર્યો કસબ એના ધ્યાન બહાર રહી જાય છે. **વેણુ**માં પણ આ જ ચીવટનો અભાવ દેખાય છે. એક ગીત ભાવભરી રીતે ગવાય એથી એ સંપૂર્ણપણે ગીત નથી થઈ જતું. એનું પઠન પણ કાવ્યમય સંગીત ઉપજાવી શકે એટલી લયમંજુલતા અને કાવ્યતત્ત્વ જરૂરી છે. કવિતા અને સંગીતનો સંબંધ અત્યંત સૂક્ષ્મ ને ગહન છે એ ઊગતા કવિઓએ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ. માત્ર ક્યાંક ક્યાંક ચમકતા કાવ્યતત્ત્વ સાથે એક ભાવુક હૃદયે ગાએલાં આ ગીતોનો સંગ્રહ પૂર્ણ સંતોષ નથી આપી શકતો.

મંદારનાં ગાન પણ આ રચનાદોષથી મુક્ત નથી. એનાં કવયિત્રીએ ભક્તિની ધૂનમાં ગાયા કર્યું છે. એમાં મીરાંની કૃતિઓની છાયા દેખાય છે. આખો સંગ્રહ ઊર્મિમય છે. કેટલાંક ગીતો આકર્ષે એવાં છે અને કાવ્યશક્તિના અંશો પણ પ્રકટાવે છે, પરંતુ એવો પ્રશ્ન થાય છે કે ભક્તિનો અતિરેક ને આડમ્બર ક્યારેક આત્માનો સૂર દાબી તો નથી દેતો ને?

એમનું **પત્રમ્ પુષ્પમ્** પણ આવી જ—પરંતુ અપદ્યાગદ્યમાં લખાએલી પ્રાર્થનાપોથી છે. મુખ્યત્વે ઈશ્વરભક્તિના ઉદ્‌ગારોમાં ક્યાંક ચિંતનની છાંય જણાય છે, પણ એમાંના કેટલા ઉદ્‌ગાર સ્વયંભૂ જાગ્યા હશે એનો વિચાર થાય છે. કવિતા અને આધ્યાત્મિકતા જ્યારે હૃદયના ઘેરા ઊંડાણમાંથી જાગે છે ત્યારે એનો અનુભવ કંઈક ઓર થાય છે.

શ્રી સુધીર દેસાઇનો સંગ્રહ **આકાંક્ષા** પણ કંઈક અધીરાઈમાં પ્રગટ થયો લાગે છે. સંગ્રહની શરૂઆતનાં કાવ્યો સાધનાની પણ શરૂઆત જ પ્રકટ કરે છે; જોકે પાછળનાં સૉનેટોમાં છંદ રચનાની સારી હથોટી જણાય છે. અને 'શાને જાઉં?' જેવાં નવાં વિચારપ્રધાન કાવ્યતથા કેટલીક સફળ ગઝલો કવિના આશાસ્પદ ભાવિની આકાંક્ષા ઊભી કરે છે ખરી.

આ સર્વને મુકાબલે શ્રી અમીદાસ કાણકિયાના **દીપજ્યોતિ**માં હથોટી ને ઉપાસનાની પકવતા જોવા મળે છે. કવિનું ભાષાપ્રભુત્વ ને સરળ શૈલી આકર્ષક છે અને ઈ. ૧૯૩૮થી ૧૯૬૦ સુધીના કાલફલકને આવરી લે છે. કવિએ રાષ્ટ્રજીવન સાથે સારું તાદાત્મ્ય અનુભવ્યું છે. 'જશો ના એ રસ્તે' જેવા કાવ્યમાં કવિએ માર્મિક રીતે રાષ્ટ્રની કંગાલિયત આલેખી છે. 'અહીં જ સત્ય જિંદગી' દ્વારા એમણે વાસ્તવિક તત્ત્વજ્ઞાન સારી રીતે રજૂ કર્યું છે. કવિમાં જોકે શૈલીની કે કાવ્યતત્ત્વની નવીનતા ઓછી છે, ને બીજી કોઈ સવિશેષ ચમત્કૃતિ પણ ખાસ નથી, છતાં એમની કાવ્યશક્તિ અભિનંદનીય ને આનંદદાયક તો છે જ.

રાષ્ટ્રપ્રેમના બાહુલ્યવાળા એવા જ બીજા એક સંગ્રહ **સાન્નિધ્ય**ના કવિ પ્રો. હસિત બૂચ વિશ્વસાન્નિધ્યનો આનંદ ગાય છે: 'ધન્ય અહો હું આજ અવરનો અણસારો યે લહી રહ્યો'. શ્રી જયંત પાઠકના કહેવા મુજબ ગેયતા, પ્રાસાદિકતા ને ઊર્મિપ્રધાનતા એમનાં મુખ્ય લક્ષણો છે. 'સાન્નિધ્ય'માં બહુ ઊંડા ચિંતનનાં ખેડાણ ન મળે, પરંતુ જીવનના સહજ અનુભવો સારી અભિવ્યક્તિ પામ્યા છે. કવિના સંગીતપ્રેમે કેટલાંક સારાં ગીતો તથા ગરબાઓ આપ્યા છે—'હું-તું', 'ગરબો હો ઘૂમવો' જેવાં ગીતોમાં કાવ્ય અને સંગીતનો સુમેળ સચવાયો છે. 'પિતા' કાવ્યમાં આર્દ્ર સંવેદન

જાગે છે. 'ભાકરા નંગલ', 'હીરાકુંડ' વગેરે કાવ્યો જેવા નવનિર્માણ પામેલા ભારતને કાવ્યમાં ગૂંથવાના સિદ્ધહસ્ત પ્રયાસ આપણે ત્યાં ઓછા થયા છે. જોકે આવાં કાવ્યો પ્રચારાત્મક ન થઈ જાય એનું ખાસ ધ્યાન રાખવું જોઇએ.

આપણા સિદ્ધહસ્ત અને સુપ્રસિદ્ધ કવિ પ્રો. જયંત પાઠક એમના કાવ્યસંગ્રહ **સંકેત** દ્વારા અર્વાચીન કવિતાનો સારો સંકેત આપી જાય છે. આ નાનકડા કાવ્યસંગ્રહમાં કવિએ શરદ, વસંત, ગ્રીષ્મ વગેરે ઋતુઓને પોતાની આગવી રીતે જોઈ છે. ત્રીસીનાં ઋતુવર્ણનો ચિત્રાત્મક હતાં, જ્યારે આ ઋતુવર્ણનો અ-અભિનવ પ્રતીકો દ્વારા જીવન ને જગતની વિશિષ્ટ અનુભૂતિ કરાવે છે. 'શરદ'માં કુદરતી સૌંદર્યનું મધુપાન પણ થાય છે.

કવિની ભાષા વિશદ છે. આજની કવિતાની દુર્બોધતા અંગે ઘણું કહેવાય છે એ દોષમાંથી આ કવિ લગભગ મુક્ત છે. 'પ્રેમ'માં એમણે જીવનના એ પ્રાણતત્ત્વનું ઊંડું આધ્યાત્મિક દર્શન કરાવ્યું હોવા છતાં એ સમજવામાં તેટલું જ સરળ છે. 'પરમાર્થી નથી' ને 'ખેલનું રીંછ' દ્વારા ચાલુ જીવનનાં સ્વાર્થ અને લાચારી પર તેઓ માર્મિક કટાક્ષ પણ કરે છે. પરંતુ 'સાંજે ફરવા', 'બે જાહેરખબર' જેવાં કેટલાંક કાવ્યોમાં વર્તમાનનું માત્ર ક્ષણિક દર્શન આપવા ઉપરાંત મન પર કોઈ ચિરસ્થાયી અસર થતી નથી.

બાહ્ય સ્વરૂપમાં 'સંકેત'ના જોડિયા ભાઈ જેવા સંગ્રહ **મનોમુદ્રા**ના કર્તા પ્રો. ઉશનસ્ પણ લબ્ધપ્રતિષ્ઠ કવિ છે. એમાં અર્વાચીન કવિતાને યશ આપે એવાં ઋતુકાવ્યો ('શિશિરનો તડકો અને મારું મન', 'પોષ' વગેરે) કવિની લાક્ષણિક હથોટીનાં પરિણામ છે. કુદરત અને હૃદયને સંવેદનાત્મક રીતે સાંકળવામાં 'એકધારી વર્ષા' સારી સફળતા સાધી શકી છે. કવિ પાસે આર્દ્ર ઉર છે અને વિશાળ દર્શન પણ છે, પરંતુ ક્યાંક એમને વિશેષ ગહન કહેવાનું થતાં એ દુર્બોધ બની જાય છે. અજાણ્યા ને ખરબચડા શબ્દોના બિનજરૂરી ઉપયોગથી એમની કવિતા ક્યારેક અણગમતી ને ક્લિષ્ટ થવાનો ભય રહે છે આમ છતાં સાહિત્યમાં 'મનોમુદ્રા' વિશિષ્ટ સ્થાન લઈ જ લે છે. સરકારી પારિતોષિકે પણ એ પુરવાર કર્યું છે.

અર્વાચીન કવિતાનાં વિવિધ પ્રસ્થાનોમાં બાળકાવ્યોએ પોતાનું નાનકડું વહેણ પણ ઓછાવત્તા વેગે વહેતું કર્યું છે. જોકે આ દિશામાં હજી બહુ ખેડાણ નથી થયું. છતાં મધુર ને મુલાયમ બાળહૃદય સાથે તાદાત્મ્ય અનુભવવાના કેટલાક પ્રશંસનીય પ્રયાસ પણ થયા છે. શ્રી 'મોહિનીચંદ્ર'નો **મોતીનો દાણો** એ સૃષ્ટિનો મનોરમ્ય અનુભવ કરાવે છે. શિશુઓના કલ્પનાવિહારને કવિએ રંજનાત્મક રીતે માત્ર ગાયો જ નથી; એમના ઘડતરમાં સંસ્કારનું અમી સીંચવાની પણ કવિને આકાંક્ષા છે. ગુજરાત સરકારે રૂ. ૧૦૦૦નો પ્રથમ પુરસ્કાર આપીને એ મોતીના દાણાની કદર કરી છે.

અર્વાચીનતાના આવેગમાં આપણે આપણી પુરાણી સંસ્કૃતિની કેડી ન છોડી દઇએ, તેમજ જીવનની ગતિશીલતામાં આપણા મહાગ્રંથો દૂર ન થઇ જાય એ દૃષ્ટિએ શ્રી 'પાન્થ' (મંગળદાસ છગનલાલ શાહ) શ્રીમદ્ ભગવત્ ગીતાનો સાર-અનુવાદ **ગીતાસાર** આપે છે. આવા પ્રયત્નોમાં પસંદગી તથા અનુવાદ-શક્તિની સારી કસોટી થાય છે. આ સરળ અનુવાદ ઠીકઠીક રસમય બન્યો છે.

કવિશ્રી નાનાલાલની 'હરિસંહિતા'માંથી કેટલાંક કાવ્યો **પદ્મ અને પોયણાં** રૂપે શ્રી શિવશંકર પ્રાણશંકર શુક્લે સંપાદિત કરીને કવિશ્રી નાનાલાલની કવિતાના રસાસ્વાદની સારી તક પૂરી પાડી છે. કવિશ્રીના મુમુક્ષુ હૃદયને હરિદર્શનની ઉત્કટતા કેટલી તીવ્ર છે!

"હરિવર, હરિવર કરી ટહુકારા
કે આભ ફાડી નાખતો રે ઢોલ;
અમારો આતમ પાડે પોકારો
હરિવરને હેરતો રે ઢોલ."

આવી ઉત્કટતા ઉપરાંત એમાં ફૂલસુકોમલ કલ્પના છે, સાથે ઊર્મિની મધુરતા, ચિંતનની ગહનતા, ભક્તિની તદ્રૂપતા પણ છે. છતાં આમાંયે ક્યાંક ભક્તિનો અતિરેક તથા અકારણ લંબાણ ખૂંચે છે. એ દૃષ્ટિએ પસંદ કરાએલાં ભજનો, રાસ, સ્તોત્રો, પ્રસંગ-ગીતો વગેરેમાં હજી થોડો વિવેક રખાયો હોત તો 'પદ્મ અને પોયણાં' વધુ સુવાસિત થાત.

વ્યક્તિગત આ સંગ્રહો ઉપરાંત કાવ્યસાહિત્યનાં બે સંપાદનો પણ તાજેતરમાં બહાર પડયાં છે. **કાવ્યમધુ**(સંપાદકો પ્રા. દિલાવરસિંહ જાડેજા, પ્રા. જશવંત શેખડીવાલા અને પ્રા. ફકીરમહંમદ મનસુરી) તથા **કવિતાઃ ૫૭, ૫૮, ૫૯**(સંપાદકો શ્રી સુરેશ દલાલ, અને શ્રી હરિન્દ્ર દવે). 'કાવ્યમધુ'નું કવિક્ષેત્ર દલપત-નર્મદથી માંડીને રાજેન્દ્ર શાહ સુધી વિસ્તૃત છે, જ્યારે 'કવિતા : ૫૭, ૫૮, ૫૯'નું ક્ષેત્ર તો



કલાગુરુ
શ્રી રવિશંકર રાવળ-સપ્તતિ

પોતાની અવિરત કલાસાધના વડે ગુજરાતના કલાક્ષેત્રને ચેતનવંતું કરનાર ને કલાકાર–શિષ્યોની પરંપરા સરજાવનાર ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળે ગુજરાતમાં કલાત્મક અસ્મિતા પ્રકટાવવાની સાથોસાથ 'કુમાર' માસિકની સ્થાપના દ્વારા ગુજરાતના તારુણ્યને પણ પુરુષાર્થની પ્રેરણા આપી છે. એમના ૭૦મા વર્ષના પ્રવેશના સપ્તતિ-પ્રસંગે એમનું યોગ્ય સંમાન કરવાની, તથા ગુજરાતમાં કલાપ્રચારની પ્રણાલી સજીવ રાખવાના ઉદ્દેશથી એક કાયમી ટ્રસ્ટ રચવાની યોજના છેલ્લા ત્રણેક માસથી આકાર લઈ રહી છે. એ ઉપરાંત આ પ્રસંગને અનુલક્ષીને એક અભિનંદન-ગ્રંથ પણ પ્રકટ થશે. શ્રી રવિભાઈ તથા એમની સાધના–સેવા વિષે આદર ધરાવનાર એમના પ્રશંસકો, મિત્રો, સહાનુભૂતિ ધરાવનારાઓ તથા ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતામાં રસ લેનારાઓને આ વિષયમાં નીચેના સરનામે સંપર્ક સાધવા વિનતિ છે. કાર્યક્રમ નિશ્ચિત થતા જશે તેમતેમ તેના ખબર અપાતા રહેશે. રવિશંકર રાવળ કલાપ્રચાર ટ્રસ્ટ, ઠે. કુમાર કાર્યાલય લિમિ૦ અમદાવાદ-૧.

'કુમાર'માં આવતાં કાવ્યો અને લેખો માટે બે નવાં વાર્ષિક પારિતોષિકો

'કુમાર'માં આવેલા વર્ષભરના શ્રેષ્ઠ મૌલિક સર્જનને માટે અપાતા 'કુમાર-ચન્દ્રક' અને વર્ષ આખામાં આવેલી ઉત્તમ વાર્તા યા નાટિકા માટે અપાતા ત્રીસ રૂપિયાના પારિતોષિક ઉપરાંત બે નવાં પારિતોષિકોની જાહેરાત કરતાં આનંદ થાય છે. 'કુમાર'ના એક લેખકમિત્રે દર વર્ષે ત્રીસત્રીસ રૂપિયાનાં બે પારિતોષિકો આપવાનો પ્રસ્તાવ કર્યો છે: એક પારિતોષિક વર્ષની શ્રેષ્ઠ કવિતા માટે અપાશે, જેના નિર્ણાયકો તરીકે આચાર્ય-શ્રી ડોલરરાય માંકડ, પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા તથા ડૉ. રમણલાલ ચી. શાહ રહેશે; અને બીજું પારિતોષિક વર્ષ દરમ્યાન પ્રકટ થએલા નિબંધ, નિબંધિકા તથા અન્ય લેખોમાંની શ્રેષ્ઠ કૃતિ માટે અપાશે, જેના નિર્ણાયક ડૉ. રમણલાલ શાહ રહેશે. આ યોજના ઈ. ૧૯૬૨ના વર્ષથી–જાન્યુઆરીથી–અમલી બનશે.

સ્પષ્ટ રીતે એ ત્રણ વર્ષમાં પ્રગટ થએલાં કાવ્યો પૂરતું મર્યાદિત છે. પસંદગીની દૃષ્ટિ બંનેની ભિન્ન છે. 'કવિતા' નવી પેઢીની નવીનતર કાવ્યપ્રણાલી સાથે તાલ મિલાવે છે, જ્યારે 'કાવ્યમધુ' નવીનતરની કંઇક ઉપેક્ષા કરીને ત્રીસી-ચાળીસીના કાવ્યધોરણે પસંદગી કરે છે. નાનાલાલ, ઠાકોર, કાન્ત, ઉમાશંકર ને સુંદરમની કાવ્યપ્રતિભા 'કાવ્યમધુ'માં દેખાય છે, પરિણામે એમાં આપણને 'વસંતવિજય' ને 'હરિનાં દર્શન' તથા રાજેન્દ્ર શાહનું 'કેવડિયાનો કાંટો' અને બાલમુકુન્દ દવેનું 'જૂનું ઘર ખાલી કરતાં' જેવાં ઉત્તમ કાવ્યો તો મળ્યાં છે, પરંતુ સાથે 'લંગડી' જેવાં કાળક્રમે ઝાંખાં પડેલાં કાવ્યો પણ મળ્યાં છે. દરેક યુગને પોતાનો વિશિષ્ટ કાવ્યપ્રકાર હોય છે. યુગ પલટાયે અગાઉનાં અગ્રગણ્ય કાવ્યો પણ ક્યારેક ચિરસ્થાયી અસર નથી ઉપજાવી શકતાં. અર્વાચીન કવિતાનાં લાઘવ ને સંવેદનશીલ પ્રતીક શક્તિને સંપાદકો કંઈક અવગણતા લાગે છે તેથી ગ્લાનિ થાય છે. જોકે આરંભમાં 'અર્વાચીન ગુજરાતી કવિતા'ની ઐતિહાસિક આલોચના કરી છે તેમાં આજની કવિતાને (જોકે કંઈક કટુતાપૂર્વક) કસી પણ છે. એમાં બતાવેલાં એ કવિતાનાં ભયસ્થાનો વાચકે સમજવાં આવશ્યક છે.

અર્વાચીન કવિતા પ્રત્યે સારી અભિરુચિ સાથે પ્રગટ થએલો સંગ્રહ 'કવિતા: ૫૭, ૫૮, ૫૯', 'કાવ્યમધુ'ને કંઈક પૂરક થતો લાગે. સને ૧૯૫૪થી શરૂ થએલી આ સંપાદન-શ્રેણી આ વખતે વધુ રસમય થઈ છે. એમાં સુંદરમ્–ઉમાશંકર જેવા સુપ્રસિદ્ધ કવિઓથી માંડીને ભાનુ ઝવેરી, અને બિપિન પરીખ જેવા તાજા કવિઓને પણ સ્થાન અપાયું છે. જોકે આ સંપાદનમાં પણ કેટલાંક કાવ્યો 'કવિતા'ના ધોરણને આંબી શકે એવાં નથી છતાં, આજની કવિતાની સારીનરસી બંને બાજુઓનું દર્શન કરાવતું આ સંપાદન આપણી કાવ્યશક્તિની પ્રગતિનો સારો ખયાલ આપી રહે છે.


સૂક્ષ્મ ભાવોને હૃદયંગમ તથા જીવંત પ્રતીકોમાં વણી લેતી આજની કવિતાનો કવિ માત્ર ફોટોગ્રાફ નથી પાડતો, પણ જે કંઇ ઝીલે છે તેને આત્મસાત્ કરીને પોતાની વિશિષ્ટ અભિવ્યક્તિ આપે છે. આ અભિવ્યક્તિ ક્યારેક દુર્બોધ પણ થાય છે. છતાં ઘણાં કાવ્યો (દા.ત. બાલમુકુન્દ દવેનું 'પુનર્મિલન', પ્રદ્યુમ્ન તન્નાનું 'ભમરો' વગેરે)માં સંવેદનશીલતાની ભીની સૌરભનો રસપૂર્ણ અનુભવ થાય છે. શ્રી લાભશંકર ઠાકરની 'સ્મૃતિ'માં પ્રતીકની મનોરમ્ય તાજગી છે. શ્રી રાજેન્દ્ર શાહની 'ફેરિયો ને ફક્કડ'માં મસ્ત રમતમાં ગહન તત્ત્વ ભરવાનો પ્રયત્ન છે, સાથે સાથે શ્રી ઉમાશંકર જોષીમાં ચિંતન-સંવેદનનો સુંદર સુમેળ, શ્રી પિટાઈમાં આર્દ્ર ઉરની ઊર્મિભરી અભિવ્યક્તિ, તથા શ્રી સુંદરમની સરળ મધુર પ્રભુભક્તિ પણ માણવા મળે છે.

'અક્ષત'–લેખક ચૈતન્યબેન દિવેટિયા, પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, રૂ. ૩·૦૦; 'અર્ચના'–લેખક સૌ. સુરેશા મજમુંદાર, મુખ્ય વિક્રેતા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, રૂ. ૨·૫૦; 'આકાંક્ષા'–લેખક સુધીર દેસાઇ, પ્ર૦ ત્રિપાઠી પ્રા. લિ., મુંબાઈ, રૂ. ૧·૫૦; 'વેણુ'–લેખક કલાધર વૈષ્ણવ, પ્ર૦ કલામંદિર પ્રકાશન, જોરાવરનગર, કિ. રૂ. ૦·૭૫; 'મંદાર' અને 'પત્રમ્ પુષ્પમ્'–લેખક કુસુમબેન ઠાકોર, મુખ્ય વિક્રેતા ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મં. લિ. વડોદરા, દરેકની કિ. રૂ. ૨·૦૦; 'દીપજ્યોતિ'–લેખક અમીદાસ કાણકિયા, પ્ર૦ આર. આર. શેઠની કં. મુંબાઇ, રૂ. ૩·૫૦; 'સાંનિધ્ય'–લેખક હસિત બૂચ, પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, રૂ. ૨ ૫૦; 'મનોમુદ્રા'–લેખક 'ઉશનસ્', અને 'સંકેત'–લેખક જયંત પાઠક, બંનેના પ્રકાશક ચેતન પ્રકાશન ગૃહ લિ. વડોદરા, દરેકની કિ. રૂ. ૧ ૦૦; 'મોતીનો દાણો'–લેખક 'મોહિનીચન્દ્ર' પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, રૂ. ૦·૨૫; 'પદ્મ અને પોયણાં'–કવિ નાનાલાલ, સંપા. શિવશંકર પ્રાણશંકર શુકલ, મહાકવિ શ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૪૬ પરિમલ સોસાએટી, અમદાવાદ-૬, રૂ. ૨ ૫૦; 'કાવ્ય મધુ'–સંપાદકો દિલાવરસિંહ જાડેજા, જશવંત શેખડીવાળા, ફકીરમહંમદ મનસૂરી, પ્ર૦ ચરોતર બુક સ્ટોલ, સ્ટેશન રોડ, આણંદ, રૂ. ૩–૦૦; 'કવિતા–૫૭,' ૫૮,' ૫૯'–સંપાદકો: સુરેશ દલાલ, હરીન્દ્ર દવે, પ્ર૦ ત્રિપાઠી પ્રા. લિ. મુંબાઈ-૨, રૂ. ૩.





લેખક · સુરેશ મોદી


હવે રાજાને આપેલ શેહનાં થોડાં ઉદાહરણ જોઈએ. તે પહેલાં એક વતા સમજી લઇએ: ગયા હપતામાં એક સાથે બે મ્હોરાં—રાજા અને હાથીની ચાલ વિષે આપણે જોયું. એ ચાલનું નામ ભૂલથી ત્યાં 'કાસ્ટિંગ' અપાઇ ગયું છે એ ખરી રીતે Castling-કૅસલિંગ હોવું જોઈએ. હવે આગળ ચાલીએ.




ઉપરની આકૃતિમાં કાળા રાજા પર સફેદ ઊંટનો શેહ છે. તે ત્રણ રીતે દૂર થઈ શકે: (૧) રાજાને આજુબાજુનાં ખાનાં ઉપર ચલાવવાથી; (૨) ઘોડા વડે ઊંટને મારવાથી; અથવા (૩) પ્યાદાને રાજા અને ઊંટની વચ્ચે મૂકવાથી. પણ નીચેના બીજા દાખલાઓમાં મ્હોરાં એવી રીતે ગોઠવાએલાં છે કે ઉપર્યુક્ત એકે ચાલ કામમાં ન આવે અને રાજાને મ્હાત થવું જ પડે.










પણ નીચેના આ છેલ્લા ઉદાહરણમાં તો રાજાને ચાલવામાં એનાં પોતાનાં જ મ્હોરાં નડે છે. આને smothered mate (ગૂંગળામણભરેલી સ્થિતિ) કહે છે.



આ થઈ રમતનો અંત લાવતી અમુક પરિસ્થિતિઓ. અનુભવી ખેલાડીઓની રમત ભાગ્યે મ્હાત થવા સુધી પહોંચે છે. જ્યારે કોઈ ખેલાડીને લાગે કે રમતમાં હવે હારવા સિવાય છૂટકો જ નથી ત્યારે તે અધવચ્ચે રમત છોડીને હાર કબૂલી લે છે. અંગ્રેજીમાં તેને Resign કહે છે, એટલે કે તે રાજીનામું આપી દે છે.

હારજીત ઉપરાંત શતરંજમાં પણ રમત 'ડ્રૉ' થાય છે. જેમ જીત ઘણી રીતે મળે છે તેમ ડ્રૉ પણ અનેક રીતે લેવાય છે. (૧) જ્યારે બંને ખેલાડીઓનાં મ્હોરાં મરતાં મરતાં એવી સ્થિતિ આવે કે કોઈની મ્હાત થવાની શક્યતા ન રહે. આના અનુસંધાનમાં મ્હાત કરવા માટે ઓછામાં ઓછી કેટલી સામગ્રી જોઈએ એ પણ જોઈ લઈએ. પથમ તો—


અ રાજા સામે વજીર અને રાજા.
બ ,, ,, બે હાથી (રાજાની મદદ વિના).
ક ,, ,, હાથી અને રાજા.
ડ ,, ,, બે ઊંટ અને રાજા.
ઇ ,, ,, ઊંટ, ઘોડો અને રાજા.
ઈ ,, ,, પ્યાદું અને રાજા.

અલબત્ત, ઉપર દર્શાવેલાં મ્હોરાં હોય તો સામો રાજા મ્હાત થાય જ એમ ચોક્કસ કહી શકાય નહિ, પણ જો આટલી સામગ્રી ન હોય તો સામો રાજા મ્હાત થઈ ન શકે તેમ ચોક્કસપણે કહી શકાય ખરું.


તમે જોયું હશે કે એક ઊંટ કે ઘોડો અને બે ઘોડા પણ મ્હાત કરવા પૂરતા નથી; પણ પ્યાદું પૂરતું છે. પ્યાદું ઊંટ અને ઘોડા કરતાં નબળું હોવા છતાં તેનામાં આગળ જઇને વજીર થવાની શક્તિ છે. આ રીતે દરેક પ્યાદું એક ભાવિ વજીર છે.

(૨) ડ્રૉ થવાની બીજી રીત છે Stalemate. જો ખેલાડીની ચાલ હોય તે શેહમાં ન હોય અને તેનાથી શતરંજના નિયમોમાં રહીને કોઈ ચાલ ચલાય તેમ ન હોય તેવી સ્થિતિ ઊભી થાય તો તે Stalemate કહેવાય છે.

Stalemate અને મ્હાત બંનેમાં ખેલાડી પાસે કોઈ ચાલ નથી રહેતી. ફેર એટલો જ કે Stalemateમાં તે શેહમાં નથી હોતો જ્યારે મ્હાતમાં તે શેહમાં હોય છે. આ ફરક ખાસ ખ્યાલમાં રાખવા જેવો છે. Stalemateના બે દાખલા જોઈએ. બંને દાખલામાં કાળાં મ્હોરાંમાં બીજું કોઈ મ્હોરું બચ્યું નથી.




કાળા પાસે બીજાં મ્હોરાં હોય ને છતાં તેનાથી ચાલી શકાય તેમ ન હોય તોપણ Stalemate જ કહેવાય. ઉપરની જ બીજી આકૃતિમાં તે દર્શાવવા અમુક વધુ મ્હોરાં મૂકીને નીચે પ્રમાણેની સ્થિતિ લાવી શકાય.



અહીં કાળાનાં ચાર પ્યાદાં તો આગળ જઈ શકે તેમ નથી. હાથી પણ ખસી શકે તેમ નથી. કેમકે એ ચાલે તો રાજા ઊંટના શેહમાં આવે અને રાજા પોતે પણ ચાલી શકે તેમ નથી. અત્યારે તે શેહમાં નથી તેથી Stalemate કહેવાય.

(૩) જો કોઈ ખેલાડી સાબિત કરી શકે કે એક રમત દરમ્યાન એ જ સ્થિતિ ત્રણ વખત આવી છે તો રમત ડ્રૉ થઈ ગણાય. એ જ સ્થિતિનો પૂરા અર્થમાં બધાં મ્હોરાંની સ્થિતિ ઉપરાંત એ સ્થિતિ વખતે કોની ચાલ હતી તેનો પણ સમાવેશ થાય છે.

આનો એક ખાસ દાખલો છે Perpetual Check (કાયમી શેહ). તે સમજવા માટે નીચેની સ્થિતિ જોઈએ. તેમાં કાળા પાસે એક હાથી વધુ છે અને તે મ્હાત કરે તેમ છે. એવે વખતે જો સફેદને ડ્રૉ કરવાની તક મળે તો ન



જ છોડે. તેવી તક અહીં છે. વજીરને ૧ લખેલ ખાના ઉપર લઈ જઈ શેહ આપવી અને રાજા ચાલે એટલે વજીરને ૨ લખેલ ખાના ઉપર લાવીને ફરી શેહ આપવી. આ રીતે ગમે તેટલી વખત શેહ અપાય. આ કાયમી શેહમાંથી છૂટવાનો કાળા માટે એક જ રસ્તો છે. વજીરને રાજા અને વજીરની વચ્ચે મૂકવાનો; પણ તેમ કરવા જતાં તો તે વજીર માર્યો જાય, અને પરિણામે હાર ખાવી પડે. એટલે કાળો પણ કાયમી શેહ સ્વીકારી લઈ રમત ડ્રૉમાં લઈ જાય એ જ એક આખરભર્યો માર્ગ છે.

(૪) જો કોઈ ખેલાડી સાબિત કરી શકે કે કોઈ મ્હોરાના મર્યા સિવાય કે કોઈ પ્યાદું ચાલ્યા સિવાય બંને ખેલાડી ૫૦ ચાલ ચાલ્યા છે તો તે રમત ડ્રૉ ગણવાની માગણી કરી શકે.

(૫) આ ઉપરાંત જ્યારે બંને ખેલાડી સહમત થાય કે કોઈ એકબીજાને મ્હાત કરી શકે તેમ નથી ત્યારે તેઓ બંને જણ મળીને રમતમાં ડ્રૉ કબૂલી શકે.

આમ, રમત ડ્રૉમાં ક્યારે લઈ શકાય તેના પાંચ નિયમો આપણે જોયા.

અહીં સુધીમાં આપણે શતરંજના નિયમો જોયા. હવે રમાતી રમત લખતાં અને લખેલી રમત વાંચતાં શીખીએ. આ માટે બે પદ્ધતિઓ પ્રચલિત છે:

(૧) બ્રિટિશ અથવા વર્ણનાત્મક શૈલી.

(૨) કૉન્ટિનેન્ટલ કે બીજગણિતશૈલી.

અંગ્રેજી પુસ્તકો અને સામયિકોમાં આ-માંની પહેલી પદ્ધતિ વપરાતી હોવાથી આપણે તેના પર વધુ ભાર મૂકીશું. સૌએ જોયું હશે કે શતરંજનાં ૬૪ ખાનાં ૮ ઊભી અને ૮ આડી હારોમાં ગોઠવાએલાં હોય છે. આડી હારોને આપણે હરોળ (Rank) કહીશું. હરોળ ૧થી૮ નંબર વડે ઓળખાય છે. દરેક ખેલાડી પોતાના તરફની હરોળને પહેલી અને સામા તરફની હરોળને આઠમી ગણે છે. ઊભી હારોને આપણે પંક્તિ કહીશું. પંક્તિઓ તેના ઉપર મૂળ જે મ્હોરું મુકાય છે તેના નામથી ઓળખાય છે.

હાથી, ઊંટ અને ઘોડા બે બે છે. તેમાંથી રાજા તરફના હોય તે રાજાના અને વજીર તરફ હોય તે વજીરના હાથી, ઘોડા અને ઊંટ તરીકે ઓળખાય છે. પ્યાદાં જે પંક્તિ ઉપર હોય તે પંક્તિના નામ પરથી ઓળખાય છે. (આથી જ્યારે કોઈ પ્યાદું કોઈ મ્હોરાને મારે ત્યારે તેનું નામ પણ બદલાય છે.)



આ ઉપરથી સમજાશે કે પંક્તિઓનાં નામ સફેદ અને કાળા માટે એક જ છે પણ હરોળના નંબર જુદાજુદા હોય છે.

ચાલ દર્શાવવા જે મ્હોરું ચાલવાનું હોય તેનું ટૂંકું નામ લખીને પછી — આવી લીટી કરીને તે જે ખાના ઉપર જવાનું હોય તેનું વર્ણન લખાય છે. દા.ત. P–K4 એટલે પ્યાદું રાજાની પંક્તિમાં ચોથા ખાના ઉપર ચાલ્યું. જ્યારે કોઈ મ્હોરું મારવાનું હોય ત્યારે × વપરાય છે. દા.ત. B×P એટલે ઊંટે પ્યાદાને માર્યું. આ ઉપરાંતની બીજી નિશાનીઓ પણ છે તે નીચે આપી છે:

શેહ માટે ch અથવા +
મ્હાત માટે mate
કિલ્લેબંધી રાજા તરફ હોય તો ૦–૦
વજીર તરફ હોય તો ૦–૦–૦
એન પેસન્ટ માટે P×P પછી e.p.
સારી ચાલ દર્શાવવા (ચાલ લખ્યા પછી) !
ખરાબ ચાલ દર્શાવવા (ચાલ લખ્યા પછી) ?

શતરંજની ચાલ જેમ બને તેમ ટૂંકાણમાં લખાય છે; પણ તે ટૂંકાણ ચોખવટને ભોગે ન થવું જોઈએ. જ્યાં એક ચાલના બે અર્થ થઈ જાય તેમ હોય તો ત્યાં બેમાંથી કઈ ચાલ ચાલવામાં આવી છે તે સમજાવવા ચોખવટ કરવી જ જોઈએ. વળી, એક વસ્તુ ખ્યાલમાં રાખવી કે આવી રીતે રમત લખાય છે ત્યારે શરૂઆત હમેશાં સફેદની ચાલથી જ લખાય છે.

આના દાખલા જોવા માટે આપણે બે ટૂંકી રમતો જોઈએ.

1. P–K4 એટલે કે પ્યાદું રાજાની પંક્તિમાં ચોથા ખાના ઉપર. અહીં KP–K4 લખવાની જરૂર નથી, કારણ કે K4 ઉપર બીજું કોઈ પ્યાદું જઈ શકે નહિ.

1. P–K4. કાળાની આ પહેલી ચાલ સફેદની પેઠે જ છે. રાજાનું પ્યાદું બે ડગલાં આગળ. (સફેદ પ્યાદાનો માર્ગ રૂંધતું એની સામેના જ ખાનામાં એ આવ્યું.)

2. B–B4. સફેદની બીજી ચાલ, રાજાના ઊંટને વજીરના ઊંટની પંક્તિમાં ચોથા ખાના ઉપર. જો સફેદનું વજીરનું પ્યાદું તેની જગ્યા ઉપરથી બે ડગલાં ચાલ્યું હોત તો B–B4ના બે અર્થ થાત માટે આ ચાલ લખવા માટે KB–B4 અથવા B–QB4 લખવું જરૂરી ગણાત. આ બંને રીત સાચી છે પણ બીજી રીત વધુ પ્રચલિત છે અને વધુ સારી ગણાય છે.


2. B–B4. કાળાની બીજી ચાલ પણ સફેદના જેવી જ છે.

3. Q–R5. સફેદ વજીર રાજાના હાથીની પંક્તિમાં પાંચમા ખાના ઉપર. વજીર વજીરના હાથીના પાંચમા ખાના પર જઈ શકે તેમ નથી તેથી Q–KR5 લખવાની જરૂર રહેતી નથી.

3. N–NB3 ? (અથવા KN–B3) ફક્ત N–B3ના બે અર્થ થાય માટે ચોખવટ કરવાની જરૂર છે.


4. Q×BP mate. વજીર રાજાના ઊંટના પ્યાદાને મારીને શેહ આપે છે. જો કાળો રાજા આ શેહમાંથી બચી શકે તેમ હોય તો ch લખાત પણ તે બચી શકે તેમ નથી તેથી mate.

આ છેલ્લી ચાલ Q×BP પછીની સ્થિતિ નીચે પ્રમાણે છે:



હવે એક બીજી રમત નીચે આપી છે. તે તમે તમારી મેળે રમી જુઓ અને પછી સાથે આપેલી આકૃતિ સાથે સરખાવી જુઓ.

1. P–Q4, N–KB3
2. N–Q2, P–K4
3. P×P, N–N5
4. P–KR3?, N–K6!
5. P×N, Q–R5ch
6. P–N3, Q×NP mate.



હવે કૉન્ટિનેન્ટલ પદ્ધતિ ટૂંકમાં જોઈએ. તેમાં પંક્તિઓ માટે aથી h સુધીના અક્ષરો વપરાય છે. આ રીતે વજીરના હાથીની પંક્તિને a, વજીરના ઘોડાની પંક્તિને b તેમ કરતાં રાજાના હાથીની પંક્તિ માટે h વપરાય છે. હરોળ ૧થી ૮ નંબરથી ઓળખાય છે. ફરક એટલો કે આમાં સફેદ અને કાળાં બંને માટે હરોળના નંબર સરખા જ હોય છે અને તે સફેદ તરફથી જ ગણાય છે.

ચાલ દર્શાવવા મ્હોરાંના ટૂંકા રૂપ પછી તરત જ તે જે ખાના ઉપર જવાનું હોય તેનું નામ લખાય છે. પ્યાદું ચાલ્યું હોય તો ફક્ત ખાનાનું નામ જ લખાય છે.હવે આપણે રમેલી પહેલી રમત આ પ્રમાણે લખીએ:

1 e4, e5
2 Bc4, Bc5
3 Qh5, Nf6
4 Q×f7 mate

આ છે રમતની ચાલ દર્શાવવા વપરાતા Notationsની પદ્ધતિઓ. રમત કોઈ કારણે અધૂરી રહી હોય તે પછી ક્યારેક રમવા માટે તેની સ્થિતિ લખી રાખવા માટે એક ખાસ પદ્ધતિ છે જેને Forsyth Notation કહે છે.

કાળાના QR1થી શરૂ કરી KR1 સુધી. ત્યાર પછી QR2થી KR2 સુધી એમ કરતાં કરતાં છેવટે સફેદના QR1 થી KR1 સુધીના ખાનાં ઉપર શું છે તે તે ક્રમમાં લખાય છે. એક હરોળ પૂરી થાય એટલે એક ત્રાંસી લીટી (/) મુકાય છે. એકસાથે એકથી વધુ ખાનાં ખાલી હોય તો જેટલાં ખાનાં ખાલી હોય તે આંકડો લખાય છે. સફેદનાં મ્હોરાં માટે કૅપિટલ Capital અને કાળાના મ્હોરાં માટે નાનો (બીજી alphabetનો) અક્ષર વપરાય છે. આનો દાખલો જોવા આપણે આગળ છાપેલું છેલ્લું ચિત્ર જોઈએ એને Forsyth Notationમાં નીચે મુજબ લખાય:

rnb1kb1r/pppp1ppp/8/4P3/8
4p1qP/PPPNP3/R1BQKBNR

એક પત્ર

ઑગસ્ટ અંકથી 'શતરંજ' ઉપરની લેખમાળા શરૂ કરવાનો આપનો પ્રયાસ પ્રશંસનીય છે. ઉત્પત્તિ ભારતમાં જ થઈ છે અને જે દુનિયાને આપવાનો યશ ભારતને જ જાય છે એ રમતને એ જ દેશમાં જોઈએ તેટલું ઉત્તેજન મળ્યું નથી અને હજીયે મળતું નથી! દુનિયાના દેશોમાં આપણું સ્થાન ૨૪મું છે તેનું કારણ એ છે કે આ વખતે ઑલિમ્પિક શતરંજ હરીફાઈમાં ભાગ લેવા આપણા દેશ તરફથી માત્ર ચાર જ જણને મોકલવામાં આવ્યા હતા, અને સાથે કોઈ અનામત ખેલાડીને મોકલવામાં આવ્યા ન હતા. દરરોજ સાતથી આઠ કલાક તેમને રમવાનું હોવાથી માનસિક તેમ જ શારીરિક થાક લાગતો હતો. અને તેથી પોતાની રમતની શક્તિ જોઈતા પ્રમાણમાં તેઓ પ્રદર્શિત કરી ન શક્યા. અન્ય દેશો પાસે બેથી ત્રણ અનામત ખેલાડીઓ હતા, આથી જ્યારે તેમનો કોઈ ખેલાડી થાકી જતો ત્યારે અનામત ખેલાડી તૈયાર જ રહેતો.

આમ છતાં પણ આપણા દેશના ખેલાડીઓએ વ્યક્તિગત રમતમાં સારો દેખાવ કર્યો હતો. આપણી ટીમના કૅપ્ટન શ્રી મૅન્યુઅલ એરને હૉલૅન્ડના ખ્યાતનામ ખેલાડી, એક વખતના દુનિયાના શતરંજના ચૅમ્પીઅન ડૉ. મેક્સવેલ યુવેને હરાવ્યા હતા. આ રમતના પરિણામ પર રશિયન ખેલાડી બોટવિનિકે તે જ દિવસે રેડિયો પર તેમની ખૂબ પ્રશંસા કરી હતી. (ડૉ. યુવે શતરંજના સિદ્ધહસ્ત ખેલાડી છે અને તેની થીઅરીમાં પારંગત છે. તેમણે 'જજમેન્ટ ઍન્ડ પ્લૅનિંગ ઈન ચેસ' નામનું સુંદર અને મનનીય પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે શતરંજ રમતી વખતે કયાં કયાં દૃષ્ટિબિંદુઓ ખયાલમાં રાખવાં જોઈએ તેનું સચોટ આલેખન કર્યું છે.) તે ઉપરાંત આર્જેન્ટિનાના ગ્રાન્ડમાસ્ટર નજડૉર્ફ સામે શ્રી એરન રમતને ડ્રૉમાં લઈ ગયા હતા.

આપણા ખેલાડીઓને પૂરતું ઉત્તેજન અને શિક્ષણ આપવામાં આવે તો તેઓ પણ દુનિયાના ખેલાડીઓની હરોળમાં ઊભા રહી શકે. યુરોપના દેશોમાં શતરંજની રમતને શાળામાંથી જ ઉત્તેજન આપવામાં આવે છે. અત્યારે રશિયાનું તે રમતમાં અગ્રસ્થાન છે અને દુનિયાનો ચૅમ્પીઅન મિખિલ બૉટવિનિક એક રશિયન એન્જિનીઅર છે. ત્યાં પચાસ લાખથી વધુ લોકો શતરંજની સ્પર્ધામાં સતત ભાગ લેતા હોય છે, અને તેથીયે વધુ સંખ્યા તેમાં રસ ધરાવે છે. રશિયામાં દરેક શાળામાં શતરંજની રમત દાખલ કરવામાં આવી છે, અને ત્યાંથી જ ભવિષ્યના શતરંજના ખેલાડીઓનો ફાલ તૈયાર થઈ રહ્યો હોય છે. દેશના સારામાં સારા ખેલાડીઓને આમંત્રીને શાળામાં રમાડવાની ગોઠવણ કરવામાં આવે છે. બાળકોને તે તરફ રુચિ અને આકર્ષણ પેદા કરવામાં આવે છે. બાળકો મોટેરાંની રમતોનું પૃથક્કરણ પણ કરે છે. અમેરિકા તરફથી જગત હરીફાઈમાં ભાગ લેનાર બૉબી ફિશર માત્ર સત્તર વર્ષનો યુવાન છે.

આપણી શાળાઓનાં બાળકોમાં પણ જો આ રમતનો શૉખ કેળવવામાં આવે તો ભવિષ્ય માટે સુંદર ફાલ તૈયાર થાય. મુંબાઇ યુનિવર્સિટી દર વર્ષે આંતર કૉલેજ સ્પર્ધા યોજે છે, પણ રમનારાઓનું ધોરણ હજી જોઈએ તેવું ઊંચું નથી હોતું. આપણે તો એમ જ માની બેઠા છીએ કે શતરંજ એ તો રાજા-રજવાડાઓની અને પૈસાદાર વર્ગની રમત છે. સાધારણ વર્ગને તેનો શૉખ પોસાય નહિ. ઉપરાંત આ રમત જે ધીરજ ને ફુરસદ માગી લે છે તે આપણી પાસે નથી. આવી જ્યાં વિચારસરણી પ્રસરી રહી છે ત્યાં તે રમત તરફ આકર્ષણ કેમ જન્મે? આપણા ગુજરાતીઓ તો આ રમત બહુ જ ઓછા પ્રમાણમાં રમે છે. આમાં તો ગાણિતિક બુદ્ધિને ખીલવાનો ખૂબ અવકાશ છે, અને જે વિદ્યાર્થીઓને તે તરફ વલણ હોય તે આ રમતને ઝડપથી ગ્રહણ કરી શકે છે. આ રમત બીજા પણ કેટલાક આવશ્યક ગુણોનો વિકાસ કરે છે. મનનું સમતોલપણું, તર્કશક્તિ, કટોકટીના પ્રસંગોમાં સૂઝ કેળવી બહાર આવવા રસ્તો કેમ કાઢવો વગેરે.

આ લેખમાળામાં એક ભૂલ છપાઈ છે. રાજા અને હાથીની કિલ્લેબંધીની ચાલ માટે 'કાસ્ટિંગ' શબ્દ વપરાયો છે, તે ખોટો છે. મૂળ શબ્દ 'કૅસલિંગ'–'Castling' છે.

હું ઇચ્છું છું કે આપણી શાળા-મહાશાળાઓમાં આ રમતને વધુ ઉત્તેજન મળે. આ લેખમાળા વાંચીને કુમારોમાં તે શીખવા માટે ઉત્કંઠા જન્મે, અને ભારતદેશ જેનો શોધક છે તે દુનિયામાં, આ રમતના ક્ષેત્રમાં, અગ્રસ્થાને આવે. —ધનજી હા. કજરીઆ

હિતચર્યા .... ૧૦] ભોજન પછી • ભોજનોત્તર વિધિ

આચાર્ય સુશ્રુતે સૂત્રસ્થાનના ૪૬મા અધ્યાયમાં ભોજન પછીની વિધિ આમ કહી છે:

'ભોજન પછી જ્યાં સુધી અન્નનો કલમ (ભાર) રહે ત્યાં સુધી રાજાની માફક (સુખપૂર્વક) બેસવું. ત્યાર બાદ શતપદી કરીને (સો ડગ ચાલીને) વામકુક્ષિ કરવી. જમ્યા પછી ચિત્તને પ્રસન્ન કરે એવા શબ્દ, રૂપ, રસ, ગન્ધ, તથા સ્પર્શનું સેવન કરવું. એથી અન્ન (આમાશયમાં) બરાબર રીતે રહે છે.'

ખોરાક આમાશયમાં યોગ્ય રીતે ગોઠવાય નહિ તો એના સમ્યક્ પાચનમાં વાંધો આવે. એથી ભોજન પછી શારીરિક અને માનસિક વિશ્રામ ખૂબ જરૂરી છે. માટે જ સુશ્રુતે રાજાની માફક સુખપૂર્વક બેસવાનું કહ્યું છે. જમ્યા પછી સૌકોઇને ભાર ને સુસ્તી (કલમ)નો અનુભવ થાય છે, કારણકે ખોરાકને પચાવવા માટે તત્પર થએલા પાચક અવયવો તરફ શરીરનું લોહી ધસી જાય છે. આથી મસ્તિષ્ક વગેરે અવયવોનું કામ સહેજ અટકે છે અને એથી શરીરમાં સુસ્તી જણાય છે. આવે વખતે જો શારીરિક કે માનસિક કાર્ય કરવામાં આવે તો પાચક અવયવોને જરૂરી લોહી મળે નહિ અને એ ખોરાકને પચાવવાનું કામ બરાબર કરી શકે નહિ. માટે જમ્યા પછી પૂર્ણ વિશ્રામથી બેસવાની આજ્ઞા છે.

ત્યાર બાદ અન્નનો ભાર ઓછો થાય એટલે સો ડગ ચાલવાની આજ્ઞા છે. સો ડગ ચાલવાની ક્રિયાથી રક્ત શરીરના સર્વ અવયવોમાં પૂર્વવત્ વહેંચાઈ જાય છે. પણ અન્નનો કલમ ઓછો થયો એટલે આહારનું પૂર્ણ પાચન થઈ ગયું હશે એમ માનવાની જરૂર નથી. પાચનક્રિયા તો હજુ ચાલે જ છે. વિશ્રામની પણ જરૂર છે જ; ને એટલે વામકુક્ષિ–ડાબે પડખે સૂવાની આજ્ઞા કરી છે. આ દરમ્યાન ચિત્ત અને શરીરને જરા પણ ક્લેશ થવો ન જોઇએ. બલ્કે ઇન્દ્રિયવિષયો મનને પ્રિય હોવા જોઇએ. દાખલા તરીકે જમ્યા પછી કર્કશ કોલાહલ નહિ પણ સૌમ્ય અને મધુર ગીત-સંગીતનું સેવન કરવું જોઈએ, કેમકે એ પાચનકર્મમાં સહાયભૂત થશે. મનને પ્રિય એવા મુખવાસનું સેવન એ ઇષ્ટ રસનું સેવન કહેવાય.

આમ પાંચેઇન્દ્રિયવિષયો મનોનુકૂલ હોવા જોઇએ. એથી વિપરીત એટલે પ્રતિકૂલ ઇન્દ્રિયવિષયોનું સેવન મનને ક્ષુબ્ધ કરે છે. મનની શીઘ્ર અસર વાયુ પર થાય છે, અને વાયુ આમાશય (ગ્રહણી)માં ગોઠવાએલા અન્નને અવ્યવસ્થિત કરી નાખે છે અને ક્વચિત્ વમન દ્વારા બહાર પણ કાઢી નાખે છે. એટલે ભોજન પછી મનની શાંતિ અને પ્રસન્નતા અતિ આવશ્યક છે. જમ્યા પછી અતિ માનસિક ઉદ્વેગ થાય તો સ્રોતોને વિકૃત ઉત્તેજના મળવાથી ઝેરી રસો ઉત્પન્ન થઈ રક્તમાં ભળે છે અને પરિણામે પાચક રસો પણ વિકૃત થાય છે.

ઉપરની શાસ્ત્રવાતોના સંદર્ભમાં આપણું જીવન તપાસતાં કંપી જવાય છે. ખાતી વખતે ઝડપ, ને ખાઈને તરત કપડાં પહેરીને સાઈકલ ઉપર ભાગવાનું, અથવા તો બસ પકડવા માટે દોડવાનું! પાચક અવયવોને મળવું જોઈએ એ લોહી મસ્તિષ્ક અને હાથપગને મળવાનું. યોગરત્નાકરના કર્તાએ કહ્યું છે કે मृत्युर्धावति धावतः અર્થાત્ જમ્યા પછી દોડનારની પાછળ મૃત્યુ પણ દોડે છે. અને એ ખોટું નથી. પચનતંત્ર જેવી શરીરની એક અગત્યની વ્યવસ્થાને તોડી નાખવાથી જીવનગતિ ક્રમશઃ ઓછી થવા માંડે છે; કેમકે ખોરાક પચે નહિ તો શરીરની પુષ્ટિ અને વૃદ્ધિ થાય નહિ. એ ઉપરાંત હૃદય અને પેટ નજીક નજીક આવેલાં છે. પેટમાં અન્ન ભરાવાથી હૃદય ઉપર થોડુંક દબાણ થાય છે. દોડવાથી આ દબાણ વધી જાય છે. પરિણામે હૃદય પોતાનું સંકોચવિકાસ-કર્મ યથાર્થરીતે કરી શકતું નથી. હૃદયના ધબકારા (પલ્પિટેશન)ની ફરિયાદ કરનારા મહદંશે ખાઈને તરત દોડનારા હોય છે.

ભોજન પછી બૌદ્ધિક શ્રમ કરવો પણ યોગ્ય નથી, કેમકે એ વખતે રક્તનું વિશેષ પ્રમાણ આમાશય તરફ ગયું હોવાથી અધિક માનસિક શ્રમ કરી શકાતો નથી અને કરવામાં આવે તો મસ્તકશૂળ વગેરે લક્ષણો પ્રકટ થાય છે. લાંબા વખત સુધી આમ ચાલે તો મગજ દુર્બળ બની જાય છે અને અધ્યયન-અભ્યાસ કરવાની શક્તિ નાશ પામે છે. આપણે ત્યાં વિદ્યાર્થીઓને જમીને તરત જ શાળા-કૉલેજમાં પહોંચવાનું હોય છે એ શોચનીય છે.

લાભશંકર ઠાકર

ગણિતગમ્મત

૪૫૨મા અંકમાં ઉલ્લેપાને આપેલી ગણિતગમ્મતમાં ૦, ૧, ૨, ૩ અને ૭ વડે બનતી બધી સંખ્યાઓને ૯ વડે ભાગતાં શેષ દરેક વખતે ૪ ૪ આવશે, એ હકીકત એક અતિજાણીતા વિસ્તૃત નિયમનો માત્ર વ્યક્તિભૂત દાખલો જ છે, કે ગમે તેટલા અંકોવાળી કોઈપણ સંખ્યાના અંકોના સરવાળાને ૯ વડે ભાગતાં જેટલા શેષ રહે, એટલા જ શેષ એ સંખ્યાને ૯ વડે ભાગતાં પણ રહે; માટે જો કોઇ પણ સંખ્યાના અંકોના સરવાળાને ૯ વડે નિઃશેષ ભાગી શકાય તો એ સંખ્યાને પણ ૯ વડે નિઃશેષ ભાગી શકાય. કોઈ પણ સંખ્યાને ૨, ૩, ૫ કે ૧૧ વડે નિઃશેષ ભાગી શકાય કે નહિ એ જાણવા માટે પણ જાણીતા નિયમો છે.

આ જ અંકમાં 'વાચકો લખે છે'માં શ્રી નારાયણ દેશાઇએ શ્રી એમ. એન. ખત્રીની ગણિતગમ્મત વિષે લખતાં દર્શાવ્યું છે કે એ પણ એક વિસ્તૃત નિયમનો વ્યક્તિભૂત દાખલો છે, એ ખૂબ તાત્ત્વિક છે; પરંતુ કંઈક અવ્યવસ્થિત લખાયું હોઇ મોળું લાગે છે.

એમણે આ પ્રમાણે લખ્યું હોત તો?

કોઇ પણ સંખ્યાને ૨, ૩, ૫, કે ૧૧–એ ચાર ઉપરાંત બીજી કોઈ અવિભાજ્ય સંખ્યા વડે નિઃશેષ ભાગી શકાય કે નહિ એ જાણવા માટે કોઈ નિયમ જાણ્યામાં નથી; પરંતુ આથી ઊલટું, કોઈ પણ અવિભાજ્ય સંખ્યા વડે ભાગી શકાય એવી સંખ્યાઓ એ અવિભાજ્ય સંખ્યાના કોઈ પણ અવયવી (multiple)માંથી એક ઓછો કરતાં મળતી નવી સંખ્યા આસપાસ ૧૦, ૧૦૦, ૧૦૦૦, ૧૦૦૦૦ વગેરેમાંથી યોગ્ય અનેક શોધીને તેના બે ભાગ પાડી શ્રી ખત્રી કહે છે તેમ ગોઠવીને મેળવી શકાય છે.

ધારો કે આપણે અવિભાજ્ય સંખ્યા ૭ લીધી. તેના કોઈ પણ અવયવીથી એક ઓછો કરતાં આપણને ૧૩, ૨૦, ૨૭, ૩૪ વગેરે વગેરે મળે. આમાંની કોઇ પણ સંખ્યા આપણે લઇએ. ધારો કે આપણે ૧૩ લીધા. હવે, ૧૦, ૧૦૦, ૧૦૦૦, ૧૦૦૦૦ વગેરે વગેરેમાંથી ખરેખરા ભાગાકાર વડે તપાસી જોતાં જણાશે કે ૧૦૦૦૦ ૧૦૦૦૦૦૦, વગેરેના બે ભાગ પાડી ૧૩ની આસપાસ ગોઠવતાં મળતી સંખ્યાઓને ૭ વડે નિઃશેષ ભાગી શકાય છે. આ જ રીતે બીજી અવિભાજ્ય સંખ્યાઓ માટે પણ ખરું.

શતરંજની લેખમાળાનો પહેલો મણકો વાંચી અમારા અહીંના શતરંજ મંડળના 'ઉસ્તાદો' ભારે હરખાઈ ગયા છે; રમતની સચોટ–સરળ રજૂઆતથી અન્ય મણકાઓની પણ એકધારી ઉત્કૃષ્ટતા માટે આશા ઊભી કરનાર શ્રી મોદીને ખૂબ અભિનંદન.

આ લેખના સંપાદકીયમાં સોનામહોરો વિષે લખ્યું છે. એ તો દૂર રહી; એને બદલે એટલા જ ઘઉંના દાણાની માગણી હોય તો યે $૧+૨÷૪+૮+\ldots=૧+૨+૨^{૨}+૨^{૩}+\ldots+૨^{૬૩}$, =૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૫ દાણા થાય. સામાન્ય સારા ઘઉંના દાણા તોળી જોતાં ૧ રૂપિયાભારમાં આશરે ૧૫૦ તળે છે. આ હિસાબે આ બધા દાણાનું વજન ૮૨૩૫૧૫૩૬૦૪૩૩ ટન થવા જાય છે. સોનામહોરોની જ માગણી હોય તો તો અરધે યે પહોંચાય?

—કનુ રા. ડાભી

અનુસંધાન] એલિબાઇ [પૃ. ૩૧૫થી

'આમ તો કેકીનો ખાસ મિત્ર છે, પણ હમણાં ત્રણચાર દિવસથી મેળ હોય તેમ લાગતું નથી; નહિ તો કેકી શેઠ સાથે જ અહીં આવતો. પણ આ ઝગડો થયા પછી બીજે દિવસે જગજીવન સાથે તે આવ્યો હતો.'

'અરદેશર ક્યાં મળે?'

'લિબર્ટી ઉપર. ટિકિટનાં કાળાંબજાર કરે છે. મોઢા ઉપર મોટું લાખુ છે. ગોરો છે.'

ઓસમાન ચાલ્યો ગયો. વકીલ વિચારવા લાગ્યા: 'સવા છ વાગ્યે જગજીવન અહીં જમ્યો હોય તો સવા આઠ વાગ્યે તે કેકીશેઠ સાથે ફરીને શા માટે જમે?' થોડી વારે ફરી ઓસમાન આવ્યો. 'સાંજે છ વાગ્યે તે શું જમ્યો હતો?'

'તળેલી મરઘી, બ્રેડ અને સૂપ.'

'મરઘી કેવી તૈયાર કરો છો?' વકીલે પૂછ્યું.

'તેના ઉપરનાં પીંછાં વગેરે સાફ કરી તેને ગરમ કરી મસાલો ભરી તળી દઈએ છીએ.'

'તેનાં હાડકાં કાઢી નાખતા નથી?'

'ના, હાડકાં રહેવા દઈએ. હાડકાં કાઢીએ તો ચુંથાઈ જાય, એટલે ખાતી વખતે સૌ હાડકાં ઉપરથી માંસ ખાઈ જાય છે.' વળી ઓસમાન ચાલ્યો ગયો.

૨૦

વકીલ ઑફિસમાં આવ્યા. કબાટમાંથી તેણે પેલું પર્સ કાઢ્યું. લાઈટમાં જોતાં તેના ઉપર 'N' ભરેલો જણાયો, ને વકીલ ચમકી ગયા! નિશાદેવીનું તો નહિ હોય?

રાત્રે સાડા આઠ થયા હતા. વકીલે નિશાદેવીના ફ્લૅટની સલામી લીધી. બહાર લૉબીમાંથી બલ્બ કાઢી તેણે ખિસ્સામાં મૂક્યો. પછી બેલ દબાવી. તુરત કોઈ બારણા ઉપર આવ્યું અને અંદરથી સ્વિચ ઑન કરી, પણ બહાર લાઇટ થઈ નહિ. નિશાએ અંદરથી અધખુલ્લું બારણું કરી પૂછ્યું: 'કોણ?'

'આપનો તાર છે.'

'લાવો.' નિશાએ બારણું પૂરેપૂરું ઉઘાડ્યું.

'આ રહ્યો' કહી ગણાત્રા અંદર દાખલ થઇ ગયા: 'તમે મને કોર્ટમાં જોયો હશે જ. હું હસમુખલાલ શેઠનો વકીલ છું. પાંચહજારનો દાવો તમારી ઉપર ઊભો છે. તમારી વિનંતીને માન આપી દાવો મુલતવી રાખ્યો છે. તમે થોડી મદદ કરો તો દાવો મુલતવી રહે.'

નિશા હવે તેને અટકાવી શકી નહિ. તેના મોં ઉપર ચિંતા ફરી વળી. તે નાઇટ ગાઉનમાં હતી. તેણે બારણું બંધ કરી વકીલને દીવાનખાનામાં બેસાડ્યા એટલે સીધું જ વકીલે પૂછ્યું: 'તમે જગજીવનને રાત્રે કેટલા વાગ્યે મળવા ગયાં હતાં?'

'હું? શા માટે? હું મળવા ગઈ જ નથી.' નિશા ગૂંચવાઈ: 'આપણે તો દાવાની વાત...'

'ગભરાશો નહિ, આ પણ દાવાની વાત જ છે. તમે જગજીવનને મળવા ગયાં હતાં અને ત્યાં તમારું પર્સ ભૂલી ગયાં હતાં. પર્સ હજુ પોલીસના હાથમાં આવ્યું નથી, પણ તમારા જવાબ ઉપર તે પોલીસને હવાલે કરવું કે કેમ તે નક્કી થઇ શકે.' નિશાના રૂપાળા મોં ઉપર પ્રસ્વેદબિંદુઓ ચમકવા માંડ્યાં.

'સાડા નવ પછી' નિશાને જવાબ આપવા સિવાય હવે કોઈ રસ્તો નહોતો. કડી મળી ગઇ. અનિલે નિશાને જ જોઈ હશે!

'ત્યારે તો તમે જ ખૂન કર્યું હશે?'

'ના, ના; હું ગઈ ત્યારે જગજીવન મરેલો પડ્યો હતો. લાઈટ ચાલુ હતી. તમારા પૈસા મારે તેની પાસેથી લેવાના હતા, એટલે હું ત્યાં લેવા ગઈ તો તેને મરેલો જોયો! પણ ત્યાં પૈસાનું એક કવર પડ્યું હતું. મેં તે પૈસા મારા પર્સમાં નાખ્યા પણ એવામાં કોઈના આવવાનો અવાજ સંભળાયો. ઉતાવળમાં હું બહાર નીકળી ને પર્સ ત્યાં પડી ગયું. બહાર અંધારામાં મેં અનિલને ત્યાં આવતો જોએલો.'

'કદાચ એ રૂપિયા લેવા તમે જ ખૂન...'

'ના, ના!' તે આક્રંદ કરી ઊઠી, 'વકીલ સાહેબ, હું તદ્દન નિર્દોષ છું.'

'તમને જગજીવન શા માટે પૈસા આપે?'

'કારણ કે તે મારો મિત્ર હતો.'

'ના, કારણ કે તમે તેને બ્લૅકમેઈલ કરતાં હતાં. તમે એવી કોઈક વાત જાણતાં હતાં, જે જગજીવનની જિંદગી બગાડી મૂકે. તે માટે તે તમને પૈસા આપવાનો હતો. તે માટે તમે ગયા ત્યારે ઝગડો થયો અને સ્વરક્ષણ માટે તમે તેને મારી નાખ્યો.'

'ના,ના! વકીલ સાહેબ! તમે મને સમજો. મેં ખૂન નથી કર્યું. હું નિર્દોષ છું.'

'તો મને બધી વાત કરો. તમને જગજીવન શા માટે પૈસા આપવા તૈયાર થયો હતો?'

નિશાએ જે કહ્યું તેનો ટૂંક સાર આમ હતો: 'કલકત્તામાં કેશવના ખૂનને કારણે વારંવાર તપાસ થવાથી અમે પેઇંગ ગેસ્ટ-હાઉસ બંધ કરી અહીં આવ્યાં. કેકી સાથે દોસ્તી થઈ. હું અને કેકી પરણવાનાં છીએ. એટલે તો મેં દાગીના લીધા અને ચેક લખ્યો. જૉઈન્ટ ખાતું હોઈ મને ખબર નહિ કે કેકીએ બધા પૈસા ઉપાડી લીધા છે. એટલે પૈસાની જરૂરત ઊભી થઈ. વળી દાગીના પણ કેકી ક્યાંક લઈ ગયો હતો. દરમ્યાન મારો સામાન તપાસતાં એક ચિઠ્ઠી મળી આવી. જગજીવને કેશવને લખ્યું હતું કે કેશવે મારી સોબત છોડી દેવી, નહિ તો પરિણામ સારું નહિ આવે.'

થોડીવાર તે શ્વાસ ખાવા થોભી: 'તારીખ ચોથીએ ઓચિંતો જગજીવન પાલવા બંદર પર મળી ગયો હતો. પણ તેણે પોતાનું સરનામું મને ન આપ્યું. પછી કેકીને મેં એ વાત કરતાં તેણે કહ્યું કે તે જગજીવનને ઓળખે છે. તેણે મને સરનામું આપ્યું. મારા દાગીના તેણે ધંધાને કારણે ગીરો મૂક્યા હતા તેમજ તે કારણે જ કેકીએ બૅંકની પાઈએ પાઇ ઉપાડી લીધી હતી. આથી તમારા પૈસા આપવા મારે જગજીવનને દબાવવા સિવાય રસ્તો નહોતો. તેથી મેં ગપ મારી કે તેં જ કેશવનું ખૂન કર્યું છે તેનો મારી પાસે પુરાવો છે. તે ગભરાયો. તેણે પૈસા આપવા હા પાડી. પણ રાત્રે જ કોઈએ તેનું ખૂન કરી નાખ્યું...'

'કોઇએ કે તમે જ...'

'ના, ના; સોગંદ ઉપર કહું છું, મેં ખૂન નથી કર્યું...' નિશા રડવા લાગી. 'તે કોર્ટમાં જવાબ આપજો' કહી વકીલે ચાલતી પકડી.

૨૧

ટૅક્સી કરી વકીલ 'લિબર્ટી' ઉપર આવ્યા. શો ચાલુ થયો હતો, પણ ટિકિટ મળતી નહોતી. તેણે તુરત અરદેશરને ખોળી કાઢ્યો. 'અરે, ભાઈ ફર્સ્ટ ક્લાસની ટિકિટ મળશે?'

'ત્રણ રૂપિયા થશે; અહીં આવો.' બંને એક ખૂણામાં ગયા. અરદેશરે ટિકિટ કાઢી.

૨૨

સવારે કોર્ટ ઊઘડતાં ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ મિ. જોષી સ્ટૅન્ડ ઉપર આવ્યા.

ગણાત્રાએ પૂછ્યું: 'તમે ધાડી, ભૈયો, અનિલ, અરુણા, નિશાદેવી, કેકીશેઠ અને હસમુખલાલ શેઠનાં આંગળાંની છાપ લીધી છે.

'હા.'

'તમે તેને મરનારના ઓરડામાંથી મળી આવેલી છાપો સાથે સરખાવી?'

'હા.'

'તમે શું જાણી શક્યા? કોની કોની છાપ ત્યાંથી મળી આવી છે?'

'બારણાના હૅન્ડલ ઉપર અનિલની, સ્વિચ ઉપર અરુણાની, તથા ખાલી કવર ઉપરથી નિશાદેવીની; બારણા ઉપરથી ભૈયાની, તથા બારણાની પછવાડેથી ધાડીનાં આંગળાંની છાપ મળી આવી છે.' જોષીએ વિગતવાર જણાવ્યું: 'તે મુજબ મેં આ તેના દરેક ફોટોગ્રાફ પાછળ લખીને સહી કરી છે.'

'આ બધી છાપ પુરાવામાં છે તે પ્રત્યે ધ્યાન

ખેંચું છું, નામદાર!' કહી ગણાત્રાએ આગળ ચલાવ્યું: 'હસમુખલાલ શેઠ તથા કેકીશેઠનાં આંગળાંની છાપ ત્યાંથી મળી નથી આવી?'

'ના, તે બંનેમાંથી કોઇની છાપ ત્યાં નહોતી, પણ બીજી કેટલીક ઓળખાયા વિનાની છાપ મળેલી છે ખરી.'

'ચપ્પુના હાથા પરથી કોઇની છાપ મળી?'

'ના; નવાઈ લાગે છે, પણ મરનારની પીઠમાં વાગેલા ચપ્પુના હાથા ઉપર કોઈનાં આંગળાની છાપ નહોતી.'

'કાંઈ નહિ તો ટેલીફોનના લટકતા રિસીવર ઉપર મરનારનાં આંગળાંની છાપ હશે જ.'

'નાજી, ટેલીફોનના રિસીવર ઉપરથી પણ કોઈનાં યે આંગળાંની છાપ નથી મળી.'

'થેંક યુ, મિ. જોષી.' ગણાત્રાએ કહ્યું.

૨૨

વકીલ મસલાએ નિશાની સાક્ષી લીધી:

'હા, તે પહેલાં કલકત્તા રહેતી હતી. ચાર વર્ષ પહેલાં કલકત્તામાં તેના જ પેઇંગ ગેસ્ટ-હાઉસમાં કેશવ નામના શખ્સનું ખૂન થયું હતું. અનિલ તથા જગજીવન પણ ત્યાં જ રહેતા હતાં. મરનાર કેશવના રૂમમાંથી અનિલનાં આંગળાંની છાપ મળી આવી હતી. તેથી અનિલ ઉપર પોલીસને શક જતો હતો. પણ ખૂનના સમય દરમ્યાન અનિલ અને જગજીવન એક કલાકથી પત્તાં રમતા હતા એ મુખ્ય જુબાની જગજીવને આપી હતી. કેસ અધૂરો રહ્યો હતો. ચોથી તારીખે સાંજે તેણે પાંચ વાગે જગજીવનને પાલવા ઉપર જોએલો. બીજે દિવસે તે જગજીવનને મળી હતી.'

'ખૂનની રાત્રે સાડાનવથી સાડાદસ દરમ્યાન તમે કયાં હતાં?' ગણાત્રાએ પૂછયું.

'જેમ્સની બૉલ-ડાન્સ-કલબ ઉપર.'

'તેનું કોઈ સાક્ષી છે?'

'હા, હું કલબ ઉપર ગઈ ત્યારથી કેકી શેઠ સાથે જ રહી હતી.'

૨૩

વીમા કંપનીના મૅનેજરે સાક્ષી આપી.

'અનિલ સારો છોકરો હતો. તે અનિલને ચાર વર્ષથી જાણે છે. તેણે કંપનીને સારું બિઝનેસ આપ્યું છે. કંપનીને તેણે ખોટા નુકસાનમાંથી પણ ઘણી વાર બચાવી લીધી છે. પાંચમી તારીખે સવારે તેણે ડેડિયાની પૉલિસીના દસ હજારનું પ્રીમીઅમ ઑફિસમાં ભર્યું હતું. પૉલિસીનું જોખમ ત્યારથી શરૂ થયું ગણાય. જોકે પૉલિસી હજી તૈયાર થઈ નહોતી.'

વકીલ મસલાએ બૉંબ ફોડતા હોય તેમ પૂછયું: 'તેમાં જગજીવન મરે તો પૈસા કોને મળે? પૉલિસીમાં બેનીફીશીઅરી કોણ છે?'

'અનિલ પરીખને જ એ પૈસા મળે.'

'ગણાત્રા!' મસલાએ કહ્યું: 'આ તમારો જ સાક્ષી!' કોર્ટમાં સનસનાટી વ્યાપી ગઈ.

'તમે જગજીવનના વીમાના પૈસા ચૂકવશો?' ગણાત્રાએ પૂછયું.

'હા, જો તેનો હકદાર અનિલ પરીખ બિન ગુનેગાર હોય અને તેણે વીમાના પૈસા મેળવવા જ ખૂન કર્યું ન હોય, તો.'

'અનિલ એવું કરે ખરો?'

'હું નથી માની શકતો.'

'થેંક યુ' ગણાત્રાએ કહ્યું, અને ઉમેર્યું: 'અરે, હાં, પ્રોપોઝલમાં જગજીવનની જન્મતારીખ કઇ જણાવેલી છે?'

'જી, એ માટે તો મારે પૉલિસીની પ્રોપોઝલ જોવી પડે તેમ છે; મને યાદ નથી.'

'વારુ, તમે જઈ શકો છો.' ગણાત્રાએ નિરાશાથી કહ્યું. વકીલ મસલા ઊભા થયા:

'નામદાર, સરકાર પોતાનો કેસ પૂરો કરે છે. અત્રે સાબિત થઈ ગયું છે કે તા. ૫મીની રાત્રે સાડા નવથી સાડા દસ વચ્ચે જગજીવન ડેડિયા નામે શેરદલાલનું ખૂન થયું છે. કલકત્તામાં કેશવનું ખૂન કર્યા પછી તે બનાવના એકમાત્ર ખરા જાણકાર જગજીવને પૈસાની ખેંચમાં અનિલ પાસે પૈસાની માગણી કરી, અને પૈસા ન આપે તો અનિલનો ગુનો જાહેર કરવાની ધમકી આપી. તેનો વીમો ઉતરાવવાની જાળમાં ફસાવી અનિલે અને અરુણાદેવીએ મળી, પોતાની કરીઅર, લગ્ન વગેરે તબાહ ન થઈ જાય તેથી જગજીવનનું ખૂન કરી એક કાંકરે બે પક્ષી માર્યાં છે. પોતાને રહેતી બીક સદાને માટે એથી ચાલી જતી હતી અને લગ્ન કરવા માટે દસ હજાર જેવી મોટી રકમ તેને જગજીવનના મરવાથી મળતી હતી. નામદાર, પોતાના ગુનાને છુપાવવા તથા પૈસાની લાલચમાં આવી જઈ, અનિલે ઠંડી ક્રૂરતાથી જગજીવનનું ખૂન કર્યું છે. સમાજને દાખલો મળે તે માટે તેના જેવા નીચ, નાલાયકને ફાંસી મળે તે માટેની ભલામણ નામદાર કોર્ટ સેશન્સ કોર્ટને કરે.'

અરુણા તો લગભગ રડતી હતી. અનિલ શૂન્યમનસ્ક બની બેસી રહ્યો હતો.

૨૪

વકીલ ગણાત્રા ઊભા થયા: 'મારો પહેલો સાહેદ, ઓસમાન ઈબ્રાહીમ, વેઇટર ઈરાની હોટેલ.' ઓસમાન સ્ટેન્ડ ઉપર આવ્યો.

તેણે જણાવ્યું કે તે ઇરાની હોટેલમાં બે વર્ષથી કામ કરતો હતો. જગજીવનને તે ઓળખતો હતો. જગજીવન છ માસથી ત્યાં આવતો હતો. કેકી શેઠ પણ ત્યાં કાયમ આવતા હતા. ખૂનને દિવસે સાંજે છ વાગે જગજીવન ઇરાની હોટેલમાં જ જમ્યો હતો. હમેશાં તે રોજ આઠ વાગ્યે જમવા આવતો, પણ તે દિવસે વહેલું ખાણું લેવાનો હતો. ખાણામાં તેણે મરઘી, બ્રેડ તથા સૂપ લીધેલાં. ઊલટમાં મસલાએ કાંઈ પૂછયું નહિ. બીજો સાહેદ આવ્યો.

'આપનું નામ?' ગણાત્રાએ પૂછયું.

'કેકી જમશેદ પૂનાવાળા.'

'ધંધો?' 'શેરદલાલ.'

'તમે જગજીવનને ઓળખો છો?' 'હા.'

'છેલ્લે કયારે મળ્યા હતા?'

'પાંચમી તારીખે રાત્રે સાડા આઠે અમે છૂટા પડયા હતા.'

'સાથે જમ્યા હતા?' ગણાત્રાએ પૂછયું.

'હા, તે દિવસે તેનો જન્મદિવસ હોઇ અમે બંનેએ સાથે ખાણું લીધેલું, ને તે જ દિવસે બિચારાને કોઇએ મારી નાખ્યો.'

'શું જમ્યા હતા?'

'તળેલી મરઘી, બ્રેડ અને સૂપ.'

'બંને જણ મળીને બધું ખાઇ ગયા હતા કે કાંઇ બચ્યું હતું?' ગણાત્રાએ પૂછયું.

'બધું ખાઇ ગયા હતા. કાંઇ બચ્યું નહોતું.'

'મિ. કેકી, તે દિવસે જગજીવન સાંજે છ વાગ્યે ઈરાની હોટેલમાં જમ્યો હતો. તે પણ તળેલી મરઘી, બ્રેડ અને સૂપ. તો પછી બે જ કલાક પછી તમારી સાથે ફરી કેમ જમ્યો? અને તે પણ પેટ ભરીને?'

કેકી જરા ગૂંચવાયો: 'જન્મ દિવસ હતો એટલે મારા આગ્રહથી તેણે ખાધું હતું.'

વકીલ ગણાત્રા સ્હેજ હસ્યા: 'પણ એ સમજાવશો મિ. કેકી, કે તમે મરઘી ખાઇ ગયા તોપણ તેનાં હાડકાં કેમ ન બચ્યાં? હું માનું છું કે તળેલી મરઘી ખાનાર તેના હાડકાં ખાઈ જતો નથી. જ્યારે ઘાટી તો ખાલી ડબ્બો લઇ જતો હતો; તેમાં કાંઈ જ એઠવાડ-હાડકાંના ટુકડા પણ ન હતા!'

કેકી મૂંઝાઈ ગયો. તે જવાબ આપી શકયો નહિ. વકીલ ગણાત્રાએ આગળ ચલાવ્યું:

'અને હું સાબિત કરી આપું—આ વીમા કંપનીના મૅનેજર પાસેની જગજીવનના વીમાની પ્રોપોઝલમાં લખ્યા મુજબ—તારીખ પાંચમી જૂન તેની જન્મતારીખ નહોતી, તો?

કેકી નિરુત્તર રહ્યો. 'કેમ જવાબ નથી આપતા? મરઘી ખાઈ રહ્યા પછી હાડકાં કયાં ગયાં?' વકીલે ઊંચે સાદે પૂછયું.

'—કે પછી, તમે મુંબાઈ છોડી ચાલ્યા જ-

વાના હતા એટલે બૅંકમાંથી તમે તમારા બધા પૈસા ઉપાડી લીધા, જેથી તો તમારી પાર્ટનર નિશાદેવીનો ચેક પાછો ફર્યો, અને તમે જગજીવન પાસે માગતા હતા તે દસ હજાર રૂપિયા લેવા ગયા ત્યારે તમે તેને મારી નાખ્યો ?'

'નામદાર!' વકીલ મસલા બોલી ઊઠયા : 'આ બધું કોર્ટની રસમ વિરુદ્ધ છે. ખૂન થયું તે વખતે કેકી શેઠ જેમ્સની બોલ ડાન્સ ક્લબમાં હતા. તેઓ ક્લબમાં લગભગ સાડા આઠથી અગ્યાર સુધી હતા. મેં પાકી તપાસ કરી છે. આમ ખોટા આરોપ મૂકી બદનક્ષી કરવા બદલ મારા મિત્ર ગણાત્રાને પસ્તાવું પડશે! આ બાબત તેની પાસે શો પુરાવો છે?'

'પુરાવો?' ગણાત્રા બોલ્યા : 'મિ. પ્રોસીક્યુટર, કેટલા પુરાવા આપું? ટેલીફોન ઑપરેટર મિસ પટેલ ગવાહી આપશે કે લગભગ સવા આઠ વાગ્યાથી જગજીવનનો ફોન જોડાએલો હતો; અને સામેથી કોઈ જવાબ નહોતું આપતું છતાં તેણે રિસીવર યથાસ્થાને નહોતું મૂક્યું. જો જગજીવન સવા આઠ વાગ્યે જીવતો હોત તો તેણે ફોન જોડાતાં ફોન બંધ કર્યો હોત. એ શું સૂચવે છે? ફોન ઉપર કોઈનાં યે આંગળાંની છાપ નહોતી, તે એટલે સુધી કે ખુદ જગજીવનનાં આંગળાંની છાપ પણ નહોતી. તો ફોનનું રિસીવર શું ઊડીને નીચે પડયું?'

'જાહેર છે કે કેકી શેઠ સવા આઠ વાગ્યે મરનાર પાસે હતા. તેણે તેને ખૂનની ધમકી આપી ત્યારે જગજીવન પોલીસને ફોન જોડતો હતો. ખૂન થયું એટલે તુરત પોલીસ ન આવી પહોંચે એટલે તેણે પોલીસનું ધ્યાન બીજે દોરવા રૉંગ નંબરનો જવાબ આપી નિશા ઉપર ફોન જોડયો કે જેથી નિશા ફોન ઉપાડી જવાબ ન મળતાં ફોન મૂકી દે તેથી જગજીવનના કૉલની કોઇ તપાસ ન કરે. અને તેથી પોતે ફોન જોડી પોતાનાં આંગળાંની છાપ ભૂંસી નાખી, તેની સાથે જગજીવનની છાપ પણ ભુંસાઈ ગઈ. કેકી શેઠના કહેવા પ્રમાણે તેઓ જો જગજીવનની રૂમમાં ગયા હતા અને સાથે જમ્યા પણ હતા, ને છતાં તે રૂમમાંથી સૌનાં આંગળાંની છાપ મળી આવી પણ માત્ર કેકી શેઠનાં આંગળાંની છાપ કેમ ન મળી?'

'પુરાવા મારા મિત્ર, ખૂનીની વધુપડતી ચાલાકીએ આપ્યા. છ સાડા છ વાગ્યે જે વસ્તુ જગજીવન જમ્યો હતો તે જ વસ્તુ તેણે ઑર્ડર આપી પોતાની સાથે લીધી અને જગજીવનનું ઠંડે કલેજે ખૂન કર્યું કે જેથી ખરેખર જમ્યા પછી ડૉકટરના કહેવા મુજબ ખૂન બરાબર બે કલાકે થયાનું બહાર આવે. પણ જગજીવન છ વાગ્યે જમ્યો હતો, આઠ વાગ્યે નહિ. તેથી જ આપણે તે આઠ-સવા આઠે જમ્યો માનીને ખૂન દસ વાગ્યે થયાનું માની બેઠા. હકીકતે તે છ વાગ્યે જમ્યો હતો. તેના પછી બે કલાકે એટલે આઠ સવા આઠે ખૂન થયું હતું, એ તે વખતે કે જ્યારે કેકી શેઠ જ ત્યાં હાજર હતા. આઠ વાગ્યે તેઓ જમ્યા જ નહોતા; કારણ કે નહિ તો મરઘી ખાતાં હાડકાં વધ્યાં જ હોય. આ તો ખૂનના સમયદરમ્યાન ઍલિબાઇ ઊભી કરવા કેકીએ એ જ ખાણાનો ઑર્ડર આપી આપણને છેતર્યા છે. પણ તે ભૂલી ગયો કે મરઘી ખાતાં હાડકાં કોઈ ખાઈ જતું નથી.'

'બીજો પુરાવો નિશાદેવી આપશે. નામદાર, કેશવનું ખૂન કરી જગજીવન ઍલિબાઇની શોધમાં હતો ત્યાં તેને હૈયાફૂટો અનિલ ઍલિબાઇ માંગતો મળી આવ્યો. નસીબ તેની તરફેણમાં હતું. અનિલને ઍલિબાઇ આપતાં તેણે ઍલિબાઇ મેળવી લીધી. નિશાદેવીના પ્યારમાં અંધ બની જગજીવને કેશવનું ખૂન કર્યું. તેનો પુરાવો નિશાદેવી પાસેનો જગજીવને કેશવ ઉપર લખેલો પત્ર આપશે.'

'પણ નામદાર! કેકી શેઠ શા માટે જગજીવનનું ખૂન કરે?' મસલાએ પૂછ્યું.

'વાત મુદ્દાની છે, નામદાર.' ગણાત્રા બોલ્યા : 'ઈન્સ્પેક્ટર રાઠોડને મોકલો લિબર્ટી સિનેમા પર.' ગણાત્રાએ ચલાવ્યું : 'ત્યાં તમને ટિકિટોનાં કાળાં બજાર કરનાર જવાન અરદેશર મળી આવશે. મોં ઉપર મોટું લાખું છે. તુરત પકડી લેશો. તે તાજનો સાક્ષી થવા તૈયાર છે. તેણે અને કેકી શેઠે ચોથી તારીખે શ્રીરામ બૅંકમાં ધાડ પાડી. ભાગ પાડતાં ઝગડો થયો અને કેકી શેઠે તેને કોડી પણ આપવાની ના પાડી. આ વાત અરદેશરે જગજીવનને કહી. પોતાને મુંબઇમાંથી પલાયન થવું હોઇ કેકી શેઠ જગજીવન પાસેના લેણા દસહજાર રૂપિયા લેવા ઈરાની હૉટેલમાં આવ્યો. ત્યાં તેણે અરદેશર અને જગજીવનને વાત કરતાં જોયા એટલે જ તેણે રાત્રે જગજીવનને પૂરો કરવાનો નિશ્ચય કર્યો. તે કાંટો માર્ગમાંથી ચાલી જતાં કેકીશેઠની લૂંટની વાત કોઇ જાણી શકે તેમ નહોતું. અરદેશર લૂંટ કરવામાં મુખ્ય સાથીદાર હોઈ તે કંઈ બોલી શકે તેમ નહોતો. રાત્રે આઠ વાગ્યે જગજીવન પાસે તેણે દસ હજારની માગણી કરી એટલે જગજીવને તેની લૂંટની વાત પોલીસને જણાવવા ધમકી આપી; એટલું જ નહિ પણ એ માટે તેણે ફોન પણ ઉપાડયો; અને ત્યારે જ કેકીશેઠે લાગ સાધી જગજીવનની પીઠમાં ચપ્પુ હુલાવી દીધું.

'નામદાર, હવે પૂછો કેકીશેઠને અને મારા વિદ્વાન મિત્રને, જો વધારે પુરાવા જોઇતા હોય તો.' વકીલ ગણાત્રાએ હસતાં હસતાં કહ્યું.

૨૫

બીજી સવારે રાઉન્ડ બિલ્ડિંગમાં અનિલ, અરુણા ને હસમુખલાલ આવી પહોંચ્યા.

'લો અરુણાબેન, આ તમારા લગ્નનો ચાંદલો.' વકીલ સાહેબે પેલા પર્સમાંથી કાઢી પાંચ હજાર રૂપિયા અરુણાને આપતાં કહ્યું.

'તમારી પાસે...અનિલે આપ્યા હતા?'

'ને હસમુખલાલ શેઠ, આ તમારા પાંચ હજાર નિશાદેવીના ઝવેરાતના, કેકીએ તેમના બૅંકના ખાતામાંથી ઉપાડેલી રકમ તેના નિવાસસ્થાનેથી કબજે લીધી તેમાંથી કોર્ટની સ્પેશિયલ પરવાનગીથી મેળવેલા છે. મેં તેની પહોંચ તમારા વતી આપી છે!' હસમુખલાલ શેઠ હર્ષથી કંઈ જ બોલી શકયા નહિ.

'—અને અનિલકુમાર, લગ્નની તૈયારી માટે તમોને વીમાકંપની જગજીવનના કલેઇમના દસહજાર આપવાની છે. પણ હવે જ્યારે કોઇની લાશ જુઓ ત્યારે તુરત જ પોલીસને જાહેર કરવાનું ભૂલતા નહિ હો કે? કલકત્તામાં તમે કેશવનું ખૂન જાહેર કર્યું હોત તો તમારા ઉપર આ આફત કદી આવત જ નહિ.'

અનિલની આંખમાંથી આંસુ વહેતાં હતાં.


અરુણા બોલી : 'વકીલ સાહેબ, તમે અનિલના સાચા મિત્ર છો અને તમારે જ લગ્ન કરાવી આપવાનાં છે. લો, આ કોરો ચેક બાપુજીએ આપ્યો છે. તમારી ફી તરીકે ત્રણ આંકડાની કોઈ પણ રકમ તેમાં ભરી લેજો.'

'એટલી જ બીજી રકમ મારા તરફથી પણ ગણજો.' અનિલ બોલ્યો 'હું તમને મને કલેઈમ મળશે ત્યારે...'

'હાં! હાં! બસ હવે. મને આ ચેકથી જ સંતોષ છે. વળી, કલકત્તા પોલીસ તરફથી એક હજાર, કેશવના પિતા તરફથી ત્રણ હજાર, શ્રીરામ બૅંક તરફથી પાંચ હજાર મળવાના છે, પછી શું? વળી, વીમા કંપનીએ તો મને કન્સલ્ટંટ તરીકે કામ આપવાનું નક્કી કર્યું છે. ઉપરાંત શ્રીરામ બૅંકનું તેમજ તમારું કામ કાંઇ હવે મારા હાથમાંથી થોડું જવાનું છે?...'

અનિલ બોલ્યો 'વકીલ સાહેબ, તમારો પહેલો કેઇસ આવો જશે એવું તો વિધાતાએ પણ ધાર્યું નહિ હોય!'

'તમારે બંનેએ જીવનમાં સાથે રહેવાનું વિધાતાએ નક્કી કર્યું હશે ત્યારે જ મારે માટે મને-કમને આટલી ફિકર ઊભી કરવી પડી હશેને?' વકીલે કહ્યું.



વીર્યે શૌર્યે હોય જે વિશ્વજેતા,
શુદ્ધા જેની શિવસુભગની હોય મેધા પ્રણેતા,
ને જેનાં સાહસોને પરિમિત દીસતાં. ક્ષેત્ર શાં વિશ્વવ્યોમ,
જોવા તારુણ્ય એવું નિજ તનુજ તણું ઝંખતી જન્મભોમ.
(દીપજ્યોત) —અમીદાસ કાણકિયા


ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

'કુમાર'ના પરિચિત વિદ્વાન પુરાતત્ત્વવિદ્ ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ ફિલાડેલ્ફિયા(અમેરિકા)માં પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીની ગ્રૅડયુએટ સ્કૂલમાં 'સાઉથ એશિયા રીજીઅનલ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટ' (દક્ષિણ એશિયાના પ્રાદેશિક અભ્યાસ વિભાગ)માં જૈનધર્મ, જૈન મૂર્તિશાસ્ત્ર ને પશ્ચિમ હિંદના સ્થાપત્ય ઉપર વ્યાખ્યાનો આપવા માટે નિમાઈ ત્યાં જાય છે.

અત્યારે વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિર(ઓરીએંટલ કૉન્ફરન્સ)ના ડાયરેક્ટર ડૉ. ભોગીલાલ સાંડેસરાની સાથે ત્યાંના ડેપ્યુટી ડાયરેક્ટર–ઉપનિયામક તરીકે કામ કરતા ડૉ. ઉમાકાન્તની કારકિર્દી ઘણી ઉચ્ચ કક્ષાની, ઉદ્યમભરી અને ઉજ્જ્વલ રહી છે. ઈ. ૧૯૧૫ના માર્ચની ૨૦ તારીખે વડોદરામાં એમનો જન્મ. ઈ. સ. ૧૯૩૪માં સંસ્કૃત સાથે બી.એ.માં પ્રથમ વર્ગમાં પાસ થઈ વડોદરા કૉલેજમાં ફેલો તરીકે કામ કર્યું. એ ફેલોશિપ સાથે ગાયકવાડ પોસ્ટ ગ્રૅડયુએટ સંસ્કૃત સ્કૉલરશિપ પણ બે વર્ષ માટે એમને મળેલી. તે પછી ૧૯૩૬માં મુંબાઈ યુનિવર્સિટીની એમ. એ.ની પરીક્ષા અંગ્રેજી અને સંસ્કૃત સાથે બીજા વર્ગમાં પસાર કરી. આ વખતે પ્રાચીન ભારતીય લિપિશાસ્ત્ર એ એમનો ખાસ વિષય હતો. ૧૯૩૯થી '૪૦ સુધી મુંબાઈ યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ પણ એમણે મેળવી, અને ઓરીએન્ટલ ઈન્સ્ટીટ્યૂટના નિયામક ડૉ. બિનયતોષ ભટ્ટાચાર્યના માર્ગદર્શન હેઠળ સંશોધનના ક્ષેત્રમાં—ખાસ કરીને ગુજરાત તથા પશ્ચિમ ભારત મૂર્તિશાસ્ત્ર પર કામ કર્યું. ઈ. ૧૯૫૩માં જૈન મૂર્તિશાસ્ત્ર ઉપર મહાનિબંધ લખી એમણે મુંબાઈ યુનિવર્સિટીની ડૉક્ટરેટ (પીએચ.ડી.)ની ઉપાધિ મેળવી, અને સાથેસાથે મ્યૂઝિયૉલૉજીનો '૫૪માં અભ્યાસ કરી યુનિવર્સિટીનો તેનો ડિપ્લોમા પણ મેળવ્યો. એ જ વર્ષે જૈન કલ્ચરલ રીસર્ચ સોસાએટી (સાંસ્કૃતિક સંશોધન મંડળ)ના ઉપક્રમે બનારસમાં કૉલેજ ઑવ ઇન્ડૉલૉજીમાં 'જૈન કળા' વિષે ત્રણ વ્યાખ્યાનો આપેલાં, જે પાછળથી 'સ્ટડીઝ ઈન જૈન આર્ટ' તરીકે છપાયાં.



આ ઉપરાંત આ વર્ષે ઑક્ટોબર માસમાં શ્રીનગર ખાતે મળનારી ઑલ ઇંડિયા ઓરીએન્ટલ કૉન્ફરન્સના 'ફાઈન આર્ટ્સ ઍન્ડ ટૅકનિકલ સાયન્સિઝ' વિભાગના તેઓ પ્રમુખ ચૂંટાયા હતા, પણ ઉપર્યુક્ત પરદેશગમનને કારણે એ પદનું રાજીનામું આપ્યું છે. તેઓ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-સેનેટના સભ્ય છે. ઉપરાંત ભારતની શિક્ષાશાસ્ત્ર સંસદ–ન્યુમિસ્મૅટિક સોસાએટી ઑવ ઇંડિયાના, તેમજ મ્યૂઝિયમ એસોસીએશન ઑવ ઇંડિયા વગેરેના સભ્ય છે તથા લલિતકળા ઍકેડેમીના ત્રૈમાસિક 'લલિતકલા'ના પ્રાકટ્યથી જ તેના સલાહકાર સંપાદક પણ છે.



નાગ

હિંદના લગભગ ૩૩૦ જાતના સર્પોમાંથી ૬૮ જાત જ ઝેરી છે, જેમાં ગુજરાત તરફ તો માત્ર પાંચ જાત થાય છે: નાગ, ચીતળો, કાળોતરો, ફુરસા ને ફણીધર. આમાં સૌથી વધુ જાણીતો 'નાગ' સૌ કરતાં સુંદર હોય છે. એની વિશિષ્ટતા એની વિશાળ ફણા. આ ફણાની પૂંઠે ચશ્મા જેવી આકૃતિ હોય છે. કોઇને આ ચશ્મો બે આંખવાળો, કોઇને એક, ને કોઇને એક પણ આંખ વિનાનો પણ હોય. ગુજરાતના નાગને બે આંખવાળો હોય છે.

આ દો-ચશ્મી, એક-ચશ્મી કે બે ચશ્મી નાગના વાન પણ એકસરખા નહિ. એકચશ્મી નાગ કાળો શાહી જેવો હોય છે; જ્યારે ગુજરાતનો દો-ચશ્મી નાગ આસમાની પડતા કાળા રંગનો, ને પેટ આછી ધોળી છાયાવાળું. બીજા કોઈ કોઈ ઘઉંવર્ણા કે બદામી.

નાગ ૪થી ૫ ફૂટ લાંબો હોય છે. વધુ હોય તો એ નાગ નહિ જ. સ્વભાવે બીકણ. વિના કારણ કરડે નહિ. પણ છંછેડાય કે વિફરે તો ફુંફાડા મારતો ફેણ ચડાવી ડોલવા લાગે ને લાગ જોઈ ડંખ લગાવી દે. અવાવરુ ઘર, ઊકરડા, ઉંદરનાં દર, કાટમાળ વગેરેમાં ગમે ત્યાં ભરાઈ રહે. એનું વૈજ્ઞાનિક નામ Naia naia.

માણસ, ભૂંડ, શેરો, બિલાડી, નોળિયો, ગરુડ વગેરે એનાં શત્રુ; પણ કાનખજૂરા કે ઝાઝી કીડીઓ પણ એકઠી થઈ તેને મારી શકે.

સામાન્યત: ઈંડાં મૂકે. (ફુરસા, ચીતળો વગેરે બચ્ચાં જણે છે.) કાનને બદલે ત્વચાના આચ્છાદનવાળાં છિદ્રો હોઈ શ્રવણ ઘણું ક્ષુદ્ર, પણ વારંવાર લબકારા લેતી જીભ શ્રવણમાં પણ સહાયકારી. જડ વસ્તુ દ્વારા ધ્વનિનાં આંદોલનો એ સરળતાથી અનુભવી શકે છે. આંખો પણ એટલી ચપળ કે સૂક્ષ્મ હલનચલન પણ પકડી લે. ('વનેચર'ના લેખ ઉપરથી)

અત્યાર સુધીમાં જૈન કળા અને પુરાતત્ત્વ વિષેનાં એમનાં નવેક પુસ્તકો પ્રકટ થયાં છે, અને બીજાં પાંચેક પુસ્તકો તે હજી તૈયાર કરી રહ્યા છે. ઉપરાંત અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં લગભગ સાઠ જેટલા વિદ્વત્તાભર્યા લેખો લખ્યા છે, જેમાંનાં કેટલાકથી તો 'કુમાર'ના વાચકો જ્ઞાત છે. સ્વભાવે ઘણા મિલનસાર, ઘણા જ ઉદ્યમી અને પોતાના આટલા વિશાળ જ્ઞાનના જરા યે આડંબર વિનાના વિનમ્ર એ વિદ્વાન મિત્રની આ અધ્યાપન-યાત્રામાં અમે સફળતા અને યશ ઈચ્છીએ છીએ.

કંકોડાં

ચોમાસામાં સૌથી પહેલું અને સૌથી સસ્તું શાક મળી શકતું હોય તો તે કંકોડાં કે કંટોલાં. એમાં ઔષધીય ગુણો પણ રહેલા છે. કંકોડાં રુચિ ઉપજાવનાર, મળને તોડનાર, પિત્ત તથા કફને હણનાર તેમજ ગુણમાં ખૂબ ઠંડાં છે તેથી વાયુ કરે છે. તે મૂત્ર વધારનાર તથા પથરીને મટાડનાર છે. કંકોડાંમાં મુખ્ય ગુણ છે પેશાબ વધારવાનો. સામાન્ય રીતે જે પદાર્થો પેશાબ વધારે છે તે ઝાડાની કબજિયાત કરે છે; પરંતુ કંકોડાં તો ઝાડાને પણ વધારે છે. પિત્તની વિકૃતિથી ધીરે ધીરે પેશાબ ઘટવા લાગે છે અને તેને પરિણામે પેશાબ દ્વારા બહાર નીકળવા જોઇતા ક્ષારો પૂરતા પ્રમાણમાં નીકળી શકતા નથી. તેથી પિત્તના એવા ક્ષારો શરીરમાં એકઠા થાય છે જેને પરિણામે પથરી થવાનો સંભવ રહે છે. આવા ક્ષારો જમા થઈ ગયા હોય તો ઝાડો અને પેશાબ બંને વધારનાર ઔષધના ઉપયોગથી ધીરે ધીરે પીગળીને નીકળી જાય છે. હરડેમાં પણ પેશાબ વધારી પથરી દૂર કરવાનો ગુણ છે. પણ હરડે ઉષ્ણવીર્ય એટલે કંઈક ગરમ ગુણ દાખવતી હોવાથી પિત્ત વિકૃતિની પથરી માટે તો ઠંડાં કંકોડાં જ ઉત્તમ દવા છે. કંકોડાનું શાક કરતી વખતે તેને ઉકાળીને તેનું પાણી પીવું અને પછી કંકોડાંનું ઓછા મસાલાવાળું શાક ખાવું. તેથી ઝાડો-પેશાબ સાફ થશે અને પથરી ઉપર સારી અસર કરશે. પેશાબના વ્યાધિમાં મીઠું ખાવાથી નુકસાન થાય છે, માટે પથરીવાળાએ કંકોડાંનું શાક કરતાં તેમાં મીઠું ન વાપરવું. એમ ન બની શકે તો સિંધાલૂણ વાપરવું. (જનસત્તા)

પ્રગટનો કિલ્લો

સૂરત જિલ્લામાં સોનગઢ-વાજપુરના રસ્તા ઉપર, સાતકાસીની નજીક સોનગઢથી આશરે સોળ માઈલ ઉપર આવેલો આ કિલ્લો ડુંગર ઉપર બાંધેલો છે, જેમાં કિલ્લાની અંદર ચાર મોટા ઓરડાવાળું મકાન છે. મકાનની દીવાલો ઘણી પહોળી છે. તેમાં ૧।। ફૂટ લાંબી, ૯ ઈંચ પહોળી અને ૨।। ઇંચ જાડી ઈંટો વપરાએલી છે. ઉપરાંત કાળા પથ્થરનાં ટાંકાં કોતરીને બનાવવામાં આવ્યાં છે. આ ટાંકાં પાણીના વપરાશ માટે ઉપયોગમાં લેવાતાં. આ કિલ્લો ક્યારે અને કોણે બંધાવ્યો તે હજી સુધી જાણવા મળ્યું નથી. પ્રગટ એ આ વિભાગનું પરગણું હતું, અને એની નીચે ૨૫-૩૦ ગામો હતાં. કિલ્લાની નીચેના ભાગમાં એક પાકી અને મોટી વાવ છે, જે તદ્દન બિસ્માર હાલતમાં છે. થોડે દૂર કોઠારઆંબા નામે એક ગામ હતું. અહીં તળાવ પણ બાંધેલું છે. આ કોઠારઆંબા ગામે ખનિજ-દ્રવ્ય મળી આવે એ માટે ઘણા સમય ઉપર ખોદકામ થયું હતું. હજી વધુ ખોદકામ થાય તો આશાસ્પદ દ્રવ્યો મળી આવે એવી શક્યતા ખરી. આ અંગેનો વ્યવસ્થિત રીપોર્ટ વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલયમાં હોવો જોઇએ. ડુંગરની પાછળના ભાગમાં એક માઈલના વિસ્તારમાં મકાનોના બાંધકામના અવશેષો જોવા મળે છે. તેમાં યે આ પ્રકારની ઈંટો વપરાએલી છે. બાવલીથી પ્રગટ તરફ જતાં વચ્ચે કાલખી નામની નાની નદી આવે છે, તેના કાંઠા ઉપર કાલખી ગામ વસેલું હતું. અત્યારે તેના અવશેષો પણ ત્યાં જોવા મળે છે.

પર્સનલ રૅડીએશન મૉનિટર

અણુવિજ્ઞાનના ક્ષેત્રમાં કાર્ય કરનારા પર રૅડીએશન (અંશુ પ્રસરણ)નો ભય સતત ઝળુંબી રહ્યો હોય છે. નજરે ન દેખાતું, સ્પર્શ ગંધ કે સ્વાદથી પણ નહિ પરખાતું આ રૅડીએશન માણસને ખબર પણ પડે એ પહેલાં તો એને અંદરથીને અંદરથી શેકી નાખે એવું ભયંકર હોય છે.



આ ભય સામે આસપાસમાં પ્રસરેલા જરાશા રૅડીએશનને પણ પકડી પાડી તેની આપમેળે જ જાણ કરી દેતું એક સાધન અમેરિકાએ શોધ્યું છે. 'પર્સનલ રૅડીએશન મૉનિટર' નામના આ સાધનને આસાનીથી ખિસ્સામાં ભેરવી રાખી શકાય છે. રૅડીએશનની સહજ પણ અસર જણાતાં આ મૉનિટરમાંથી તીણો સૂર નીકળે છે અને તેના માથા પરની ટચૂકડી નીઑન લાઈટ ઝબકવા માંડે છે! રૅડીએશનની તીવ્રતા પ્રમાણે તેના સૂરની તીવ્રતા વધતી-ઓછી રહે છે. વળી તે આખો વખત ચાલુ જ રહે એ રીતે તેમાંની પારાની ટચૂકડી બૅટરી લગભગ એક મહિનો કામ આપે છે. આ મૉનિટર શોધાતાં હવે ભારે સાધનો માટે દોડવું નથી પડતું. એની મદદથી જરા પણ ભય જણાતાં કર્મચારી તુરત ચેતી જઇ સલામત વિસ્તારમાં નાસી જઈ શકે છે.



જનસામાન્યમાં નાણાંબચતની ટેવ પ્રસારવા તથા એ નિમિત્તે દેશ માટે ભંડોળ એકઠું કરવાના આશયથી ઇંગ્લંડે આજથી સો વર્ષ ઉપર 'પોસ્ટ ઑફિસ સેવિંગ્સ બૅંક'ની યોજના કરેલી. આ વર્ષે તેની શતાબ્દી નિમિત્તે તાજેતરમાં ઇંગ્લંડે કાઢેલી આ ટિકિટો બર્મિંગહામથી શ્રી રામુભાઈ પટેલે વિમાની કવર ઉપર ચોડીને મોકલી છે.

દરિયામાંથી મીઠું પાણી

દરિયાના ખારા પાણીમાંથી પીવાને યોગ્ય શુદ્ધ પાણી મેળવવા માટે 'થિન ફિલ્મ ડિસ્ટિલેશન' નામે એક વધુ કરકસરભરી અને વધુ કાર્યશાળી પદ્ધતિ શોધાઈ છે. માત્ર દરિયાના જ નહિ પણ અન્ય અશુદ્ધ જળને પણ એનાથી એટલું સ્વચ્છ કરી શકાય છે કે પાણીમાં પછી દસ લાખમા ભાગ જેટલી જ અશુદ્ધિ રહી શકે છે. કદ અને વજનમાં પણ આ નવું સાધન આ કાર્ય માટેનાં વર્તમાન સાધનો કરતાં અરધું છે. દરિયા પર કે જમીન પર, બંને સ્થળે તેનો ઉપયોગ થઇ શકે છે.

આ નવા સાધનમાં બહારના એક નળાકારની અંદર એક બીજો નળો મૂકેલો હોય છે, જેમાં આઈસક્રીમ બનાવવાના સંચામાં હોય છે એ રીતે ફરતાં પાંખિયાં હોય છે. આ નળાકારમાં નીચેના ભાગમાંથી અશુદ્ધ પાણી દાખલ કરાય છે. પછી પેલાં પાંખિયાંને મોટર દ્વારા ફેરવવામાં આવે છે જેને પરિણામે અંદરનું પાણી એ નળાકારની દીવાલ પર ફેંકાય છે અને ત્યાં તેનો એક ઇંચના બે હજારમા ભાગ જેટલો પાતળો થર રચાય છે. આ નળાકારની અને બહારના નળાકારની વચ્ચે રહેલા પોલાણમાં ગરમ વરાળ દાખલ કરવામાં આવે છે. જેની ગરમીથી અંદરના નળાકારની દીવાલ તપી જઈ તે પર લાગેલા પાણીનું બાષ્પીભવન થવા માંડે છે. જૂની પદ્ધતિઓમાં અશુદ્ધ પાણીને ઉકાળીને તેની વરાળ ઠારી શુદ્ધ પાણી મેળવાય છે, પણ તેમાં ગરમીનો ઘણો વ્યય થાય છે; જ્યારે આ સાધનમાં એ કરતાં ચાર ગણી ગરમી મળી શકે છે. અંદરના નળાકારમાં ઉત્પન્ન થએલી વરાળને એક તરફ વાળી લઇ તેને ઠારીને શુદ્ધ પાણી મેળવાય છે.


આ 'થિન ફિલ્મ ડિસ્ટિલેશન' શોધનાર અમેરિકાની જનરલ ઇલેક્ટ્રિક કંપનીને આશા છે કે આ રીતે રોજનું હજારથી દસ લાખ ગૅલન કે એથી યે વધુ શુદ્ધ પાણી મેળવી શકાશે. અત્યારની સસ્તામાં સસ્તી પદ્ધતિ કરતાં પણ આ નવી રીત વધુ કરકસરભરી છે, અને મોટા પાયા પરનો તેનો ઉપયોગ તો તેના વડે શુદ્ધ થતા પાણીના પ્રમાણમાં આથી પણ વધુ સસ્તો પડવાનો.

કેટલાંયે જંતુઓનાં શરીરમાં એક સૂક્ષ્મ ગંધગ્રંથિ હોય છે, જેમાંથી ફેલાતી ગંધથી આકર્ષાઇને વિજાતીય જંતુ તેની પાસે પહોંચી જાય છે, ને પછી તેમનો વંશવિસ્તાર વધે છે. નૉબેલ પારિતોષિકના વિજેતા જર્મન વિજ્ઞાની પ્રો. બ્યુટનાડિટ આ ગંધની શોધ કરી, જેને આધારે રસાયણવિજ્ઞાનીઓએ હવે એવો જ એક કૃત્રિમ ગંધપદાર્થ તૈયાર કર્યો છે. આ જ રીતે વિવિધ પ્રકારનાં માદા જંતુઓમાંની ગંધગ્રંથિઓ શોધવા પાછળ આજનું વિજ્ઞાન કાર્ય કરી રહ્યું છે. આ ગંધ શોધીને તેને કૃત્રિમ રીતે તૈયાર કરવાનો આશય એ છે કે એ રીતે મરજી પ્રમાણે એ જંતુઓને આકર્ષી શકાય. અને આમ કૉલેરા, મૅલેરિયા વગેરે રોગો ફેલાવનારા જંતુઓને આકર્ષી, તેમનો સરળતાથી નાશ કરી રોગના ફેલાવા ઉપર કાબૂ મેળવી શકાય. એ જ રીતે માનવજાતને લાભદાયક જંતુઓ પણ જરૂર પ્રમાણે આકર્ષીને મેળવી શકાય.

અમેરિકાના એક પ્રાધ્યાપક વિજ્ઞાનીએ આ જ રીતે જંતુના એક કોષમાં રહેલા એક પ્રકારના તેજાબની શોધ કરી છે. ન્યુક્લીઍક કે 'અણુ ઍસિડ' તરીકે ઓળખાતા આ તેજાબમાં કેટલાક રાસાયણિક ફેરફારો કરવાથી રોગ ફેલાવનારા જંતુઓનાં શરીરમાં રહેતા રોગોત્પાદક કીટાણુઓનો નાશ કરી શકાશે. માત્ર ઇલેક્ટ્રૉનિક માઇક્રૉસ્કૉપથી જ દેખાતા આ અતિસૂક્ષ્મ કીટાણુઓનો આ રીતે નાશ કરીને પણ ઘણા જીવલેણ રોગોને કાબૂમાં લાવી શકાશે. —ઈન્દ્રા

બ્રિટનની એક પેઢીએ પ્લાસ્ટિકની ઈંટો બનાવી છે, જેનાં મકાનો હાલનાં ઈંટચૂનાનાં કરતાં વધારે ટકાઉ થશે. આ નવી ઈંટો વડે બાંધવામાં આવનાર મકાનો પાછળ ઈંટચૂનાનાં મકાનો જેટલો જ ખર્ચ આવશે. તેમાંથી વીજળીના તાર તથા પાણીના નળ પણ પસાર કરી શકાય તેમ છે. વળી તેનો રંગ પણ મકાનની હયાતી સુધી જળવાઈ રહેશે.





દરિયાના પાણીને મીઠું બનાવનારું યંત્ર તથા તેની રચના સમજાવતી આકૃતિ

દશાંશનાં તોલાં ને માપ

જૂના વખતમાં નીતિબોધ ઉપરાંત વ્યવહારુ જ્ઞાનવિજ્ઞાનને યાદ રાખવા માટે પણ કવિતાનો ઉપયોગ થતો. વૈદકના આવા શ્લોકો ને દોહરાઓ તો સુપ્રસિદ્ધ છે. અંગ્રેજી માસ જ્યારે સૌપ્રથમ વ્યવહારમાં દાખલ થયા ત્યારે તેનો પરિચય આપતી કવિતા કવિ દલપતરામે રચેલી. અંગ્રેજી મહિનાઓમાં કોઈમાં ત્રીસ તો કોઇમાં એકત્રીસ દિવસ આવે છે એ અટપટી વિચિત્રતાઓ યાદ રાખવા માટેનો દલપતરામનો આ દોહરો બહુ સરળ છે:

ચાર, છ, નવ, અગિયારમો, તેના તો દિન ત્રીસ,
અવરે એકત્રીસ છે, બીજો અઠ્ઠાવીસ.

આવો જ એક ઠીકઠીક યત્ન શ્રી જતીન્દ્ર આચાર્યે, હમણાં દાખલ થએલાં દશાંશનાં તોલમાપ સમજાવવા માટે કર્યો છે:

ચાલો ગણીએ, ચાલો ભણીએ, દશાંશનાં તોલાં ને માપ,
એકબીજાથી દસ ચડિયાતાં, જવાબ આવે આપોઆપ.
સદીઓ પહેલાં થઇ ગયા જે, ભારત-પુરાણમાં પ્રખ્યાત:
રાવણ, કૌરવ ને બાણાસુર, લડાઈમાં પૂરા વિખ્યાત.
એ સૌ યાદ કરો ને સાથે, દશાંશના તોલાં ને માપ,
રાવણ 'ડેકા', કૌરવ 'હેક્ટો', બાણાસુર 'કિલો'નું માપ.
રાવણને દસ માથાં, તેવા 'ડેકાગ્રામ' મહીં દસ 'ગ્રામ'
દસ મીટરનો ડેકામીટર, રાવણ એટલે ડેકારામ.
કૌરવ સો બળિયાના જેવો, 'હેક્ટો' સોનું કરતો કામ;
'હેક્ટોમીટર'માં સો મીટર, 'હેક્ટોગ્રામ' મહીં સો ગ્રામ.
ખુશ થઈ શિવજીએ દીધા, બાણાસુરને હાથ હજાર,
'કિલો'ને એવો જ મળ્યો છે, હજાર એકમ કેરો ભાર.
દસ મીટરનો ડેકામીટર, સોનો હેક્ટોમીટર થાય,
હજાર મીટર કિલોમીટર, ચડતા ક્રમમાં માપ ગણાય.
તોલાંના આ બાટ બનાવો, ડેકાગ્રામ મહીં દસ ગ્રામ,
સોનો હેક્ટોગ્રામ બને ને, હજાર ગ્રામે કિલોગ્રામ.
દસ ડેસીમીટર મીટરમાં, સેન્ટીમીટર સોનો એક,
હજાર મિલીમીટર લેતાં, એક બને છે મીટર છેક.
એક ચડાવો મીંડું ત્યાં તો, મળી જશે ઊતરતું માપ,
દસથી ભાગો તો મળવાનું, એનાથી ચડિયાતું માપ.
નામ નવાં પણ કેવાં સહેલાં, ગણવામાં આ તોલાં-માપ,
કિલો, હેક્ટો, ડેકા, એકમ, ડેસી, સેન્ટી, મિલી નામ.
ચાલો ગણીએ, ચાલો ભણીએ, દશાંશનાં તોલાં ને માપ,
દસ દસના એ ભાગ મત્રાના, જવાબ આવે આપોઆપ.

હ્સ્યુઆન ત્સાંગનું સ્મારક

સાતમી સદીમાં, છેક ચીનથી પગે ચાલીને આ દેશમાં બૌદ્ધ તીર્થોની યાત્રાએ આવનાર ચીની ભક્ત-વિદ્વાન હ્સ્યુઆન ત્સાંગ (જેને આપણે હ્યુએન સંગને નામે ઓળખતા આવ્યા છીએ)નું એક સ્મારક બિહારમાં નાલંદા ખાતે રચવાનો ભારત સરકારે સુયોગ્ય નિર્ણય કર્યો છે. એ સ્મારક ચીની સ્થાપત્યશૈલીના એક મકાનના રૂપમાં હશે.

ઈ. ૬૨૯માં ગોબીના મહારણની મુસાફરીનાં જીવલેણ જોખમો વહોરીને નિશ્ચયાત્મક શ્રદ્ધાબળે તેની સોંસરા નીકળી, હિંદુકુશનો કપરો પહાડ પાર કરી તે કાબુલની ખીણમાં આવ્યા ને ત્યાંથી તક્ષશિલા અને કાશ્મીરમાં ઊતર્યા. ભારતમાં એ કાળે જ્ઞાત એવાં, માત્ર બૌદ્ધ ધર્મનાં જ નહિ પરંતુ ભારતીય ઇતિહાસ-સંસ્કૃતિનાં પણ સર્વ તીર્થધામોની તેણે યાત્રા કરી, અને અયોધ્યા, કપિલવસ્તુ, પાટલીપુત્ર (પટણા) અને ગયાથી નાલંદા આવીને રહ્યા. ત્યાંથી પછી આસામ અને ઓરિ-



હ્સ્યુઆન ત્સાગની તસ્વીર (ભારતનો રાષ્ટ્રીય કલાસંગ્રહ)

સ્સામાં થઇ દક્ષિણમાં કાંજીવરમ્ ગયા, અને દક્ષિણ ભારત પાર કરીને મહારાષ્ટ્ર તથા ભરૂચ-ગુજરાત-ની સફર કરી. ઈ. ૬૪૧માં, સેંકડો ગ્રંથો, મૂર્તિઓ, યાત્રાચિહ્નો અને આ દેશનાં જીવન અને સંસ્કૃતિનાં સમૃદ્ધ સ્મરણોથી લદાઇને સોળે વર્ષે તે સ્વદેશ પાછા ફર્યા. તેણે અનુવાદિત કરેલાં એ પુસ્તકોમાંથી અને તેની યાત્રાના વિગતોથી ભરેલા અહેવાલ ગ્રંથોમાંથી જ આપણને ભારતની એ લુપ્ત થએલી ભવ્ય સંસ્કૃતિનું દર્શન થઇ શક્યું છે. આપણા ઉપર મોટું ઇતિહાસ-ઋણ ચડાવનાર એ વિદ્વાન ભક્ત યાત્રીનું સ્મારક તો વહેલું થવું જોઈતું હતું.

ઇતિહાસ-પરિચયની અનોખી રીત

બીજા વિશ્વયુદ્ધમાં જર્મની હાર્યાં પછી ચાર વિજેતા મહાસત્તાઓ—અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને રશિયા—એ તેને ચાર ભાગમાં વહેંચી લઇ પોતપોતાનાં કબજાગીરીનાં લશ્કરો ત્યાં ગોઠવ્યાં છે. એવાં પરદેશી લશ્કરો એ દેશની સંસ્કૃતિથી અજાણ ન રહે ને તેમનામાંથી પરાયાપણું દૂર થાય એ આશયથી અમેરિકન વિભાગના લુટ્સ્ચીગબરા નજીક અમેરિકાના વિમાની દળના મથકે એક નવો પ્રયોગ કરી જોવામાં આવ્યો છે. જર્મનીના રાજકીય, વૈજ્ઞાનિક, સાંસ્કારિક અને સાહિત્યનાં ક્ષેત્રોમાં પંકાએલી વિવિધ વ્યક્તિઓનાં નામ પરથી ત્યાં શેરીઓ, માર્ગો અને ચોકનાં નામ આપવામાં આવ્યાં છે, અને એનાં નામ દર્શાવતાં પાટિયાં ઉપર એ વ્યક્તિનો પરિચય તેમ જ જર્મનીના ઇતિહાસમાં તેનું શું સ્થાન છે તેની માહિતી લખવામાં આવી છે. રોજબરોજ નજરે પડતાં આવાં લખાણોથી જર્મનીનો ઇતિહાસ વિદેશીઓના મનમાં પણ કોરાઈ જાય છે.

—ઇન્દ્રા

અખબારની અજબ કામગીરી

પશ્ચિમ જર્મનીમાં 'બીલ્ડ-ઝીટંગ' નામનું (વીસ લાખ નકલોના ફેલાવાવાળું) એક અખબાર ખૂબ લોકપ્રિય છે. તેણે રમતગમતના મેદાનનો શોર દૂર કરવા ફૂટબૉલની મેચો વેળાએ એક અવનવી જાહેરાત કરી કે જે પ્રેક્ષકો સંપૂર્ણ સજ્જનો જેવા લાગશે તેને ઇનામ આપવામાં આવશે! અખબારના કર્મચારીઓએ મેચ વેળા મેદાનમાં ધૂમવા માંડ્યું અને પ્રેક્ષકોના વિવિધ વિભાગોની નોંધ લેવા માંડી. થોડાક સમયમાં તો આ પ્રયાસનું અદ્‌ભુત પરિણામ આવ્યું. અગાઉ હૅમ્બર્ગ સ્પોર્ટ્સ ક્લબે રોજબરોજના શોરબકોરથી ત્રાસી જઇને એવી જાહેરાત કરેલી કે અમે કોઇ પણ પ્રેક્ષકને ધજાપતાકાઓ કે ખૂબ અવાજ કરી મૂકે એવાં વાજાં, રણશિંગાં, સિસોટીઓ કે એવાં સાધનો સાથે પ્રવેશ કરવા દઈશું નહિ.

હર્ષના સ્વાભાવિક પોકારો થાય કે ઓચિંતા પરાજિત થનાર ખેલાડીની સહાનુભૂતિમાં ચાર શબ્દો બોલાય એ ઠીક છે, પણ એ શોર એટલો તો ન હોવો જોઇએ કે જેથી રમતમાં વિક્ષેપ પડે. બીલ્ડ-ઝીટંગ અખબારનો અખતરો સફળ થયા પછી જર્મનીના ફૂટબૉલ સંઘે અન્ય ક્લબોને પણ આ નુસ્ખો અજમાવી જોવાની ભલામણ કરી છે. –ઈન્દ્રા

બ્રિટનની જોસેફ ન્યૂસમ નામની એક પેઢીએ એવું રસાયણ શોધ્યું છે કે કાપડ પર તેનો પટ ચડાવ્યા પછી પાણીમિશ્રિત કોઈ પણ પદાર્થનો ડાધ તેના પર પડી શકે નહિ. આથી આવા કાપડ કે તેના બનાવેલાં વસ્ત્રો પર ચા, કૉફી, દારૂ, ફળોનો રસ, શાહી, આઈસક્રીમ, મુરબ્બા વગેરે કંઈપણ ઢોળાતાં માત્ર ભીનું કપડું ફેરવતાં જ તેના ડાધ નીકળી જાય. આ જ રીતે તેલનો ડાધ પણ સાફ થઈ શકે છે. આ પ્રક્રિયાથી કાપડના ઉત્પાદનમાં ખર્ચનો પણ ખાસ વધારો થતો નથી.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(205) Nitin Vyas – 19, C/o Dr. V. D. Bhatt, Mayurpuri Pharmacy, Morvi (Saur.), Sports, Stamps, Movies; (206) Chandrakant Mangalbhai Roy— 18, Sardar Chowk, Bahadarpur (Ta. Sankheda, Dist. Baroda), Stamps, Travelling, Drawing; (207) Dinker P. Mehta—20, C/o Vaccinator, Jam Khambhaliya (Saur.), Art, General Reading, Swimming; (208) Dolatlal Khetshi Shah—32, Cloth Merchant, Janta Stores, Mandvi (Kutch), Coins, Stamps; (209) K.M.Poojara—25, C/o Janta Stores, Mandvi (Kutch), Coins, Touring, Photography; (210) Govindbhai B. Thakkar, 'Kamalesh'—22, Piramita Road, Near TryambakeshwarMahadevMandir, Baroda, Creative-Writing, Reading, Music, Foreign folk-life; (211) Hiralal Punamchand Shah—21, Tripathi Bhavan, Room No. 22, Aarey Road, Goregaon, Bombay-62, Stamps, Coins; (212) Rasiklal Kanji Mamtora—18, C/o Kanji Naranji Mamtora, Dhobi Street, Jam-Khambhalia (Saur.), Stamps, Drawing. (ચાલુ)

આ અંકની 'કલાવાર્તા'માં વર્ણવેલા પશ્ચિમના બીજા ત્રણ જગનામી કલાકારોની કૃતિઓ:







મથાળે ડાબી બાજુ: દક્ષિણ પાસિફિકના વતનીઓમાં વસીને ત્યાંની લાક્ષણિકતાઓને રંગમમકથી નિરૂપનાર કલાકાર ગૉગાંનું પટ અને અસદ્ ભાવવાળું ચિત્ર 'પ્રેતના શબ્દ'; જમણી બાજુ: અષ્ટરંગી કલાકાર પિકાસોના અતિક્રમી આવેગોની અગાઉના 'બ્લ્યુ પીરિયડ'ની કૃતિ 'પંખાવાળી સ્ત્રી'; નીચે: 'શ્રીમતી ડેરીગેન' કલાકાર આંદ્રે ડિરેઇને આલેખેલી; 'પૂતળીઓ જેવાં અજ્ઞાત ભાવવાળી નિગૂઢ તસવીરો' પૈકીની એક.



જોધપુરમાં મહારાજ જસવંતસિંહની છત્રી • ફોટો: આબીદમિયાં સૈયદ

ચતુરરસિક કલાકારની આંખ એક સુંદર વસ્તુને અમુક દૃષ્ટિકોણથી રજૂ કરીને વધુ સુંદર બનાવી દે છે. એક સ્મરણ-મંદિરના આ ચિત્રને ઉપલા ડાબા ખૂણાની વૃક્ષશાખા ને નીચલા જમણા ખૂણાના પડછાયાથી રચાતા વચ્ચેના કર્ણવિસ્તારના ગાળામાં કલાકારે એવી રીતે ગોઠવીને લીધું છે કે તેની શિખરરચનાનું સંયોજનસૌંદર્ય ખીલી ઊઠે.


અનુસંધાન]

વેરીઅર એલ્વિન

[પૃ. ૩૧૧થી

પોતે ખ્રિસ્તી ધર્મગુરુ હોવા છતાં આદિવાસીઓની ધર્મવિહોણી ઉન્મુક્ત ભાવનાઓથી મુગ્ધ થયા વિના એ રહી શક્યા નહોતા. આદિવાસીઓની કલાનો સ્રોત ધાર્મિક નથી હોતો. શરીરની જરૂરિયાતોમાં એને શણગારવાની વૃત્તિનું પ્રાબલ્ય જ એમની કલાઓમાં જણાય છે. એક બાજુ નગ્નાવસ્થા વિષે તેઓ ઉદાસીન છે અને શરમ અનુભવતા નથી, તો બીજી બાજુ એ ઉઘાડા શરીરના કોઈ પણ ખાલી ભાગને સહી શકતા નથી. આ ક્રિયાનું પ્રતિબિંબ તેઓની વિવિધ ભાત રચનાઓ (ડિઝાઇનો)માં પડતું જણાય છે. સુડોળ-લલિત શરીરસોષ્ઠવના ઓપ માટે નવાનવા અલંકારોની રચનાઓમાં તેમનો કેટલો બધો વખત વીતે છે! એમની એકાદ કાંસકી કે તમાકુની દાબડી પાછળ તો વળી જાતીય શૃંગાર-ભાવના પણ હોય છે. એ રચના-વૈવિધ્ય હેરત પમાડે તેવું હોય છે. તેમાંય સાઓરા જાતિની ભીંતો પર ચિત્રો આલેખવાની કલા, લગ્ન પ્રસંગે સરઘસ કાઢતી વખતે સુંદર કાષ્ઠ-કોતરકામવાળી પાલખીઓની શોભા અને બૈગા, ભોમજ, કુટ્ટીઆ ને કૉંડ જાતિઓની બારણાં પર અલંકરણો આલેખવાની ચીવટ તો ધ્યાન ખેંચે તેવાં હોય છે. આ કલા-પ્રકારોનું વિપુલ વૈવિધ્ય પાર વિનાનું છે. નમૂનેદાર ઢીંગલીઓ, હાથ થેલીઓ, અને લગ્ન પ્રસંગે રોપવામાં આવતા થાંભલાઓ અને પ્રતીકો પણ હિંદુ લગ્ન-વિધિ વખતે રચવામાં આવતાં પ્રતીકો જેવાં જ રમણીય છે. એની શોધનું માન એલ્વિનને ફાળે જ જાય છે.

સામુદ્રિક પ્રતીકો, મરણોત્તર ક્રિયા વખતે રોપવામાં આવતા પાળિયા અને સ્તંભો, યાદગીરી માટેની તકતીઓ, તે તે ચીજો પાછળના








કૉન્ડ જાતિની વાળમાં ખોસવાની પિન જેનાં ફૂમતાંમાં પંખીનાં પીછાં તથા ચં-પરખના ટુકડાનાં સુશોભન છે →



છેક નીચે (૧) ઝોરિયા-મુરિયા જાતિનું કોડીઓનું બનાવેલું ઘરેણું. (૨) બૈગાજાતિની વાંસની કાંસકી, જેને છેડે શોભા માટે કોડીઓ લટકાવેલી છે





છેક મથાળે: મુરિયા જાતિની માછલી આકારની તમાકુની દાબડી, જેનાં ભીંગડાં રૂપાનાં છે અને માછલીની આંખની જગ્યાએ લાલ મણકો છે. તેની નીચેનો લોઢાનો સોયો તેને પાઘડીમાં ખોસવા માટે છે. તેની નીચે: બળદનાં શીંગડાંનો બનાવેલો મારીઆ જાતિનો માથાનો મુકુટ: કોડીઓ તથા મિનિવેટનાં પીછાં વડે શણગારેલો. તેની નીચે: કૉન્ડ જાતિના ઘરના બારણા પર લાકડામાં કોતરેલાં, નૃત્ય કરતાં સ્ત્રી પુરુષ. ડાબી બાજુ છેક મથાળે: સોઆરા જાતિના ઘરના બારણાની શાખ.

ૐ


ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ તરફથી પ્રકાશિત શ્રી વેરીઅર એલ્વિનકૃત પુસ્તક 'ટ્રાઈબલ આર્ટ ઑવ મિડલ ઇન્ડિયા'-માંથી પ્રકાશક સંસ્થાના સૌજન્યથી આ ચિત્રો લીધાં છે.







લગ્ન જેવા શુભ પ્રસંગે સળગાવવા માટેની લોઢાની દીવી જેમાં હરણ, સાપ, નૃત્યાકાર વગેરેની આકૃતિઓ છે. →


My dear Elwyn,
I am so glad you have come. I would like you yourself to tell your countrymen that I love them even as I love my own countrymen. I have never done anything towards them in hatred or malice and God willing I shall never do anything in that manner in future. I am acting no differently towards them now from what I have done under similar circumstances towards my own kith and kin.
With love
Yours
M. K. Gandhi

અમે જાગી ગયા અને જે દશ્ય મેં જોયું તે હું જિંદગીભર નહિ ભૂલું. પૂરેપૂરા ગણવેશમાં સજ્જ એક પોલીસ અફસર બાપુના ચરણ પાસે બેઠો હતો. બાપુ તાજા જ ઊઠ્યા હતા એટલે કંઈ સ્પષ્ટ સમજી શક્યા નહોતા. 'મિ. ગાંધી! તમારી ધરપકડ કરવાની મને ફરજ પડી છે!' સ્વાગતનું એક અત્યંત મોહક સ્મિત બાપુના ચહેરા પર વિલસી રહ્યું. એમણે ઇશારા વડે સમજાવ્યું કે પોતે મૌન પાળતા હતા. પોલીસ કમિશનરે હસીને અત્યંત વિનયપૂર્વક કહ્યું: 'અરધાએક કલાકમાં આપ તૈયાર થઈ શકશો એવી આશા રાખું છું.' વહેલી સવારના ત્રણેક વાગ્યા હતા. બાપુએ ઘડિયાળમાં જોયું. કમિશનર એ જોઈ કહે: 'ઓ! આ તો પેલું પ્રખ્યાત ઘડિયાળ!' અને બન્ને જણ મોકળે મને હસ્યા. બાપુએ પેન્સિલ લીધી અને લખ્યું: 'અરધા કલાકમાં તૈયાર થઇ હું તમારી જોડે આવી શકીશ.' કમિશનરે બાપુના ખભે એટલા તો પ્રેમપૂર્વક હાથ મૂક્યા કે મેં ધાર્યું એ બાપુને ભેટે છે. પણ મોડેથી મને ખયાલ આવ્યો કે એ તો બાપુની ધરપકડનો માત્ર પ્રતીક અભિનય હતો. પછી બાપુ અમારી વચ્ચે પ્રાર્થના માટે બેઠા. અમે 'વૈષ્ણવજન'નું પદ ગાયું. ત્યાર પછી પેન્સિલ લઈ કાગળ પર કેટલાક સંદેશાઓ લખ્યા. એક નાની ચિઠ્ઠી લખી મને આપી: 'મારા પ્રિય એલ્વિન, તમે આવ્યા તેથી હું બહુ રાજી થયો છું તમારા દેશબાંધવોને મારા વતી તમે કહો કે મારા દેશવાસીઓને જેટલી હદે હું ચાહું છું તેટલી જ હદે તેઓને પણ ચાહું છું. તેઓ પ્રતિ ધિક્કારની અથવા દુષ્ટતાની લાગણીથી પ્રેરાઇને મેં કશું જ કર્યું નથી. અને, ઈશ્વર સહાય કરે, હું ભવિષ્યમાં પણ તેવું કદી કરું નહિ. સમાન સંજોગોમાં મારા જ દેશબાંધવો પ્રત્યે વર્તું છું તેથી અન્યથા એમના પ્રતિ મારું વર્તન નથી. સપ્રેમ તમારો જ મો. ક. ગાંધી.'

[પોતાના ભારત-આગમનનાં શરૂનાં પાંચ વર્ષોની જે રોમાંચક ને રસિક નોંધ એલ્વિને લખી છે, તેમાંનું એક અવતરણ—જેને છેડે ઉતારેલો મહાત્માજીનો મૂળ પત્ર બાજુમાં દર્શાવ્યો છે.]

હેતુઓની પ્રતિનિધિ કલાકૃતિઓ હોય છે. કલ્પનાતરંગે ચડતી તેઓની કલા વિષે આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે એનાં મૂળિયાં તળભૂમિમાં એવાં તો દઢ હોય છે કે નૈસર્ગિક પદાર્થોના આલેખનમાં એક પ્રકારનું શૈલીકરણ આપણને જોવા મળે છે. અલબત્ત, એમાં ઢગધડા વિનાની નિરુદ્દેશ (ઍબ્સ્ટ્રૅક્ટ) ભાત નથી હોતી એવું ય નથી.

સાધારણ માણસ જેણે કદી આદિવાસીને દીઠો ય નથી હોતો, એના મનમાં તો ભાગ્યે જ એ વાત વસે કે આદિવાસીઓ વિષે કોઇને કંઈ કહેવાનું હોઈ શકે. સામાન્ય હિંદુને તો ગાયનું માંસ ખાનાર અને દારૂ પીનાર એ આદિવાસી નિકૃષ્ટમાં નિકૃષ્ટ પ્રકારનો માનવી જ લાગે ને? આ ભ્રમને ટાળવા અને એ ભાવનાને યોગ્ય દિશામાં વાળવા, આદિવાસી જેવો છે તેવો રજૂ કરવાના ભગીરથ પ્રયત્નો એલ્વિને આદર્યા. અલબત્ત, આદિવાસીઓનું કોઈ આદર્શ ચિત્ર તેઓ રજૂ કરતા નથી. તેમનામાં ખૂન, હલ્લા, ગંદવાડ, દુષ્ટતા વગેરે જ્યાંજ્યાં જણાયાં જોયાં છે તેનું વર્ણન એલ્વિન કરે જ છે. વળી તે નિશ્ચયપૂર્વક માને છે કે જો બીજા લોકો જોડે આ આદિવાસીઓ ભળશે તો ઝડપથી એમનાં ખમીર અને કૌવત ખોઈ બેસશે. આથી તેમનાં જૂથોને અલગ રાખવા તે ઇચ્છે છે. બહુજનસંખ્યા માટે તે કેળવણીપ્રચાર યોગ્ય ગણે છે અને તેમના વિકાસ માટેની પ્રવૃત્તિઓ પણ માન્ય રાખે છે, જેથી કરીને એવા ભારતમાં તેઓ પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે જેમાં આદિવાસીઓ, અસ્પૃશ્યો, હિંદુઓ, ખ્રિસ્તીઓ, પારસીઓ, મુસલમાનો વગેરે ભેદ ટળીને સૌની ગણના માનવબંધુઓ તરીકે જ થાય.

હાલ એલ્વિન ઉત્તર-પૂર્વ સીમાડાના નેફા વિભાગમાં આદિવાસી વહીવટી-શાસનના સરકારી સલાહકાર છે. તે વિભાગના પ્રવાસોના પરિણામે 'આર્ટ ઑવ ધ નૉર્થ ફ્રન્ટીઅર ઑવ ઇન્ડિયા', 'નેફાની લોકકથાઓ' અને એક મહત્ત્વનું પુસ્તક 'એ ફિલૉસૉફી ઑવ નેફા' લખ્યાં છે, જેમાં ત્યાંના આદિવાસીઓ જોડે વહીવટી અધિકારીઓએ કઈ પેરે કામ લેવું તેની સુંદર છણાવટ કરી છે. 'આર્ટ'વાળું પુસ્તક તો 'ટ્રાઈબલ આર્ટ ઑવ મિડલ ઇન્ડિયા'ની કક્ષાનું જ કલાત્મક પુસ્તક છે. પંડિત નેહરુના તે માનીતા મિત્ર છે અને ઉત્તર-પૂર્વ સરહદ કે આદિવાસીઓના પ્રશ્નોના નિરાકરણમાં એમની સલાહને નેહરુ શ્રેષ્ઠ ગણે છે.

એલ્વિનની આવી સુદીર્ઘ કારકિર્દીની અને અદ્યાપિ અવિરતપણે ચાલુ રહેલી સંશોધન પ્રવૃત્તિઓની ભારત સદા સર્વદા સગર્વ નોંધ લેશે. આદિવાસીઓ પ્રત્યેનો અમર્યાદ પ્રેમ, અને જીવનભરની તિતિક્ષાને અંતે પણ લવલેશ નહિ ઘટતાં એમના એ મનપસંદ વિષયના અનુરાગ અને સેવા-નિષ્ઠા એમનાં કાર્યોમાં એમને અદ્ભુત સફળતા અપાવવામાં મહદંશે ફલીભૂત થયાં છે. આદિવાસીઓ પ્રત્યે માત્ર ઉપલકિયા સહાનુભૂતિ દાખવનારાઓ અને એમનું ભલું કરવાને ધખારો લઈ કામ કરનારાઓને એલ્વિનનું જીવન એક સચોટ દષ્ટાંત રૂપ છે.

આ (સપ્ટેમ્બર) માસ ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

આચાર્ય જાવડેકર



અનાસક્તિથી ખાનગી જીવન ને અનહંકાર વૃત્તિએ સાર્વજનિક જીવન વ્યતીત કરનારી વ્યક્તિઓ વિરલ હોય છે. આચાર્ય શંકર દત્તાત્રેય જાવડેકર એવી વ્યક્તિ હતા. સ્વરાજના એ ચુસ્ત સિપાહીનો જન્મ કોલ્હાપુરના એક ગામડામાં ઈ. ૧૮૯૪ના સપ્ટેમ્બરમાં થએલો. દેશી તિથિ પ્રમાણે ભાદરવા વદ ૧૨ ગાંધી જયંતી-રેંટિયા બારસનો જ એ [દિ]વસ.


એમની બે વર્ષની ઉંમરે જ માતા તો અવસાન પામેલાં, પણ પિતાએ પછીથી ફરી લગ્ન નહિ કરેલું. 'રાવસાહેબ'ના નામે પરિચિત એ પિતા મહર્ષિ ગોખલે, લોકમાન્ય ટિળક અને અણ્ણા સાહેબ વિજાપુરકર સાથે ગાઢો સંબંધ ધરાવતા હતા, અને એ માટે તો એમને સરકારી નોકરી પણ છોડવી પડેલી. આવા પિતા પાસેથી શંકરને ત્રણ વસ્તુનો વારસો મળ્યો: રાજનૈતિક પ્રતિભા, ઉદાર સ્વભાવ અને અડગ ધ્યેયનિષ્ઠા. ઈ. ૧૯૧૭માં બી. એ. થયાની વળતી જ સાંજે શ્રી સુશીલાબાઈ સાથે એમનાં લગ્ન થયાં. તે પછી ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજકારણ લઈ એમ. એ. થવા માટે એમણે પરીક્ષાની ફી પણ ભરી દીધેલી, ત્યાં અસહકારની લડત જાહેર થઈ અને એમણે પણ પરીક્ષા નહિ આપવાનો નિશ્ચય કર્યો. આ દરમ્યાન તેમને શંકરરાવ દેવનો પરિચય થયો; પણ એમના સૂચનથી લોકસંગ્રહના કાર્યમાં જોડાવાને બદલે જાવડેકરે ઈસ્લામપુર જઈ શ્રી કૌજલગી સાથે તાલુકા કૉંગ્રેસ સમિતિનું કાર્ય આરંભ્યું.

બચપણથી જ ગંભીર અને ગહન વિષયોના વાચન પ્રત્યે એમને રસ હતો. ટિળક, આગરકર, ગાંધીજી અને ટાગોરની એમના પર ઊંડી છાપ હતી. ગાંધીજીને વધુ સમજવા એમણે ટૉલ્સ્ટૉયનું વાચન કર્યું; પછી રશિયન ક્રાંતિના પ્રથમ દશવાર્ષિક ઉત્સવથી પ્રેરાઈ માર્ક્સવાદનો પણ અભ્યાસ એમણે કર્યો ને તેના ભૌતિકવાદ તથા વિરોધવિકાસવાદનો ગાંધીવાદ જોડે સમન્વય કરીને 'સત્યાગ્રહી વિરોધવિકાસવાદ' નામે નવું સમીકરણ રજૂ કર્યું.

ઈ. ૧૯૨૩ થી '૨૬ એમણે અસ્પૃશ્ય વિદ્યાર્થીઓ માટે 'મહાત્મા બૉર્ડિંગ હાઉસ' ચલાવેલું. એમના વિખ્યાત 'રાજનીતિશાસ્ત્ર પરિચય' ગ્રંથની રચના પણ આ દરમ્યાન જ થઈ. એની પ્રસિદ્ધિથી ટિળક મહાવિદ્યાલયનું નિમંત્રણ મળતાં '૨૯માં તેઓ અધ્યાપક તરીકે ત્યાં ગયા, અને ઈ. ૧૯૩૫થી '૩૭ દરમ્યાન એમણે 'લોકશક્તિ' પત્રનું સંપાદન કર્યું. એમનું એ સંપાદન મહારાષ્ટ્રીય વર્તમાનપત્રોના ઇતિહાસમાં ટિળક ને આગરકર પછીનું જ ગણાય છે.

પ્રસંગવિશેષ: તાજમહાલનું કાર્ય પૂર્ણ થયું: ૧૦મી સપ્ટેમ્બર ઈ. ૧૬૪૫

જહાંગીર પછી એનો પુત્ર શાહજાદો ખુર્રમ શાહજહાં નામ ધારણ કરી ગાદીએ આવ્યો ત્યારે મુઘલ સલ્તનતની ભવ્યતા તેના સર્વોચ્ચ શિખરે પહોંચી હતી. જગવિખ્યાત મયૂરાસન, આગ્રાની મોતી મસ્જિદ, દિલ્હીની ભવ્ય જુમ્મા મસ્જિદ, દિલ્હીના મહેલમાં દીવાને આમ ને દીવાને ખાસ વગેરે વિશાળ છતાં સુડોળ ને મનોહર તથા ઉત્કૃષ્ટ સાદાઈના સુંદરતમ નમૂનાઓ આ કાળમાં જ બન્યા. પણ આ બધામાં શિરમોર સમો તો છે વિશ્વવિખ્યાત 'તાજમહાલ'. પોતે ગાદીએ આવ્યા પછી થોડા જ



સમયમાં અવસાન પામેલી પોતાની પ્રિયતમ બેગમ અર્જુમન્દ બાનુ યા મુમતાઝ મહલનો આ મકબરો સંગેમરમરમાં સાકાર કરેલા કોઇ ભવ્ય સ્વપ્ન સમો છે. જમના નદીને કિનારે બાગથી વીંટળાએલા આરસના ઊંચા ઓટલા પર રચાએલી આ ઇમારતમાં એક કાળનું જે કલાકૌશલ ઊતર્યું છે એણે તો સૈંકડો વર્ષ પછીની આજની દુનિયાના સાધનસંપન્ન કારીગરો ને ઇજનેરોને પણ બેજબાં કરી દીધા છે. મુમતાઝના અવસાન પછી તુરત શરૂ થએલું તેનું કાર્ય વર્ષો પછી છેક ઈ. ૧૬૪૫માં ૧૦મી સપ્ટેમ્બરે પૂરું થયું, તે દરમિયાનમાં કરોડો રૂપિયાનો તેની પાછળ ખર્ચ થએલો. બીજી બાજુ પ્રજાની ગરીબી પણ એવી જ હતી. મુઘલ સલ્તનતની પડતી પણ આ કાળથી જ શરૂ થઇ, જેણે ત્રીજી ચોથી પેઢીએ તો જૂની જાહોજલાલીને ક્યાંયે ગુમનામ કરી દીધી.

દિનવિશેષ

તા. ૫ ભારતના પ્રથમ પંક્તિના વિદ્વાન ને તત્ત્વજ્ઞ ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનનો જન્મ, ૧૮૮૮.

તા. ૧૪ રાષ્ટ્રભાષા તરીકે હિન્દી અપનાવવાને બંધારણ સભાએ નિર્ણય લીધો, ૧૯૪૯.

તા. ૧૮ છેલ્લા મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરને અંગ્રેજ સેનાપતિ હડસને કેદ કર્યા, ૧૮૫૭.

તા. ૨૦ ગ્રેટ બ્રિટનમાંથી સોનાનું ચલણ બંધ કરવામાં આવ્યું, મોટો આર્થિક ફેરફાર, ૧૯૩૧.

તા. ૨૨ ધોતિયું ને પહેરણ પણ છોડી દઇ ગાંધીજીએ માત્ર કચ્છ પહેરવાનો નિર્ણય લીધો, ૧૯૨૧.

તા. ૨૩ જગતભરનો પહેલો વિમાનવ્યવહાર અમેરિકામાં શરૂ કરવામાં આવ્યો, ૧૯૧૧.

તા. ૨૫ વાસ્કો નુમેઝ બાલ્બોઆએ સૌથી મોટો મહાસાગર પાસિફિકની શોધ કરી, ૧૫૧૩.



કિશનકાકા ડિટેક્ટિવ વાર્તા વાંચે છે

(અંકલ ચાર્લીની હાસ્યપટ્ટીને આધારે)

અલિ પતંગ મૃગ મીન ગજ, એક એક રસ આંચ,
તુલસી તિનકી કૌન ગત જામે વ્યાપત પાંચ.

ઉત્સાહ વિનાની આવડત ધરાવનારા માણસો નકામા છે; આવડત વિનાનો ઉત્સાહ ધરાવનારા જોખમી છે.

સ્પાર્ટન સૈનિકોએ થર્માપિલીના યુદ્ધમાં ઈરાનીઓના બેકાબૂ આક્રમણ સામે નિઃશેષ ખપી જઈને દાખવેલી વીરતા તો ઇતિહાસ-પ્રસિદ્ધ છે. એ યુદ્ધ વેળા એક યુદ્ધતત્પર સ્પાર્ટન યોદ્ધાએ પોતાના સાથીદારને કહ્યું: 'આ ઈરાની સૈન્ય એટલું તો જંગી કહેવાય છે કે તેમનાં છોડેલાં સામટાં બાણથી આકાશ છવાઈ જાય છે ત્યારે સૂર્ય પણ ઢંકાઈ જાય છે.' એ સાંભળી તેના સાથીએ કહ્યું, 'તો તો એની છાયામાં જંગ ખેલવાની મઝા આવશે!'

ખેપ : ભારલઈને કોઈ દૂરની જગાએ જઈ આવવું તે; આંટો; ફેરો; લાંબી મુસાફરી, સફર; ફેરાનું મહેનતાણું; ધોબીને ધોવા આપેલાં લૂગડાંની ગાંસડી; વેપારની વસ્તુનું એક દેશથી બીજે દેશ આવવું તે; વહાણમાં ભરેલો માલ; જિંદગીનો વખત-જન્મારો; પછવાડે લાગવું, ખંત, ચાનક; હપતો; વારો; આક્ષેપ. દોષ અથવા એબ; ધૂળફેરજ; બીજગણિતની પદ; સિક્કામાં ભેળવવામાં આવતી હલકી ધાતુ; હૂંડી ન સ્વીકારવાથી ફોગટ ગએલો ખર્ચ; ખેપ હારવી=ખોટ ખમવી.


ગણિત ગમ્મત

૧૫૩૮૪૬ × ૧૩ = ૧૯૯૯૯૯૮
૨૩૦૭૬૯ × ૧૩ = ૨૯૯૯૯૯૭
૩૦૭૬૯૨ × ૧૩ = ૩૯૯૯૯૯૬
૩૮૪૬૧૫ × ૧૩ = ૪૯૯૯૯૯૫
૪૬૧૫૩૮ × ૧૩ = ૫૯૯૯૯૯૪
૫૩૮૪૬૧ × ૧૩ = ૬૯૯૯૯૯૩
૬૧૫૩૮૪ × ૧૩ = ૭૯૯૯૯૯૨
૬૯૨૩૦૭ × ૧૩ = ૮૯૯૯૯૯૧

કહેવતોના અર્થ: 'કુબુદ્ધિની મત થોડી, તે ઘર વેચીને લીધી ઘોડી!'—મૂર્ખ ઉડાઉગીરી અક્કલહીન શૉખીનપણું કે દેખાદેખીથી બેવકૂફી આચરનારાઓ માટે વપરાતી આને મળતી 'ઋણંકૃત્વા ઘૃતં પિબેત્' જેવી કહેવતો તો ઘણી છે: 'ઝાંઝર વેચીને શેઠાણી કહેવડાવવું' વગેરે.

પ્રાણીઓ વિષે અવનવું


સૃષ્ટિનાં મજબૂતમાં મજબૂત અને મોટામાં મોટાં બધાં પ્રાણીઓ ફલાહારી છે, માંસાહારી નથી: હાથી, ગોરિલા, જિરાફ, હિપોપોટેમસ, ગેંડો વગેરે. કાંગારુ એક જ છલંગે સિત્તેર ફૂટની ફાળ ભરી શકે છે! સુદ્દલ તરી ન શકે એવું પ્રાણી માત્ર ઊંટ જ છે.



ભારતીય નૌકાદળના પ્રથમ વિમાનવાહક જહાજ વિક્રાંતની સંજ્ઞા: એમાં તીરકમાનના આલેખનમાં તીરનાં ફળાંની જગ્યાએ 'ઉલટા' યુદ્ધવિમાનોને લડવા ઊપડતાં દર્શાવ્યાં છે. સંજ્ઞામાં આપેલો નીતિમંત્ર ઋગવેદમાંથી લીધો છે, જેનો અર્થ છે 'યુદ્ધની ધૃષ્ટતા કરનારાઓ પર આપણે (અમે?) વિજય મેળવીશું.'



અજબ કુદરત: આ બગલાની ડોક એટલી લાંબી છે કે તેને ડોક ખજવાળવા માટે છેક પગ સુધી વળ આપવો પડે છે.



Triplicane
9th February ...

From
S Ramanujan
7. Summer House
Triplicane

To
The Chief Accountant
Port Trust
Madras

Sir,
I understand there is a clerkship vacant in your office and I beg to apply for the same. I have passed the Matriculation Examination and studied up to the F.A. but was prevented from pursuing my studies further owing to several untoward circumstances. I have, however, been devoting all my time to Mathematics and developing the subject. I can say I am quite confident I can do justice to my work if I am appointed to the post. I therefore beg to request that you will be good enough to confer the appointment on me.

I beg to remain,
Sir,
your most obedient Servant
S Ramanujan

પચ્ચીસ રૂપિયાની કારકુનીથી જીવનની શરૂઆત કરીને બત્રીસ વર્ષના ટૂંકા આયુમાં તો અસાધારણ ગણિતી પ્રતિભા દાખવી લંડનની રૉયલ સોસાયટીના તથા કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના ફેલો થવાનું વિરલ માન કમાનાર, ભારતના જગત્પ્રખ્યાત ગણિતજ્ઞ એસ. રામાનુજનની ૪૧મી સંવત્સરી પર રાષ્ટ્રીય દસ્તાવેજ નિધિ (નૅશનલ આર્કાઇવ્ઝ ઑવ ઇન્ડિયા)એ તાજેતરમાં એ ગણિતજ્ઞને લગતું પ્રદર્શન યોજ્યું હતું. તેમાં શ્રી રામાનુજને મદ્રાસ પોર્ટ ટ્રસ્ટના ચીફ ઍકાઉન્ટન્ટને કારકુનની જગ્યા માટે પોતાના હસ્તાક્ષરમાં કરેલી મૂળ અરજી પ્રદર્શિત કરવામાં આવેલી તેની છાપ અહીં આપી છે.